RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 4 • ISSUE : 3 • JUNE, 2016 • PAGES 44 • PRICE 20/-
ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૪ (કુલ વર્ષ ૬૪) અંક-૩ • જૂન, ૨૦૧૬ • પાના ૪૪ • કિંમત રૂા. ૨૦/-



# જિન-વચન

**કર્મના વિપાકનું દુષ્પરિણામ**

थावरं जंगमं चेव धणं धन्नं उवक्खरं ।
पच्चमाणस्स कम्मेहिं नालं दुक्खाउ मोअणे ।।
(ઉ. ૬-૬)

કર્મના વિપાકના પરિણામે માણસ જ્યારે દુ:ખી થાય છે ત્યારે સ્થાવર અને જંગમ મિલકત, ધન, ધાન્ય, ચીજવસ્તુઓ એને દુ:ખમાંથી છોડાવવા માટે શક્તિમાન બનતાં નથી.

When a man is suffering as a result of his past Karmas, neither his movable and immovable property, nor his money, nor the food-grain and other materials have any capacity to free him from the misery.

ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन' માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુન: પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૬ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૪મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૪.
- કુલ ૬૪મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ
ડૉ. ધનવંત તિલકરાય શાહ

## આચમન — જીવ ન ચાલ્યો

શશિભૂષણ બંદ્યોપાધ્યાય સરકારી વકીલ હતા. વૈશાખ માસના એક દિવસે બપોરે બે વાગ્યે તે એમના વેવાઈને ગામ જવા નીકળ્યા. જે કામ સારુ એ નીકળ્યા હતા તેમાં એમની પોતાની હાજરીની જરા પણ જરૂર ન હતી. એકાદ ચાકરને ચિઠ્ઠી આપીને મોકલ્યો હોત તો ચાલત. એટલે વેવાઈને ઘેર પહોંચ્યા ત્યાં કોઈએ એમને પૂછ્યું, 'આટલા અમથા કામ માટે આવી વરસતી લૂમાં આપે જાતે શા સારુ ધક્કો ખાધો?'

જવાબમાં શશિભૂષણબાબુ બોલ્યા, 'પહેલાં તો વિચાર આવ્યો કે એકાદ નોકરને મોકલું; પણ પછી જોયું કે તડકો બહુ આકરો છે, એટલે કોઈ નોકરને મોકલતાં મારો જીવ ન ચાલ્યો.'

–જગદીશ ચાવડા

સૌજન્ય : અરધી સદીની વાચનયાત્રા, ભાગ ૧, સંપાદક મહેન્દ્ર મેઘાણી, લોકમિલાપ ટ્રસ્ટ

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | જાતમંથન (તંત્રીસ્થાનેથી) | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | અંતરની અમીરાત : ડૉ. ધનવંત શાહ | સંકલન : દીપ્તિ સોનાવાલા | ૬ |
| ૩. | કાયોત્સર્ગ : ધ્યાન કે સાધના? | મુનિશ્રી અજિતચંદ્ર સાગરજી | ૭ |
| ૪. | અષ્ટપ્રકારી પૂજાની કથા: ૨. ચંદનપૂજા | આચાર્ય વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૯ |
| ૫. | આપણે તિથિ શા માટે પાળવી જોઈએ? | સુબોધીબેન મસાલીઆ | ૧૧ |
| ૬. | ચાતુર્માસનું આપણા જીવનમાં મહત્ત્વ | ડૉ. અભય દોશી | ૧૩ |
| ૭. | ઉપનિષદમાં શરીર વિચાર | ડૉ. નરેશ વેદ | ૧૬ |
| ૮. | એક અવિસ્મરણીય પ્રસંગ | અહેવાલ | ૧૯ |
| ૯. | વાક્ તીર્થ: આચાર્ય પ્રદ્યુમ્નસૂરિજી | રમેશ બાપાલાલ શાહ સં.'પાઠશાળા' | ૨૩ |
| ૧૦. | આપણે ગાંધીજીને લાયક છીએ? | નાની પાલખીવાલા | ૨૬ |
| ૧૧. | આકાશે ઉડ્ડયન કરનારી પાંખ ક્યાં? | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૮ |
| ૧૨. | શોક સંદેશાઓ અને શ્રદ્ધાંજલિઓ | — | ૩૦-૩૧ |
| ૧૩. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા વિનય-યશ પરિસંવાદ | અહેવાલ | ૩૨ |
| ૧૪. | સર્જન-સ્વાગત | ડૉ. કલાબહેન શાહ | ૩૩ |
| ૧૫. | પ્રતિભાવ | — | ૩૪ |
| 16. | Seeker's Diary : The Mirror Within | Reshma Jain | 35 |
| 17. | Chakravarti Bharat | Aacharya Vatsalyadeepji Translation Pushpa Parikh | 36 |
| 18 | Dave or Dev in wonderland of U.S.A. | Prachi Shah | 37 |
| 19. | Enlighten yourself by self study of Jinology Lesson 12 : Jain Ethics | Dr. Kamini Gogri | 40 |
| 14. | Story of 12th Chakravarti Brahmadatta | Dr. Renuka Porwal | 42 |
| 15. | Story of 12th Chakravarti Brahmadatta Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 43 |
| ૧૬. | પંથે પંથે પાથેય: 'પરમ'ની શોધ | અનિલા દલાલ | ૪૪ |


## અંકનું મુખપૃષ્ઠ




૧૦મી સદીની સરસ્વતી માતાની આ મૂર્તિ રેતિયા પથ્થરની બનેલી છે. એક સમયે હિંદુ મંદિરમાં આ મૂર્તિ અર્ધ-ગોળાકાર આકારમાં ઊભી પ્રતિમાના રૂપે સ્થાપિત કરવામાં આવી હતી. જ્ઞાનની આ દેવીએ બે હાથથી વીણા ધારણ કરી છે જ્યારે અન્ય બે હાથમાં હસ્તપ્રત અને કમળ છે. અત્યારે આ પ્રતિમા બેલ્ટીમોર, અમેરિકાના વોલ્ટર્સ આર્ટ મ્યુઝિયમમાં છે જેને ૧૯૬૯માં ખરીદવામાં આવી હતી. કદાચ આ પ્રતિમા ભારતના બનારસ પ્રાંતમાં બનાવવામાં આવી હોય એવી શક્યતા છે. મૂર્તિ સાથે આ પ્રકારનું વિવરણ મૂકવામાં આવ્યું છે.

Sarasvati, goddess of speech, learning, and the arts, is revered by Hindus, Jains, and Buddhists alike. Associated especially with music by knowledge, she plays the vina (a stringed instrument) and holds palm-leaf manuscript. Here, she also holds a lotus. The presence of the elephant-headed god Ganesha in this state suggests that the sculpture once belonged to a Hindu temple.

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453 ISSN 2454–7697

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૪ (કુલ વર્ષ ૬૪) ● અંક : ૩ ● જૂન ૨૦૧૬ ● વિક્રમ સંવત ૨૦૭૨ ● વીર સંવત ૨૫૪૨ ● જેઠ સુદ તિથિ ૧૧ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂ. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ

## જાતમંથન

સૃષ્ટિનું સર્વોત્તમ સર્જન છે મનુષ્યનું જીવન. જીવન મનુષ્યની ઇચ્છાને આધીન નથી, સંજોગો અને નિમિત્ત સતત જીવનને અનિર્ધારિત રહસ્ય અને આઘાતનો પરિચય કરાવે છે. જે મનુષ્યને અંતર્મુખી બનાવે છે તે ક્ષણ મોટે ભાગે સંઘર્ષમાંથી જન્મી હોવાની શક્યતા રહેલી છે. કદાચ આ સંઘર્ષને કારણે મનુષ્ય ચિંતન તરફ વળ્યો.

વિકાસ અને પ્રગતિની ગાથા સાથે સદ્-અસદ્ વિચારો અને તે અંગેના ખુલાસાઓ શોધવાના પ્રયત્ન પણ થયા છે. તત્ત્વજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાન બંનેનું લક્ષ્ય સત્ય શોધનનું અને વાસ્તવ દર્શનનું રહેલું છે. પરંતુ બંને કાર્યપદ્ધતિમાં જે ફરક છે તે અતિમહત્ત્વનો છે. ભૌતિક વિજ્ઞાની પદાર્થનું વિશ્લેષણ કરી પ્રયોગલક્ષી બુદ્ધિગમ્ય અનુમાનો ઉપર આધાર રાખી નિર્ણય પર આવે જ્યારે તત્ત્વજ્ઞાની વસ્તુદર્શનની વિવિધતાનું રહસ્ય જાણવાનો પ્રયત્ન કરી સ્વાનુભૂતિ ઉપર આધાર રાખી નિર્ણય કરે છે. આપણે એ પણ જાણીએ છીએ કે ભૌતિક વિજ્ઞાનનો જે જવાબ છે તે પદાર્થ આધારિત હોય છે જ્યારે તત્ત્વજ્ઞાનનો જવાબ સ્વાનુભવલક્ષી હોય છે અને પરિણામે તેને દર્શન તરીકે ઓળખાવાય છે. આ દર્શન દરેક યુગમાં વિકાસ પામતું ગયું, વિસ્તાર પામતું ગયું. જેમજેમ અનુભવોની વિવિધતા વિકાસ પામે તેમતેમ તેના માર્ગો અને આધારો અને તારણો બદલાતા ગયા, પરંતુ કેન્દ્ર મનુષ્ય જ રહ્યું. માનવીને મૂળ રસ પોતાના પ્રશ્નના ઉકેલમાં હોય છે એ ભલે ક્ષણિક હોય, લાંબા ગાળાનો હોય, દેખીતી રીતે બહુ મૂલ્ય ન ધરાવતો હોય તો પણ એ પ્રશ્ન એને કનડે છે અને એને એનાથી મુક્ત થવું હોય છે. એ માટે જાત સાથેનો સંવાદ શ્રેષ્ઠ ભૂમિકા કહી શકાય. પણ જાત સાથેનો સંવાદ બહુ અઘરો એ રીતે છે કે મન જે દિશામાં દોરે છે તે ગમતી દિશા હોઈ શકે પણ સાચી ન પણ હોય શકે, જે સાચી હોય તે સ્વીકારવી ન પણ હોય, આ શક્યતાઓની અપાર જંજાળો વચ્ચે છીએ આપણે.

**આ અંકના સૌજન્યદાતા**

**સ્વ. કુસુમબેન ગુલાબચંદ શાહના સ્મરણાર્થે**

**હસ્તે :**

**નિર્મલ ગુલાબચંદ શાહ**

**આરતીબેન નિર્મલ શાહ**

`A dialogue with oneself'માં જે. કૃષ્ણમૂર્તિ જાત સાથેના સંવાદની ભૂમિકા સમજાવે છે. મારી પાસે ખૂબ સમય છે. હું દિવસ દરમ્યાન બધા જ સાથે વાત કરું છું. પરંતુ મુશ્કેલી એ છે કે હું જાત સાથે વાત કરવાનું ભૂલી જાઉં છું. વાત ઘણીવાર અન્યને સંબોધીને કહેવાઈ હોય પરંતુ એ જાત સાથેના વિશ્લેષણની એક રીત પણ બની શકે અને એ સમજવા માટે 'મંથન' કરવું પડે. આત્મા સ્ફટિક રૂપે છે અને જે કર્મના સંસર્ગમાં આવે તે કર્મના રૂપરંગ ધારણ કરે છે. સતત બદલાવું એ આત્માની પ્રકૃતિ છે અને સાથે એની પણ ગહનતા ઊંડી છે. મોટેભાગે આપણા માટે સંઘર્ષ એ બિનજરૂરી છે જ્યારે ચિંતક હેરક્લિટ્સના મતે સૃષ્ટિમાં જે વિરોધીભાસી તત્ત્વો જણાય છે તેમનું સ્વતંત્ર અસ્તિત્વ નથી પરંતુ વિરોધી વસ્તુ ઈશ્વરમાંથી ઉદ્ભવી શકે અને એના

ઘર્ષણમાંથી પ્રગતિ સંભવી શકે. ઘણીવાર આ ઘર્ષણ અનિવાર્ય અને જરૂરી હોય છે. આ અંગેના એમના સૂત્રો છે : `good and ill are one', `the one is made up of all things and all things issue from the one'. ' સારું અને નરસું તે બંને એક જ પદાર્થ છે' અને 'એકમાં બધી વસ્તુઓ સમાવિષ્ટ છે અને એકમાંથી જ બધી વસ્તુઓ ઉદ્ભવે છે. જે વાત હેરક્લિટ્સના પૂર્વે પણ કહેવાઈ છે કે `All things are made of some common stuff'. નરસિંહ મહેતાના પદને આ સંદર્ભે યાદ કરી શકાય. 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ જૂજવે રૂપે અનંત ભાસે...'

ધર્મનું મૂળ સમ્યક્દર્શન છે. તે પ્રાપ્ત કરવા માટે જુદા જુદા પ્રયોજનભૂત વિષયોનું જ્ઞાન અત્યંત આવશ્યક છે. જૈન દર્શન–જિનવાણીનો વિસ્તાર અને ઊંડાણ અગાધ અને અમાપ છે. તેટલી જ તેની અંદર સૂક્ષ્મતા છે. ભય અને અસલામતી એ બહુ જ સહજ ભાવ છે. મનુષ્યમાત્રમાં તે હોય જ. એનો સ્વીકાર કરી એમાંથી છૂટવા માટે શું કરવું તે વિચારીએ કારણ જ્યાં સુધી સ્વીકારની ભૂમિકા સ્પષ્ટ નહીં બને ત્યાં સુધી એમાંથી મુક્તિ શક્ય નથી.

જાતમંથન જેવી કોઈ યાત્રા નથી. જ્યાં સુધી વલોવાની ક્ષણ સુધી પહોંચાતું નથી ત્યાં સુધી જાત પણ ક્યાં સમજાય છે. આપણે મોટે ભાગે એવા દરેક પ્રશ્નોથી ભાગી જવા ઈચ્છીએ છીએ જેનો જવાબ સાચો આપવાથી સામેવાળાની સાથે આપણા સંબંધો બગડવાની શક્યતા હોય પછી ભલે એ કૌટુંબિક હોય કે નિકટના મિત્રોના. આપણે જ્યારે એક સંબંધમાં જોડાઈએ છીએ ત્યારે એની સાથે જોડાયેલી લાગણીઓથી મુક્ત થવું અઘરું છે. ઈર્ષા માલિકીભાવ, ડર વગેરેથી પણ જોડાઈએ છીએ અને એવે વખતે જે. કૃષ્ણમૂર્તિ કહે છે કે જ્યારે તમે જોડાણથી છૂટો છો ત્યારે આ ભાવથી પણ છૂટકારો પામો છો. પણ જોડાણથી છૂટવું મુશ્કેલ છે. એ આપણી આદતનો એક ભાગ છે. આપણે કોઈ વસ્તુના કે વિચારના બંધાણી થવા નથી માગતા પણ દરેક વખતે જોઈ શકાય છે કે આપણી જાત કોઈ વિચાર, પુસ્તક, તર્કથી જોડાયેલી હોય છે. કોઈ એક આધાર કોઈ એક મતથી આપણે ગ્રસિત હોઈએ જ છીએ. કઈ રીતે એનાથી મુક્ત થવું? એ સંપૂર્ણ નિર્દોષ/પવિત્ર કોઈ પણ બાબતથી સ્પર્શ્યા વગરનું કઈ રીતે રહી શકાય. જીવનની મોટા ભાગની ક્ષણોમાં આપણે એક બાબતથી છૂટીને બીજી બાબત તરફ દોરવાતા અથવા એનાથી પકડતા હોઈએ છીએ. જાણે એક આધારની આદત પડી ન ગઈ હોય. આ નહીં તો આ, એ નહીં તો પેલું. એ વ્યક્તિ, પરિસ્થિતિ, સંજોગો સતત આપણા પર પોતાનો પડછાયો રાખતા હોય અને એનાથી દુષિત આપણી વિચારણા મૌલિકતાથી વેગળી રહેતી હોય છે. હવે એક વળગણથી છૂટીને બીજા વળગણ તરફ નહીં વળવા માટે જે. કૃષ્ણમૂર્તિ કહે છે તેમ આપણે આપણી જાતને પૂછીએ `what am I to do to be free of attachment?' મારે આ વળગણોથી મુક્ત થવા શું કરવાની જરૂર છે? હું એ પણ જાણું છું કે નિર્વેદની ભૂમિકાએ પહોંચવું સરળ નથી. પરંતુ એ દિશામાં સતત પ્રયત્ન કરવામાં શું વાંધો છે? એ કરોળિયો ૭ વાર પડ્યા પછી દીવાલ ચડી શકે તો હું મનુષ્ય તરીકે એથી વધુ વાર પ્રયત્ન કરી જ શકું, નહીં? આપણે આપણી જાતને ત્યાર પછી આપણા નિકટના સ્વજનોને, ત્યાર પછી સામાજિક વર્તુળ સાથે જોડાયેલી અનેક વ્યક્તિઓને અને એ ઉપરાંત આર્થિક રીતે ફાયદાકારક અનેક જનો સાથે જોડાયેલા હોઈએ છીએ. આવા સમૂહથી ઘેરાયેલા અને પ્રભાવિત આપણા માટે, આ સહુથી મુક્ત થવું સરળ નથી જ. આ જોડાણ, આપણી ઓળખ, નબળાઈ, સત્તાનું પ્રતીક છે. આ આખી પ્રક્રિયા ખૂબ જ સંકુલ છે. આપણે આપણી જાતને આ બધાથી વેગળી કરી નિવૃત્ત કરવાની છે. કદાચ પોતે જ પોતાને સહુથી છૂટા પડી વેગળા પડતાં હોય તેવું લાગે, એવું લાગે કે તમે ઓળખ ગુમાવી રહ્યા છો. એવું લાગે કે તમે આ સમગ્ર પૃથ્વી પર એકલા છો. પરંતુ જ્યારે આ સર્વથા નીકળી જશે અને ત્યાર પછી જ્યારે પોતા તરફ વળશો, પોતાને જોશો ત્યારે એક અદ્ભુત આનંદની અનુભૂતિ થશે. જો જો આ આખી પ્રક્રિયામાં જો એવું વિચાર લીધું કે આ આનંદ માટે આ કરી રહી છું તો બધું જ નકામું જશે. કારણ જાત સાથેનું મંથન કંઈ ફાયદા માટે ન હોઈ શકે,એ તો એક નિરંતર અને સ્વસ્થ પ્રક્રિયા હોવી જોઈએ. જ્યાં સુધી આ મંથનની અવસ્થા નથી આવતી ત્યાં સુધી મારું સુખ અને દુઃખ અન્ય પર નિર્ભર હોય છે. તત્ત્વજ્ઞાનની ભૂમિકામાં આપણે એ સ્પષ્ટ રૂપે સ્વીકારવું જોઈએ કે જે માર્ગે આપણે આત્માને સમજવાના માર્ગે જઈ શકતા હોઈએ તે જ માર્ગ સાચો. અહીં માત્ર કોઈ એક ધર્મ કે કોઈ એક ચિંતકની જોહુમકી નથી ચાલતી. જે માર્ગે આ અવસ્થા મળે તે માર્ગ જ સાચો.

'મંથન' એ આપણી અંદરની સુષુપ્ત શક્તિને જાગૃત કરે છે. સાહિત્યની રચના હોય કે કલાકારનું સર્જન મંથન વગર ક્યાં શક્ય હોય છે! વાલ્મિકીનું ઉત્કૃષ્ટ સર્જન એક મનોમંથનની ક્ષણ પછી જ વ્યક્ત થયું હતું. જો એ ક્ષણને વાલ્મિકી ચૂકી ગયા હોત તો જગત તો ઉત્કૃષ્ટ કૃતિથી વંચિત રહેત જ પણ સાથે જીવનભર વાલિયા રહેવાની


તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.

**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**

વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જીસ** ઉમેરીને મોકલશો.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260.

સજાથી કઈ રીતે મુકત રહ્યા હોત! જે. કૃષ્ણમૂર્તિ કહે છે કે મેં મારી જાત સાથે સંવાદ કરવાનો આરંભ કર્યો. મેં મારી જાતને પૂછયું: 'આ જેના વિશે બધા વાતો કરે છે એ પ્રેમ શું છે? તેઓ આગળ સમજાવે છે કે હું જોઈ શકું છું કે જ્યાં ઈર્ષ્યા, નફરત, ડર વગેરે હાજર હોય છે ત્યાં પ્રેમ નથી હોતો. તેથી હું એવા સમયે પ્રેમ પર મારું ધ્યાન કેન્દ્રિત નથી કરી શકતો. તેથી હું હવે પ્રેમ પર નહીં પરંતુ ડર, મારા વળગણ પર ધ્યાન કેન્દ્રિત કરું છું. હું શા માટે જોડાયેલો છું? આ માત્ર એક કારણ નથી. શું એવું છે કે મને એકલા પડી જવાનો કે અવગણવા પામવાનો ડર છે? જેમ મારું આયુષ્ય વધશે તેમ એ થવાનું જ છે અને મારી અંદર આ સર્વનો સામનો કરવાની શક્તિ પડી જ છે. મારે એમ ન પૂછવું જોઈએ કે હવે એ શક્તિ ક્યાંથી આવશે? જ્યારે ઘર ચારે તરફ આગની જ્વાળાથી ઘેરાયેલું હોય ત્યારે એ આગથી ભાગી છૂટવા માટેની અનેકાનેક શક્તિ આપણી અંદર આવી જ જતી હોય છે. ત્યારે હું એમ નથી કહેતો કે પહેલા મારી ઉર્જા પ્રગટવા દો પછી જ હું અહીંથી ભાગીશ. ટૂંકમાં તેઓ બહુ જ સરસ રીતે એક વાત સમજાવે છે કે પ્રશ્નનો જવાબ આપણી અંદર જ પડેલો હોય છે. એક તો પહેલાં આપણે સાચો પ્રશ્ન પૂછીએ અને પછી એનો સાચો જવાબ સ્વીકારવા તૈયાર થઈએ. જે. કૃષ્ણમૂર્તિ અહીં બહુ જ સરસ રીતે આ વાત સમજાવે છે કે મારા મગજમાં અમુક વિચાર આવે છે તેનું કારણ આપણી જ ઈચ્છાઓ હોય છે. હું વિચારું છે કે હું ડૉક્ટર છું કે એન્જિનિયર છું એટલે મારું જીવન એકદમ સલામત છે; તો પછી આની આગળની બાબત હું વિચારી નથી શકતો. હું જ મારા વિચારોને સીમિત કરી દઉં છું. હું જ મારા વિચારોથી મહાન છું અને હું જ મારા વિચારોથી બંધાયેલો છું. આ ભ્રમથી કઈ રીતે છૂટવું? એક રીતે જોઈએ તો સમભાવ અને અભાવ બંને અંદર જ પડ્યા છે. સંજોગો પ્રમાણે એ ભાવ કાર્યરત થાય છે. પણ જો આપણે એ સ્થિતિએ પહોંચીએ જ્યાં આપણા વિચારો આપણને નિયંત્રિત ન કરે પણ આપણે આપણા વિચારોને નિયંત્રિત કરીએ તો કેવું? વસ્તુને સમભાવપૂર્વક જોઈએ. એક તરફ સ્વભાવ છે અને બીજી તરફ સંયોગ છે. આપણી દૃષ્ટિ કોના તરફ છે એના પર આધાર છે. ધર્મ આપણાથી ભિન્ન નથી. એ આપણી અંદરના વિચારોને આધીન છે. જો દૃષ્ટિ સ્થિર થશે તો ધર્મની પ્રાપ્તિ જરાય કઠિન નથી. જ્યારે હું મારી જાત સાથે સંવાદ કરું છું ત્યારે મને સમજાય છે કે મારી આજુબાજુ જે વિશ્વ નિર્માણ થયું છે તેનું કારણ મારા જ વિચારો છે અને મારી જ દૃષ્ટિ છે. જે મંથન દ્વારા સ્પષ્ટ થઈ શકે, પારદર્શક થઈ શકે. વલોવવું આવશ્યક છે. એનાથી માત્ર માખણ લીસ્સું નથી થતું, જાત પણ થાય છે. આ યાત્રા જો સહજ અને સરળ હોત તો કદાચ આપણે એની વાત પણ ન કરતાં હોત. શબ્દોને કાગળ પર મૂકી દેવાથી મંથન નથી થતું એ હું જાણી ગઈ છું પણ પ્રવાસના આરંભ માટે એક ધક્કો કદાચ આ શબ્દો આપી શકે એવી અપેક્ષા છે. માર્ટીન લ્યૂથરે કહેલી એક વાત યાદ આવે છે. જો તમે ઊડી ન શકો તો દોડો, દોડી ન શકો તો ચાલો, જો ચાલી ન શકો તો આળોટો, પરંતુ સતત આગળ વધતા રહો. સફળતા એ જ રીતે મળે છે. જો તમારા રસ્તામાં અનેક પથ્થરો છે પરંતુ તમારી પાસે સારા ચંપલ છે તો તમને રસ્તો પાર કરવામાં વાંધો નહીં આવે. પરંતુ જો તમારો રસ્તો સરસ ખાડા વગરનો છે અને તમારા ચંપલમાં જ જો પથ્થર આવી જાય છે તો ગમે તેટલો સારો રસ્તો હોય તો પણ તમે સહેલાઇથી પાર નહીં કરી શકો. આમ અડચણો બહારની નહિ અંદરની જ આપણને રોકે છે અને આપણે આપણી અંદરની જ અડચણો સાથે લડવાનું છે. મહાભારતના યુદ્ધ વખતે કુરુક્ષેત્ર પર ઊભેલા અર્જુનને અનેક શંકા-કુશંકા પજવે છે, ત્યારે કૃષ્ણ એને માર્ગ દેખાડે છે. એ અર્જુનનું મંથન અને મળેલા ઉત્તરથી એનો માર્ગ સ્પષ્ટરૂપે એને જીત તરફ લઈ જાય છે. એ જ યુદ્ધના અંત પછી સ્વર્ગ તરફ પોતાના પાંચ ભાઈ અને પત્ની દ્રૌપદી સાથે જતા યુદ્ધિષ્ઠિરની સાથે એક શ્વાન છે જે તેને પ્રશ્ન પૂછે કે અને તે દરેકનો ઉત્તર એ યુદ્ધિષ્ઠિરનું મંથન છે; કારણ સ્વર્ગ સુધી માત્ર યુદ્ધિષ્ઠિર અને શ્વાન જ પહોંચે છે. અન્ય સહુ રસ્તામાં ઢળી પડે છે. ચાર ભાઈઓ ભીમ, અર્જુન, નકુલ, સહદેવ અને દ્રૌપદીની મનોવસ્થા કહેતાં મોટાભાઈનું એ મંથન જ છે જે એને સર્વ રાગ-વિરાગથી મુક્ત કરાવે છે. આત્મા પોતાના સ્વભાવ સામર્થ્યથી પૂર્ણ છે. તે પરથી ભિન્ન છે. આ 'સ્વ' અને 'પર'ની ભિન્નતા જાણીને, સ્વદ્રવ્યનો મહિમા જાણીને, સ્વદ્રવ્યનો આશ્રય કરીને, સ્વાનુભૂતિથી આત્મા શુદ્ધતા પામે એ જ મંથનનો મર્મ છે. આલંબન કોઈ પણ હોઈ શકે પરંતુ મહત્ત્વનું એ છે કે સુખની પ્રાપ્તિ માટે અને સુખને સમજવા માટે જાત સાથે સંવાદ કરીએ. જે વિચારો આપણને કઠપુતલી બનાવે છે તે જ વિચારોને આપણે કાબુમાં લઈએ. ગાંધીજીનું મંથન કે ટાગોરનું મંથન એમને જીવનની નવી દિશા તરફ દોરી ગયું. આવી કંઈક વાતો ફરી ક્યારેક કરતાં રહેશું. હાલ પુરતી અહીં જ વિરમું.

આવનારો સમય એટલે ચાતુર્માસ. અનેકાનેક લોકો આ સમયમાં ધર્મક્રિયા તરફ વળે છે. ચાર માસનો સમય વર્ષા ઋતુનો સમય પણ છે. વસંતના પ્રભાવથી મુક્ત થઈ જાત તરફ વળવાનો સમય પણ છે. વીતેલી પાનખરે આપણને ક્ષણિકતાનો અર્થ સમજાવ્યો છે તો બીજી તરફ વસંતને કારણે આપણને નવજીવનનો અર્થ પણ મળ્યો છે. પણ હવે અંતરચેતનાને વિકસાવવાનો સમય છે. આ સમયને મંથનનો સમય પણ કહી શકાય. આપણને સહુને આવા સમયની આવશ્યકતા પડે છે, કારણ નિમિત્ત વગર કેટલાક આત્મા જાગૃત નથી થતા. કેટલાક આત્મા સતત મંથનયુક્ત હોય છે તે સમયથી પર છે. ફરી મૂળ વાત પર આવીએ તો આ વલોવાની ક્રિયા સતત ચાલુ રહે તે આવશ્યક છે. આ ક્રિયા આપણને અન્યનો સ્વીકાર કરતાં શીખવે છે. આપણાથી ભિન્ન એવો મત હોય તો એનો સ્વીકાર કરતાં

પણ શીખવે છે. આપણી અંદર પણ કેટલાંક અવરોધોને ઓળંગતા શીખવે છે, ભેદથી મુક્ત થતાં શીખવે છે. એક સર્જક જે રીતે રચના કરે, એક કલાકાર જે રીતે એનું કળાકીય સર્જન કરે છે ત્યારે એની મનોમંથનની અનેક તીવ્રતાઓ પાર કર્યા પછી એક સુંદર, અમર સર્જન પ્રગટે છે તેમજ આપણા મનોમંથન પછી એક સ્પષ્ટ, શુદ્ધ, પારદર્શક મન પ્રાપ્ત થાય છે જે સૃષ્ટિના સમગ્ર જીવો પ્રત્યે સમભાવ અને કરુણાથી વર્તન કરે છે. એવું મંથન સહુને મળો. દરેકને જાત લડત માટે મંથન મુબારક.

x x x

'પ્રબુદ્ધ જીવન' આપણું પોતાનું સામયિક છે. આજ સુધી આપ સહુએ એને અનેક લાડ લડાવી સીંચ્યું છે અને જ્ઞાનની સાધના એ 'પ્રબુદ્ધ જીવન'નો એકમાત્ર ધ્યેય છે. સંવાદની ભૂમિકા હંમેશા આ સામયિકે સ્વીકારી છે. સહુ પહેલાં તો અનેક લોકોનો આભાર. ગયા અંક પછી આપ સહુના ફોન અને સંદેશા મળ્યાં, ત્યારબાદ આ જવાબદારી ઉપાડવાની થોડી હિંમત આવી. જ્યારથી અંક બહાર પડ્યો ત્યારથી ચિંતા હતી. પ્રબુદ્ધ વાચકને ગમશે કે નહીં, સ્વીકારશે કે નહીં અને આ પરીક્ષામાંથી પાર પડાશે કે નહીં. આ ત્રણ 'નહીં'ની વચ્ચે મન ડગમગી રહ્યું હતું. રાતની નિંદ્રાએ વિદાય લઈ લીધી હતી ને મન માળવે ચડી જાતજાતના વિચારોમાં ખોવાઈ ગયું હતું. આ વખતે જે તંત્રી લેખમાં મંથન વિશે લખ્યું તેનું કારણ પણ આ જ વૈચારિક પ્રવાહની અસર.

ખેર, ધનવંતભાઈની જગ્યા લેવાની મારી કોઈ વિસાત નથી જ પરંતુ આપ સહુએ આ સામયિકમાં મારો સ્વીકાર કર્યો તેનો સંતોષ અને આભાર. ખરા અર્થમાં કહું તો ઋણી છું. સાથે હવે અનેક નવી મહત્ત્વાકાંક્ષી યોજનાઓ ઘડવાનું મન પણ થાય છે. પણ વાસ્તવિકતા રોકી લે છે. કદાચ ધીરે ધીરે પાર પડશે એવી આશા પણ આપે છે. જીવવા માટે આશા જરૂરી નહીં? પણ પ્રયત્ન તો કરવો જ રહ્યો. કોઈ પણ સામાયિકની ધરોહર જો કોઈના હાથમાં હોય તો તે છે તેનો વાચક. 'પ્રબુદ્ધ જીવન'ના વાચક હંમેશા એ રીતે કાર્યરત અને સક્ષમ રહ્યા છે. આજે ફરી એક વાર તેમની સામે જ ટહેલ નાખું છું.

બે-ત્રણ પ્રશ્નો મુંઝવે છે તેમાં એક, આજે એકતરફ ભૌતિકવાદનો સામનો આપણે કરી રહ્યા છીએ, તો બીજી તરફ બદલાતી સંસ્કૃતિ અને સમયના પ્રશ્નો છે. આ બધાની વચ્ચે ટકવા અને લડત આપવા શું કરી શકાય એ વિશે આપ સૂચન આપો. એ બાબત પર વિશેષ ધ્યાન આપવું છે. એક તો યુવાનો આ સામયિક વાંચે અને બીજું વધુ ને વધુ લોકો આ જ્ઞાન યાત્રાના ભાગીદાર બને. આટલી મોટી સંખ્યાના વાચકવર્ગ પાસે સમયાંતરે લિખિત પ્રતિભાવની અપેક્ષા અસ્થાને તો નથી જ ને? આપ સહુ દરેક મહિને કે વર્ષે પણ એક પ્રતિભાવ મોકલો તો પણ આપણી પાસે અનેક પ્રતિભાવોનો ઢગલો થઈ જાય અને આપની પાસે આ માગણી તો કરવી અનુચિત નથી જ ને?

અંતે એટલું જ.

જ્યાં હતા ત્યાં જ ઉભાં રહીને એ દૃશ્ય ખૂબ સુંદર દેખાતું હતું,
ત્યાં જ ઉભાં રહીને એ સૌંદર્ય ફરી ફરી માણી શકાતું હતું.
પણ, 'મન', જ્યાં સુધી તું સ્થાનફેર નહીં કરે ત્યાં સુધી કેમ સમજાશે,
જે હતું એટલું પૂરતું હતું કે એથીય વધુ કંઈક શક્ય હતું!!

□ સેજલ શાહ
sejalshah702@gmail.com

## અંતરની અમીરાત : ડૉ. ધનવંત શાહ

***શ્રી ધનવંતભાઈ શાહની કલમે લખાયેલા તંત્રીલેખમાંથી 'પ્રબુદ્ધ જીવન'ના દરેક અંકમાં હવે થોડો અંશ લખાશે. તેમની અંતરની લાગણીઓનું ઐશ્વર્ય માણવાનું સૌને ગમશે એ ભાવ સાથે 'અંતરની અમીરાત' આ અંકથી શરૂ કરીએ છીએ...***

● હું મારા પ્રિયજનોને અને સ્વજનોને મારા સમગ્ર અસ્તિત્વથી ચાહું, પણ આસક્ત ન બનું. સમય આવે ત્યારે સાપની કાંચળીની જેમ બધું ઉતારી નાખું કારણ કે બધું અનિત્ય છે. ક્યારેક તો તૂટવાનું અને છૂટવાનું છે જ. પળે પળે સર્વની ક્ષમા માગું અને ક્ષમા આપું.

● અન્નને પ્રત્યેક કોળિયે, પાણીના પ્રત્યેક ઘૂંટડે, હવાની પ્રત્યેક લહેરખીએ એ આપનારનો ઉપકાર માનું અને જે જે પુદ્‌ગલો આ અન્નપાણીથી વંચિત રહ્યા છે એમના પ્રત્યે મારી કરુણા વહો અને એમને એ મળે એવા પ્રયત્નો હું કરું કારણ; કે આ જગતમાં કાંઈ જ મારું નથી જે છે એ સર્વનું છે. નથીંગ ઈઝ માઈન. એવરીથીંગ ઈઝ ડીવાઈન.

● આ સૃષ્ટિમાં મને જેટલું મળ્યું છે એટલી જ મારી લાયકાત હતી– છે. એથી વિશેષની મને તમન્ના ન હોય છતાં પુરુષાર્થ અને કર્મ મારા કર્તવ્ય બની રહો.

● મને મારી જરૂરિયાતથી વધુ મળે એ મારું જ બની ન રહો. હું એ સર્વનો ટ્રસ્ટી બની રહી જરૂરતમંદ તરફ એ વહાવું. મારા પરિશ્રમથી મળે એટલું જ ધન પામું. અન્યના પરિશ્રમથી પ્રાપ્ત કરેલું ધન મને વર્જ્ય હો. એ કર્મબંધ છે. મને માત્ર ન્યાય સંપન્ન વૈભવ જ મળો. બાહ્ય વૈભવ મને ન મળે પણ આંતરવૈભવ અધિકાધિક મળો.

□ સંકલન : દીપ્તિ સોનાવાલા

# કાયોત્સર્ગ : ધ્યાન કે સાધના ?

❑ મુનિશ્રી અજિતચંદ્રસાગરજી

વિશ્વના તમામ ધર્મોએ પોતાના અનુયાયીઓ માટે સુંદર વિચારો રજૂ કર્યા છે. તેમ છતાંય આર્ય સંસ્કૃતિના દર્શનો–ધર્મોની વિચારધારા સમસ્ત વિશ્વમાં પોતાની એક અનોખી ભાત ઊભી કરે છે. અન્ય દેશોના દર્શનોએ પોતાના અનુયાયીઓને 'સાંપ્રદાયિકતા'થી બાંધ્યા છે. જ્યારે ભારતીય દર્શનોએ અહીં 'આધ્યાત્મિકતા'નો ઘોષ પ્રસારિત કર્યો છે. સાંપ્રદાયિકતા હશે તો 'કોમવાદ' આવશે. કોમવાદથી 'ઝનૂન' આવશે. અને ઝનૂનથી 'કોમી રમખાણ' પણ આવશે. પરંતુ આને ઠેકાણે જો આધ્યાત્મિકતા હશે તો સર્વત્ર 'સમરસ' ભાવ અને 'સમન્વય'ની ઉચ્ચત્તમ ભાવના વિકસિત થશે.

એટલું જ નહીં વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ અધ્યાત્મમય બનાવી શકે તથા સહજ રીતે આનંદમય જીવન બનાવી શકે તે માટે ભારતીય દર્શનોએ અનેક સાધના માર્ગો પણ દર્શાવ્યા છે. જેમાં હઠયોગ–વિપશ્યના–કાયોત્સર્ગ આદિ અનેકનો સમાવેશ થઈ શકે છે. આ સાધનાઓના માધ્યમે માનવ પોતાની પ્રકૃતિમાં રહીને જીવન વ્યતીત કરી શકે છે. વ્યક્તિ પોતાના આનંદ ખાતર જ્યારે પ્રકૃતિ સાથે છેડછાડ કરે ત્યારે શું થાય ? તે ૨૧મી સદીમાં આપણે સહુએ જોયું છે. ટૂંકમાં ધૂળમાં રમતાં અને ધૂળ 'મોં'માં નાખતાં બાળકને ધૂળથી બચાવવાનો એક જ ઉપાય છે એને દૂધ આપો...એને દૂધ નથી મળ્યું માટે જ એનો હાથ ધૂળમાં ગયો છે. આ ભૂમિના પૂર્વાચાર્ય ભગવંતો અને ઋષિમુનિઓએ પણ કાંઈક આવી જ વિચારણાના માધ્યમે આ ઉત્તમ ધ્યાન સાધનાને જન્મ આપ્યો હશે કે જેથી વ્યક્તિ પોતાના આનંદ ખાતર સમસ્ત સૃષ્ટિને પ્રદુષિત ન કરે.

આધ્યાત્મિક સાધના માર્ગોમાં મુખ્યત્વે ત્રણ સાધનાઓ જોવામાં આવે છે. (૧) હઠયોગ (૨) વિપશ્યના (૩) કાયોત્સર્ગ. હઠયોગ હિન્દુ સનાતન ધર્મ તરફથી, વિપશ્યના બુદ્ધિ દર્શનની તો કાયોત્સર્ગ જૈન દર્શન દ્વારા પ્રાપ્ત થયેલ છે.

હઠયોગનો માર્ગ દમનનો છે. શરીર ઉપર, મન ઉપર, ઈન્દ્રિય ઉપર જ્યારે આપણે દમન કરીએ છીએ – અને કઠોર બનીને પણ તે–તે દ્વારોથી આપણી શક્તિને બહાર જવા દેતા નથી, સાથે-સાથે દમનપૂર્ણ યૌગિક સાધનાઓ કરીએ છીએ ત્યારે આપણી શક્તિને ભીતરમાં–આત્મા તરફ પ્રવાહિત થવાનો માર્ગ મળે છે. પરંતુ ઘણો કઠોર અને મહાપુરુષાર્થે સાધી શકાતો આ માર્ગ છે. આથી જ યૌગિકગ્રંથો પણ યોગ્ય ગુરુ અને વિશેષ પાત્રતા વિના આ હઠયોગમાં પ્રવેશ પણ કરવાની ના પાડે છે. આ સંદર્ભમાં વિપશ્યના હઠયોગ કરતાં સરસ માધ્યમ બન્યું ભીતર જવા માટે. કારણ કે વિપશ્યનાએ જગતને શ્વાસનું માધ્યમ આપ્યું. અને માનસિક શાંતિ માટેનો પણ સફળ માર્ગ આપ્યો. શરીર અને આત્માને જોડી શકનાર સેતુ કોઈ હોય તો તે શ્વાસ છે. આથી આ શ્વાસોચ્છ્‌વાસ ઉપર જ્યારે મનને કેન્દ્રિત કરીએ ત્યારે કદાચ આત્મા સુધી પહોંચવાનો માર્ગ મળી જાય. વળી વ્યક્તિ હંમેશાં વિચારમાં જ જીવતો હોય છે. અને વિચાર હંમેશાં ભૂતકાળ અથવા ભવિષ્યકાળ સાથે જ જોડાયા હોય છે, જે વ્યક્તિને તનાવ–તાણ આપે છે. પરંતુ શ્વાસ ક્યારેય ભૂતકાળ કે ભવિષ્યકાળમાં હોતા નથી, એ તો હંમેશાં વર્તમાનમાં જ હોય છે. અને જ્યારે વ્યક્તિ શ્વાસ સાથે જોડાય છે એટલે સહજતાથી વર્તમાન સાથે જ જોડાય છે. જે પ્રક્રિયા તેના તનાવને નાબૂદ કરે છે. આમ વિપશ્યના માનસિક શાંતિ આપવામાં સારી સફળતા પ્રાપ્ત કરી શકે છે.

પરંતુ દરેક બાબતે એક મુઠેરી ઊંચી વાત કરતા જૈન ધર્મએ સાધનાના સંદર્ભમાં પણ 'કાયોત્સર્ગ'ની સાધના આપી અદ્‌ભુત કાર્ય કર્યું છે. હઠયોગે દમનનો માર્ગ આપ્યો, વિપશ્યનાએ શ્વાસનો માર્ગ આપ્યો તો કાયોત્સર્ગ દ્વારા જૈન ધર્મએ સાત ચક્રો અને કુંડલીની શક્તિ ઉપરનો ધ્યાન માર્ગ બતાવ્યો. આપણી ભીતરમાં રહેલ સાત ચક્રો અને કુંડલીની શક્તિનો ઉજાગર થાય તો આપણે આધિભૌતિક–આધ્યાત્મિક આનંદને સહજતાથી અનુભવી શકીએ. આ વાત ભારતના તમામ દર્શનોએ કહી છે. પરંતુ જૈન દર્શન પાસે આનો સચોટ માર્ગ છે કે જેનું નામ છે કાયોત્સર્ગ.

કાયોત્સર્ગમાં બોલાતું 'લોગસ્સ...' સૂત્ર એ માત્ર સૂત્ર નથી પરંતુ મહાનસ્તોત્ર છે. એના

**પર્યુષણ પ્રસંગે 'પ્રબુદ્ધ જીવન' પ્રગટ કરશે–**

**'બાર ભાવના' શીર્ષક એક અલભ્ય વિશેષાંક**

'પ્રબુદ્ધ જીવન'નો ઑગસ્ટ મહિનાનો પર્યુષણ વિશેષાંક 'બાર ભાવના' પર છે.

આ વિશેષાંકનું સંપાદન કરી રહ્યા છે, વિદ્વાન વિદુષી સંપાદિકાઓ :

ડૉ. પાર્વતીબેન ખિરાણી : ૦૯૮૨૧૦ ૫૦૫૨૭

ડૉ. રતનબેન છાડવા : ૦૯૮૯૨૮ ૨૮૧૯૬

ડૉ. માલતીબેન શાહ : ૦૭૦૪૮૧ ૮૨૪૦૬

આ વિશેષાંકમાં લેખો મોકલવા ઈચ્છુક લેખક-લેખિકાઓએ સંપાદક બહેનશ્રીઓનો સંપર્ક કરવા વિનંતી.

પદ–સંપદા અને લય મુજબ બોલીને કાયોત્સર્ગની સાધના કરવાની છે. આપણા સાત ચક્રો ઉપર ૧-૧ તીર્થંકર ભગવંતની સ્થાપના કરવાની અને ૩।। વલય દ્વારા આ તીર્થંકર સ્થાપના દ્વારા કુંડલીની શક્તિને ઉજાગર કરવાની ગહન સાધના છે. અને ત્યારબાદ એવી સ્થિતિ આવે છે કે કાયા–શરીરનો ઉત્સર્ગ એટલે કે ત્યાગ થઈ જાય છે. અર્થાત્ શરીરના સ્તર ઉપર ઘટિત થતી ઘટના સાધકને સાધનામાં જરા પણ નુકસાન પહોંચાડતી નથી.

આમ જોતાં સરળ–સહજ અને સહુ કોઈ કરી શકે તેવી આધ્યાત્મિક સાધના કોઈ પણ હોય તો તે છે કાયોત્સર્ગ. જેમાં દમન અથવા શ્વાસના માધ્યમ વિના વ્યક્તિ સીધો જ આધ્યાત્મિક શક્તિનો પ્રાદુર્ભાવ કરી શકે છે. આમ છતાંય ઘણીવાર એવું બને છે કે સાધનાના પંથે આગળ વધનાર સાધકને કે અભ્યાસુને વિપશ્યના અને કાયોત્સર્ગમાં સમાનતા જ જણાતી હોય છે.

તેઓ કાયોત્સર્ગ અને વિપશ્યના અંગે એક સરખું વલણ ધરાવે છે. જ્યારે સમીક્ષાના દૃષ્ટિકોણથી જોતાં વિપશ્યના કરતાંય કાયોત્સર્ગ ઘણી ઉપરની આધ્યાત્મિક સાધના છે. યદ્યપિ વિપશ્યનાની જેમ કાયોત્સર્ગ ધ્યાનની સાધના વર્તમાનમાં પ્રચલિત નથી પરંતુ જ્યારે ગહનતાથી દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે વિપશ્યના અને કાયોત્સર્ગ વચ્ચે ઘણું જ અંતર જોવા મળે છે.

(૧) વિપશ્યના એ 'ધ્યાન' માર્ગ છે. જ્યારે કાયોત્સર્ગ ધ્યાનથી પણ ઉપરનો સાધના માર્ગ છે. જિનશાસનમાં અભ્યંતર તપની વાત કરતાં શાસ્ત્રકારોએ ઉત્તરોત્તર મહાન તપની વાત જણાવી છે. જેમાં 'ઝાણં ઉસ્સગ્ગોવિય...' આ રીતે નિરૂપણ કર્યું છે. અર્થાત્ પાંચમા તપમાં 'ધ્યાન'ની વાત જણાવી છે અને કાયોત્સર્ગ છઠ્ઠા ક્રમાંકે જણાવ્યો છે. અર્થાત્ ધ્યાન અને કાયોત્સર્ગ બંને ભિન્ન-ભિન્ન છે. અને કાયોત્સર્ગ ધ્યાનથી પણ ઉપરની ભૂમિકા છે. વિપશ્યના તે ધ્યાનનો પ્રકાર છે. જ્યારે કાયોત્સર્ગ સ્વયં ભિન્ન પ્રકારની સાધના છે. સાધકને સાધના પંથનો અંગુલિનિર્દેશ કરવાનું કાર્ય ધ્યાનનું છે. જ્યારે સાધકને આંગળી પકડીને ધ્યેય સુધી પહોંચાડવાનું કાર્ય કાયોત્સર્ગનું છે.

(૨) વિપશ્યના અને કાયોત્સર્ગના નામથી પણ ભેદ સમજાઈ જાય છે. વિપશ્યના એટલે જોવું–વિશેષ પ્રકારે જોવું. જેમાં શ્વાસની અંદર–બહારની આવન–જાવન જોવાની હોય છે. અને તેથી શ્વાસ સાથે જોડાવાની વ્યક્તિને તક મળે છે. પરિણામે મનની અદ્ભુત શાંતિનો અહેસાસ તે કરી શકે છે. પરંતુ આથી આગળ વધી, ઉપર ઉઠી આત્મા સુધી પહોંચવાનો માર્ગ તેને નથી પ્રાપ્ત થતો. જ્યારે કાયોત્સર્ગમાં તે સહજતાથી પ્રાપ્ય બને છે. કાયોત્સર્ગ એટલે શરીરનો ત્યાગ, જેમાં સાધક પોતાના સાત ચક્રો અને તેની આસપાસ વીંટળાઈને રહેલ ૩।। વલયાકૃતિ રૂપ કુંડલીની શક્તિનું ધ્યાન કરવા દ્વારા આત્મિક આનંદ સુધી પહોંચવાની સાધના છે. જેથી શરીર સાથે સંબંધ છોડી આત્મામાં સ્થિર થવું સહજ બને છે–સ્વભાવ બને છે. આમ જોતાં શરીર છોડીને ઉપર ઉઠવાનો રાજમાર્ગ એ માત્ર કાયોત્સર્ગ જ છે. વિપશ્યનામાં વ્યક્તિને મધ્યમાં અટકી જવાની સંભાવના રહે છે. જ્યારે કાયોત્સર્ગમાં આ સંભાવના નથી.

(૩) કાયોત્સર્ગ વ્યક્તિમાં માનસિક સ્તરે પરિવર્તન લાવે છે જ્યારે કાયોત્સર્ગ ચૈતસિક સ્તરે પરિવર્તન લાવી શકે એવી દિવ્ય સાધના છે. સતત માનસિક સ્તરથી અસંતુલિત અવસ્થા અનુભવતી વ્યક્તિ વિપશ્યનાના માધ્યમે જરૂર પરિવર્તન અનુભવી શકે છે. પરંતુ એ અનુભવ પ્રાયઃ કરીને માનસિક સ્તર સુધીનું જ હોય છે. જે મનની સતત તનાવગ્રસ્ત અવસ્થામાં ક્ષણિક શાંતિ મહેસુસ કરાવે છે, જ્યારે કાયોત્સર્ગ માનસિક શાંતિથી પણ ઉપર વધીને ચૈતસિક સ્તરથી પરિવર્તન લાવી અને શરીરનો પણ ત્યાગ કરી આત્મલીન બનવાની સાધના છે. ભગવાન મહાવીર કાયોત્સર્ગમાં ઉભા હતા ત્યારે કાનમાં ખીલા ઠોકવા છતાંય તેઓ વિચલિત ન થયા. આમ જોતાં દેહ અને આત્માનું ભેદજ્ઞાન આપણને કાયોત્સર્ગ શીખવે છે.

(૪) વિપશ્યનાથી વ્યક્તિમાં આવતો વ્યક્તિના જીવનમાં બદલાવ પ્રાયઃ અલ્પકાલીન હોય છે. જ્યારે કાયોત્સર્ગથી વ્યક્તિના જીવનમાં આવતો બદલાવ પ્રાયઃ કાયમી હોય છે. વિપશ્યનાથી વ્યક્તિના જીવનમાં પરિવર્તન જરૂર આવે છે, પરંતુ તે સીમિત હોય છે અને તે પ્રાયઃ થોડા સમય માટેનું જ જોવા મળે છે. આવા પ્રકારના Changeને સાયન્સની ભાષામાં `Physical Change' કહે છે. જેમકે પાણીને ૧૦૦° થી ઉપરના તાપમાનમાં લઈ જવાથી પાણીની વરાળ બને છે, પણ વરાળથી આગળ કાંઈ જ બનતું નથી. અને વરાળ પણ થોડા સમય બાદ પણ પુનઃ પાણી બની જાય છે. આજ રીતે પાણીનો બરફ બનાવીએ ત્યારે બને છે. માનસિક સ્તરનું પરિવર્તન એ `Physical Change' જેવું છે. જ્યારે કાયોત્સર્ગ વ્યક્તિમાં ચૈતસિક પરિવર્તન લાવી શકે છે. અને આ પરિવર્તન થોડું પણ હોય તોય કાયમ ટકી શકનારું હોય છે તથા આગળ પ્રગતિની સંભાવનાઓ ધરાવે છે. આને સાયન્સની ભાષામાં Chemical Change કહે છે. જેમકે દૂધમાંથી દહીં બને છે. ભલે એક રાતનો સમય લાગે છે. પરંતુ ત્યારબાદ દહીં પુનઃ દૂધ ક્યારેય નથી બનતું. અને આગળ વધીને માખણ-ઘી વગેરે બનવાની સંભાવનાઓ દહીંમાં સમાયેલી છે. કાયોત્સર્ગ એક એવી સાધના છે જેમાં પરિવર્તન–પરિણામ મોડું મળે પરંતુ કાયમી ટકનારું મળી શકે છે અને આગળ વધવાની સંભાવનાઓ હંમેશાં એમાં જીવંત હોય છે–યાવત્ આત્માનુભૂતિ સુધી.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૧૦મું)

# અષ્ટપ્રકારી પૂજાની કથાઓ

**❑ આચાર્ય વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

## ૨ ચંદનપૂજા કથા

યુગો પૂર્વેની વાત છે.

સંગેમરમરના રાજમહેલમાં સન્નાટો છવાયો હતો. ઝરૂખાની પાસે સોનાના સિંહાસન પર બેઠેલી રાજરાણી ચોધાર આંસુએ રડતી હતી. એની વેદનાનો પાર નહોતો. એ રાજરાણી હતી, પણ એના શરીરમાં એવો રોગ થયો હતો કે કોઈ વૈદ્ય કે હકીમની દવા અસર નહોતી કરતી. શરીરમાંથી બેહદ દુર્ગંધ આવતી હતી. રાજાએ રાણીને નગર બહાર એક મહેલમાં મોકલી આપી હતી. એક દાસી અને દાસ જ્યારે જરૂર પડે ત્યારે ઉપર આવતાં હતાં, પછી ચાલ્યાં જતાં હતાં. રાણી એકલી બેઠી બેઠી પીડા સહન કરતી હતી અને રડતી હતી. એને થતું હતું કે મેં બાંધેલાં કોઈ ધર્મનું આ કડવું ફળ છે.

એ સમયે ઝરૂખાની પાળી પર એક પોપટ અને મેના આવીને બેઠાં.

પોપટે રાણીને જોઈ અને મેનાને કહ્યું, 'મેના, આ રાણીને જો, એણે બાંધેલાં પાપ કેવું દુ:ખ આપી રહ્યાં છે!'

મેના કહે, 'તમે શું કહો છો?'

પોપટ કહે, 'મેના, આ રાજરાણીનો પૂર્વભવ સંભાળ.'

સિંહાસન પર બેઠેલી રાજરાણી પોપટની ભાષા જાણીત હતી. તે એકાગ્ર થઈને સાંભળવા માંડી પોતાનો પૂર્વભવ.

પોપટ કહે, 'જયસૂર નામનો રાજા હતો. તેની શુભમતિ નામની પટરાણી હતી. તે ખૂબ રૂપાળી હતી. રાજા તેની તમામ વાત માનતો હતો.

એક દિવસ બંને વનવિહાર માટે ગયાં.

વનમાં ચારેકોર લીલીછમ હરિયાળી હતી. સુંદર પંખીઓ અને મનોહર પ્રાણીઓ કિલ્લોલ કરતા હતા. વનની વચમાં એક નાનકડી નદી કલરવ કરતી હતી.

એ સમયે વનમાં ભયંકર દુર્ગંધ આવતી હતી. રાણીએ છેડો નાક પાસે દાબીને કહ્યું કે, 'આ શેની દુર્ગંધ આવે છે તેની તપાસ કરાવો.'

જયસુર રાજા કહે, 'રાણી, વનમાં કેટલાંક તપસ્વી સાધુઓ તપ કરી રહ્યાં છે, તેઓ સ્નાન કરતા નથી, પણ પવિત્ર જીવન જીવે છે. સંયમના જળથી પોતાનું જીવન નિર્મળ રાખે છે. તેમનો દેહ ઘણાં સમયથી સ્નાન વિનાનો હોવાથી ત્યાંથી દુર્ગંધ આવે છે.'

રાણી કહે, 'મને વાત ગમતી નથી. મુનિઓને સ્નાન કરાવો અને તેમના દેહને ચંદનનો લેપ કરાવો તો જ આ દુર્ગંધ દૂર થાય.'

એક તો રાણી, વળી પાછી માનીતી અને એની સ્ત્રીહઠ : રાજાએ તેમ કરાવ્યું.

સાધક મુનિઓ માટે તો આ ઘટના ઉપસર્ગ બની ગઈ. સુગંધથી લલચાઈને ભમરાઓ તેમના દેહ પર ડંખ મારવા દોડી આવ્યા. સમતાશીલ સાધુઓએ તે ભમરાઓને હટાવ્યા નહીં. ભમરાઓએ, કીડીઓએ અને નાની નાની જીવાતોએ સાધુઓના શરીર ફોલી ખાધાં. તીવ્ર પીડા થવા છતાંય સાધુઓ પોતાના ધ્યાનમાં અડગ રહ્યા. પોતાની સાધનામાં અવિચળ રહ્યા.

સાધુનું જીવન એટલે તપ અને ત્યાગનો, કર્મની સામેનો અદ્‌ભુત સંગ્રામ. કર્મ બાંધતી વખતે માનવી સાવધાન ન રહે તો ઘણી પીડા ભોગવવી પડે અને જો સાધના કરતી વખતે સાવધાન ન રહે તો ઘણાં નવાં કર્મો બંધાય.

આ તો આત્માર્થી સાધુ હતા. પોતાની સાધનામાં સાવધાન હતા. કર્મની સામે એમણે મોરચો માંડ્યો હતો. પોતાની સાધનામાં સહેજ પણ ડગી ન જવાય તે માટે અત્યંત જાગૃત હતા.

એમણે પીડા સહી, પણ પોતાની સાધના ડગવા ન દીધી.

સાધુઓનું મૃત્યુ થયું. તેમના દેહ ઢળી પડ્યા.

બે-ત્રણ દિવસ પછી રજા જયસૂર અને રાણી શુભમતિ એ વનમાં ફરીથી વિહાર માટે આવ્યાં.

રાણી શુભમતિએ એ મુનિઓને ન જોયા. શુભમતિ એ સ્થાનની નજીક ગઈ ત્યારે મુનિઓના ફોલી ખાધેલા અને ઢળી પડેલા દેહ જોયા.

રાણી શુભમતિને ખૂબ દુ:ખ થયું.

રાણી શુભમતિ જિદ્દી હતી, પણ મનની ખરાબ નહોતી. તેને

### તત્ત્વાનુરાગી સાધકો

ઉત્તરાધ્યયન સૂત્રના ગ્રંથનું અધ્યયન કરવામાં આપ વ્યસ્ત હશો. છએક મહિના પૂર્વે આપને પુસ્તકો અને પ્રશ્નપત્ર ઑફિસ પરથી પ્રાપ્ત થયું હતું. આપ સહુના જવાબની રાહમાં અમે કેટલાક અભ્યાસુઓને ફોન કરીને પૂછ્યું કે જવાબ તૈયાર છે કે નહિ, ત્યારે સહુએ થોડા વધુ સમયની માગણી કરી છે. એટલે હવે આ પ્રશ્નોના ઉત્તર આપવાની તારીખ બદલાવીએ છીએ. આપ સહુ સ્વાધ્યાય કરી ઑગસ્ટ મહિનાની ૨૦ તારીખ સુધી જવાબ લખી ઑફિસ પર મોકલાવો તેવી વિનંતી. જેથી આપણે સપ્ટેમ્બરમાં પરિણામ જાહેર કરી શકીએ. આપને કોઈ પણ માર્ગદર્શનની જરૂર હોય તો ઑફિસ પર ફોન કરી પૂછી શકો છો.

ફોન : ૦૨૨ ૨૩૮૨ ૦૨૯૬.

મનમાં અપાર પસ્તાવો થયો. 'અરેરે! મેં આ શું કરી નાંખ્યું? મેં તો સારા માટે કર્યું હતું, પરંતુ તેનું કેવું કરુણ પરિણામ આવ્યું!'

રાણી રાજા પાસે જઈને રડી પડી.

રાજા જયસૂરે તેને આશ્વાસન આપ્યું. રાજા કહે, હવે કશું જ થઈ શકે એમ નથી.

રાણી પણ આ વાત સમજતી હતી. રાજા અને રાણી વનમાં પરિભ્રમણ કર્યા વિના રાજમહેલમાં પાછાં વળ્યાં.

પોપટ કહે, 'મેના, ગયા ભવમાં જે શુભમતિ નામની રાણી હતી તે જ આ ભવમાં આ રાજરાણી થઈ છે. ગયા ભવમાં અવિવેકથી જે પાપ બાંધ્યું તેનું ફળ આ ભવમાં ભોગવી રહી છે.'

મેના આ બધું સાંભળીને વિચારમાં પડી ગઈ. તેણે પૂછ્યું, 'હવે આ રાજરાણીના દુ:ખનો ઉપાય શો? શું આ રાજરાણીનો દેહ ફરીથા નિરોગી ન બની શકે? એમ કરવા માટે કોઈ ઉપાય નહી હોય?'

પોપટ કહે, 'આ રાણીનો દેહ જરૂર નિરોગી થઈ શકે. આ રાણીએ એટલું જ કરવું પડે કે ખૂબ ભાવપૂર્વક જિનમંદિરમાં રોજ પ્રભુની ચંદનપૂજા કરે તો તેના દેહની દુર્ગંધ પણ દૂર થાય અને જેવી હતી તેવી જ રૂપસામ્રાજ્ઞી બની જાય.'

સોનાના સિંહાસન પર બેસેલી રાજરાણી પોપટ અને મેનાની વાત એકાગ્ર ચિત્તે સાંભળતી હતી. એને થયું કે આ પોપટ જેવો બીજો કોઈ વૈદ્ય હોઈ જ ન શકે: એણે તો પોતાના રોગ વિશેની વાત પણ કહી અને નિવારણનો માર્ગ પણ કહ્યો. હે પોપટ, તું તો મારો ઉપકારી થયો.

રાજરાણી સ્નાન કરીને સીધી જિનમંદિરમાં ગઈ. એણે ભાવથી ભગવાનની ચંદનપૂજા કરી. ભગવાનના દેહ પર ચંદનનું વિલેપન કર્યું. હૈયાના ઉમળકાથી રોજ ભગવાનની ચંદન પૂજા તે કરવા માંડી.

થોડાંક સમય પછી રાણીનો દેહ દુર્ગંધથી મુક્ત થયો. એનું સૌંદર્ય ઝળાહળા થઈ ઊઠ્યું.

**ચંદનપૂજાના દુહા**

૧. આતમગુણ વાસન ભણી, ચંદનપૂજા સાર,
જેમ મળવા અપઝર કરે, તેમ કરીએ નરનાર
શીતલ ગુણ જેહમાં રહ્યો, શીત પ્રભુ મુખ રંગ
આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા રંગ
–પં. વીરવિજયજી

૨. હવે બીજી ચંદન તણી પૂજા કરો મનોહાર;
મિથ્યા તાપ અનાદિનો ટાળો સર્વપ્રકાર
પુદ્ગલ પરિચય કરી ઘણો, પ્રાણી થયો દુર્વાસ;
સુગંધ દ્રવ્ય જિનપૂજને, કરો નિજ શુદ્ધ સુવાસ
–શ્રી દેવવિજયજી

૩. પૂજાને પરિણામ દો, કરો ચંદન કી રીતી;
શીતળતાને સુગંધતા, જિણે ભાજે ભવભીતિ
–પં. ઉત્તમવિજયજી

✶ ✶ ✶

**કાયોત્સર્ગ : ધ્યાન કે સાધના?**

(અનુસંધાન પૃષ્ઠ ૮નું ચાલુ)

(૫) આ ઉપરાંત કાયોત્સર્ગ અને વિપશ્યનામાં હજુ એક ભેદ એ છે કે વિપશ્યના શ્વાસોચ્છ્વાસ ઉપર આધારિત હોય છે જ્યારે કાયોત્સર્ગ પદ ઉપર આધારિત છે. યદ્યપિ બંનેમાં શ્વાસોચ્છ્વાસ તો કેન્દ્ર સ્થાને છે જ, તેમ છતાંય વિપશ્યના માત્ર શ્વાસોચ્છ્વાસને જ પ્રાધાન્ય આપે છે જ્યારે કાયોત્સર્ગમાં 'શ્વાસોચ્છ્વાસ'ના સમયમાં પદનું ઉચ્ચારણ કરીને પદ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું મહત્ત્વ છે. અહીં આગમપાઠો કહે છે કે પાય સમા ઉસાસા। (અનુયોગદ્વાર સૂત્ર) અર્થાત્ ૧ શ્વાસોચ્છ્વાસમાં ૧ પદનું ઊચ્ચારણ કરવા રૂપ કાયોત્સર્ગ કરવો. આમ કરવાથી વ્યક્તિ માનસિક પરિવર્તનથી ઉપર ઉઠી ચૈતસિક પરિવર્તન સુધી પહોંચી જશે.

(૬) વિપશ્યના અને કાયોત્સર્ગમાં સૈદ્ધાંતિક તફાવત એ પણ છે કે કાયોત્સર્ગ સાધકને આશ્રવરોધ કરાવી–સંવર કરાવી નિર્જરા સુધી પહોંચાડી શકે છે. જ્યારે વિપશ્યનાથી વ્યક્તિ પ્રાયઃ કરી આ લાભ પ્રાપ્ત કરી શકતો નથી.

આમ સૈદ્ધાંતિક દૃષ્ટિએ પણ આ ભેદ છતો થતો જણાય છે. યદ્યપિ વિપશ્યના અંગે દિન-પ્રતિદિન વધતાં આકર્ષણમાં એક કારણ એ પણ છે કે સમયે–સમયે સમસ્ત માનવ જાતિની માનસિક અશાંતિ વધતી જ જાય છે. અને આથી તેઓને શાંતિનો માર્ગ માત્ર આ જ એક જણાય છે–જોવા મળે છે. વળી કાયોત્સર્ગ ધ્યાન ઉપર ઊંડાણથી સંશોધન થયું હોય તેવું પણ સાંભળવા મળ્યું નથી. જૈન ધર્મની અનેક મૌલિક બાબતો અગર ધીરે ધીરે સંશોધનની એરણ ઉપર ચઢે તો જરૂર કૂટસ્થ સત્ય સાબિત કરી શકે છે.

સમસ્ત સૃષ્ટિને શાંતિનો રાજમાર્ગ દર્શાવનાર આ દેશમાં અત્યારે સૌથી મોટી જનસંખ્યા અસંતુલિત અવસ્થા અનુભવી રહી છે અને પરિણામે પોતાના મનને–ચિત્તને શાંત–ઉપશાંત કરવા ભૌતિક સાધનોનો ઉપયોગ કરી આખીય સૃષ્ટિને નુકસાન સહુ કોઈ પહોંચાડી રહ્યા છે. અને અંતે ગ્લોબલ-વોર્મીંગ જેવી નીતનવી સમસ્યાઓમાં ઊલઝી રહ્યાં છે.

આ સમસ્યાઓથી સમાજનું ઉત્થાન કરવા કાયોત્સર્ગ જેવી અનેક ગૂઢ સાધનાઓને પુનઃ જીવંત કરી આ વિશ્વને આપવી આવશ્યક છે. જેથી દરેક વ્યક્તિ પોતાની દૃષ્ટિ બહાર નાખવાને બદલે ભીતર નાખવા પ્રયાસ કરશે. એ પોતાની પ્રકૃતિમાં જીવન જીવવાનું શરૂ કરશે. આવી સાધનાઓ જ્યારે જીવંત થશે ત્યારે સૃષ્ટિને પણ જીવનદાન મળશે.

(મુનિશ્રી મહાશતાવધાની અર્ધસહસ્રાવધાની છે)

✶ ✶ ✶

# આપણે તિથિ શા માટે પાળવી જોઇએ?

☐ સુબોધીબેન મસાલીઆ

જ્ઞાની પુરુષોએ ખૂબ જ સમજી વિચારીને તિથિની મર્યાદા કરી છે. તિથિ પાળવા પાછળ વૈજ્ઞાનિક, આધ્યાત્મિક અને સામાજિક કારણો રહેલા છે.

અત્યારે તો આપણે મહિનાની પાંચ જ તિથિ માંડ માંડ પાળીએ છીએ. પણ ખરેખર તો દસ તિથિ પાળવી જોઈએ. તમે દશેય તિથિનું નિરીક્ષણ કરશો તો માલુમ પડશે કે દર ત્રીજા દિવસે તિથિ આવે છે. ત્રીજ-ચોથ છોડો પાંચમની તિથિ. છઠ્ઠ-સાતમ છોડો આઠમની તિથિ. નુમ-દસમ છોડો અગ્યારસની તિથિ. બારસ-તેરસ છોડો ચૌદસની તિથિ. અમાસ-એકમ છોડો બીજની તિથિ. આમ મહિનાના દર ત્રીજા દિવસે તિથિ આવે છે. હવે તમે જુઓ આપણા આયુષ્યનો બંધ (આગામી ભવનું) પણ આ જન્મના કુલ આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે જો પર્વ તિથિ હોય, આત્મા ત્રીજું ગુણસ્થાનક છોડી ૧ થી ૭ ગુણસ્થાનકમાં હોય, અને ભાવ સતત ચડતા જતાં ન હોય કે સતત પડતા જતા ન હોય–ચડ ઉતર થતાં હોય એવા સમયે આગામી આયુષ્યનો બંધ પડે છે. જો પહેલી વાર આયુષ્ય બંધ ન પડે તો બાકી રહેલા આયુષ્યના બે તૃતિયાંશ ભાગ વીત્યા પછી આયુષ્ય બંધનો અવસર આવે છે. આમ આઠ વખત આવો અવસર આવે છે. દા. ત. કોઈનું આયુષ્ય ૯૦ વર્ષનું છે તો પહેલો અવસર ૬૦મા વર્ષે, બીજો અવસર બાકીના ૩૦ વર્ષનો ૨/૩ ભાગ એટલે ૧૦ વર્ષ–૬૦+૧૦ એટલે ૭૦મા વર્ષે, બીજો અવસર. આમ આઠ વખત ગણતા જવું. **એટલે તિથિના દિવસે આયુષ્ય બંધ પડવાની ઘણી સંભાવના છે; માટે તિથિના દિવસે અન્ય આરંભ-સમારંભ બંધ કરી અથવા ઓછા કરી પૌષધમાં અથવા વધુમાં વધુ સમય સામાયિકમાં રહીએ તો આગામી આયુષ્યનો બંધ સારો પડે.**

સામાન્ય રીતે આપણે તિથિના દિવસે શાકભાજી કરતાં નથી. તેથી મહિનામાં દસેક દિવસ પર્યાવરણની રક્ષા થાય. તિથિ પાળવા પાછળનું આ એક વૈજ્ઞાનિક કારણ પણ સમાયેલું છે. જો બારે માસ બે હાથે લીલોતરીનો ઉપયોગ કરવામાં આવે તો લીલોતરીની અછત થાય. આજે આપણે આંખ સામે જોઈએ છીએ કે વૃક્ષ આદિ લીલોતરીનું નિકંદન કાઢી નાખી આપણે કેવા તાપમાં તપીએ છીએ ને પાણી વગર ટળવળીએ છીએ. **તો કેવળજ્ઞાનીના જ્ઞાનમાં તો દરેક વસ્તુ આવી જ ગઈ હોય. આજે વૈજ્ઞાનીઓ સફાળા જાગીને કહે છે કે, 'વૃક્ષ બચાવો...' ભગવાને તો ૨૫૦૦ વર્ષ પહેલાં કીધું કે મહિનામાં ૧૦ તિથિ પાળો ને લીલોતરીનું રક્ષણ કરો.**

તિથિ પાળવા પાછળનો ભગવાનનો મૂળ ઉદ્દેશ તો એ હતો કે તમારા આત્માને કર્મોથી મુક્ત કરો. તો વિચારો... આત્મા કર્મોથી મુક્ત ક્યારે થાય? જ્યારે નવા કર્મો બાંધે નહિ ને જૂનામાંથી એક એક નિર્જરતો જાય. તો ભાઈ, આત્મા નવા કર્મોની ગાંઠ કેવી રીતે બાંધે છે તે ખબર પડી જાય તો જૂની ગાંઠો ખોલતા આવડે...મહાવીર કહે છે કર્મને આવવાના ત્રણ ધોરી માર્ગ છે. મન-વચન ને કાયા--મનનું, વચનનું કે કાયાનું સ્હેજ પણ હલન ચલન થયું કે આત્માનું કંપન થશે ને જેવું આત્માનું કંપન થશે કે કર્મોનો આશ્રવ થશે. તો નવા કર્મ આવવા દેવા ન હોય તો મન-વચન કાયાને સ્થિર કરો, સામાયિક કરો, પૌષધ કરો ને સમતામાં સ્થિર થાવ. હવે વચન

## તિથિનો અર્થ

- જીવ એકલો આવે અને એકલો જાય, તેને 'એકમ' કહેવાય.
- જીવ બે પ્રકારના ધર્મ (આગાર-અણગાર)માંથી ધર્મ કરે, તેને 'બીજ' કહેવાય.
- જીવ દેવ–ગુરુ-ધર્મ આરાધે, તેને 'ત્રીજ' કહેવાય.
- જીવ દાન-શીલ-તપ-ભાવ આને આદરે, તેને 'ચોથ' કહેવાય.
- જીવ પાંચ ઈન્દ્રિયને વશમાં રાખે, તેને 'પાંચમ' કહેવાય.
- જીવ છ કાયની રક્ષા કરે, તેને 'છઠ્ઠ' કહેવાય.
- જીવ સાત કુવ્યસનનો ત્યાગ કરે, તેને 'સાતમ' કહેવાય.
- જીવ આઠ કર્મને ખપાવાનો પ્રયત્ન કરે, તેને 'આઠમ' કહેવાય.
- જીવ નવ વાડ બ્રહ્મચર્ય પાલન કરવાનો કરે, તેને 'નોમ' કહેવાય.
- જીવ દસ યતિધર્મનું યથાશક્તિ પાલન કરે, તેને 'દસમ' કહેવાય.
- જીવ અગિયાર શ્રાવકની યતિ પડિમાને ધારે, તેને 'અગિયારશ' કહેવાય.
- જીવ બાર પ્રકારની તપશ્ચર્યામાં મન લગાવે, તેને 'બારસ' કહેવાય.
- જીવ તેર કાઠિયા દૂર કરવાનો પ્રયત્ન કરે, તેને 'તેરસ' કહેવાય.
- જીવ ચૌદ નિયમનું પાલન કરે, તેને 'ચૌદસ' કહેવાય.
- જીવ પંદર ભેદે શુદ્ધ નિયમ પાળે તેને 'પૂનમ' કહેવાય.
- જીવ ભગવાન મહાવીર જે દિવસે મોક્ષે ગયા, તે 'અમાવસ' કહેવાય.

☐ **શ્રી ખુશ્બુજી મ.સ.**

અને કાયા તો પ્રયત્ન કરવાથી સ્થિર થઈ શકશે, પણ મનને સ્થિર કરવું, આત્માનો ઉપયોગ આત્મામાં જ રાખવો ખૂબ જ કઠિન છે. **આપણા શરીરમાં ૭૦% જેટલું પાણી તો છે જ. હવે લીલોતરી ખાવ એટલે શરીરમાં પાણીનું પ્રમાણ વધે. જેમ શરીરમાં પાણીનું પ્રમાણ વધે તેમ મનની ચંચળતા વધે...તો ચિત્ત એકાગ્ર કરવાની સાધના વધુ કઠિન બની જાય...માટે તિથિના દિવસે લીલોતરી ત્યાગવાનું અધ્યાત્મિક કારણ આ છે કે મનની સ્થિરતા વધારી શકાય.** ને જો મન, વચન ને કાયા ત્રણેયથી સ્થિર થવાય તો નવા કર્મોનો આશ્રવ ન થાય, ને સમતામાં રમણતા કરી જૂના કર્મો નિર્જરી શકાય; માટે તિથિના દિવસે વધુમાં વધુ સામાયિક અથવા પૌષધ દ્વારા સમતામાં સ્થિર થવાની સાધના કરવાની છે.

ચોથા આરામાં ઘરમાં ૨૮ પુરુષોને ૩૨ સ્ત્રીઓ હોય તો તે ઘર ગણત્રીમાં લેવાતું. અને ૬૦ માણસોની રસોઈ કરતાં દિવસના બે પહોર વીતી જતા. પુરુષો પણ ખેતરમાં, વેપારમાં ને પશુપાલનમાં વ્યસ્ત રહેતા તેથી ધર્મસાધના માટે બહુ સમય કાઢી શકતા નહીં. માટે **જ્ઞાની પુરુષોએ તિથિના નિયમ એવા બનાવ્યા કે...મહિનામાં દસ દિવસ સાંસારિક, આરંભ-સમારંભ ઓછાં કરી વધુમાં વધુ સમય આત્મ સાધનામાં લાગી જવું જેથી આત્માની મુક્તિનો મારગ બને ને કદાચ આયુષ્યનો બંધ પડે તો સારો પડે. આમ જ્ઞાની પુરુષોએ તિથિની મર્યાદા આત્માર્થે કરી છે. જો ચોક્કસ દિવસ નિશ્ચિત ન કર્યા હોત તો આવશ્યક વિધિઓનો નિયમ રહેત નહીં. આત્માર્થે તિથિની મર્યાદાનો લાભ લેવો.**

હવે જરા આજની પરિસ્થિતિ પર નજર નાખીએ. આજે દસના બદલે પાંચ જ તિથિ પળાતી થઈ. તિથિ આવી એટલે લીલું શાક નહિ ખાવાનું (મોઢું બગાડીને) એટલું જ સમજીએ છીએ. **ફક્ત શાક નહિ ખાવાથી કાંઈ તિથિ પળાઈ જાય?** લીલોતરીના રક્ષણાર્થે અને આત્માની સ્થિરતા કાજે લીલોતરી નથી ખાવાની એ વાત ભૂલાઈ ગઈ. સાપ ચાલ્યો ગયો ને કાંચળી હાથમાં રહી ગઈ. પાછા લીલોતરીના વિકલ્પ કેવા શોધી કાઢ્યા? સુકવણી...કોના ભેજામાંથી આ નીકળ્યું હશે? સુકવણી એટલે તો રીબાવી...રીબાવીને મારવાનો ધંધો થયો. ને એમાં લીલોતરીનું રક્ષણ ક્યાં રહ્યું? વળી આપણી માનસિકતા જુઓ! આજે તિથિ છે-રાંધવામાં થોડી રાહત છે, ચાલો આજે પિક્ચર જોઈ આવીએ. માર્કેટિંગનું પતાવી દઈએ. કીટીપાર્ટી ગોઠવી દઈએ. વળી, આજે તિથિ છે તો શાક તો નહીં ખવાય પણ 'બ્રેડ-બટર' તો થવાય ને? 'પીઝા વીથ ચીઝ'નો તો વાંધો નહિને? અરે ભાઈ...આ તો લીલોતરી કરતાંય અતિ ભયંકર છે જેમાં સતત બે ઈંદ્રિય જીવોની ઉત્પત્તિ થઈ રહી છે...જે વાસી છે...જે અભક્ષ્ય છે-જેમાં માંસાહાર છે...એવું બધું આ આત્માના ઘરમાં પધરાવીને શું આત્મસાધના કરવાના હતા? **જ્ઞાનીઓએ જે હેતુસર તિથિની મર્યાદા કરી તે હેતુ તો ક્યાંયનો ક્યાંય દૂર ચાલી ગયો. તેના બદલે તિથિઓનો વાંધો કાઢી, જુદા પડી 'હું જ સાચો છું' એમ સિદ્ધ કરવા તકરાર કરે છે. તે મોક્ષ જવાનો રસ્તો નથી.** જ્ઞાનીના વિરહ પછી ઘણો કાળ જાય એટલે અંધકાર છવાઈ જાય. અજ્ઞાનની પ્રવૃત્તિ થાય, જ્ઞાની પુરુષોના વચનો ન સમજાય એટલે ભેદ પડે. સંવત્સરીના દિવસ સંબંધી એક પક્ષ ચોથની તિથિનો આગ્રહ કરે તો બીજો પક્ષ પાંચમની તિથિનો આગ્રહ કરે. તિથિ બિથિનો ભેદ મૂકી દેવો, ભાંજગડમાં પડવું નહીં, રાગ-દ્વેષ કરી નવા કર્મોના ઢગલા જમા કરવા નહીં. ઝાડને ભાન વગર કર્મ ભોગવવા પડે છે તો મનુષ્યને નહીં ભોગવવા પડે? જ્ઞાનીઓએ તિથિની મર્યાદા આત્માર્થે કરી છે. જો ચોક્કસ દિવસ નિશ્ચિત ન કર્યા હોત તો આવશ્યક વિધિઓનો નિયમ રહેત નહીં. સુજ્ઞ તો એ છે કે જે આત્માર્થે તિથિની મર્યાદાનો લાભ લે છે... કદાગ્રહમાં કાંઈ જ હિત નથી. કદાગ્રહથી દૂર રહેવું.

'છોડી મતદર્શન તણો, આગ્રહ એમ વિકલ્પ...
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ.'

✷ ✷ ✷

૧૯, ધર્મપ્રતાપ, અશોક રોડ, દામોદર વાડી,
(કાંદિવલી ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૧૦૧. Mob. : 9892163609.

## જૈન ધર્મ ફિલોસોફી અભ્યાસ
### મુંબઈ યુનિવર્સિટી : ડિપાર્ટમેન્ટ ઓફ ફિલોસોફી

પાર્ટ ટાઈમ સર્ટિફિકેટ કોર્સ અઠવાડિયામાં એક દિવસ ફક્ત ચાર કલાક. સરળ ભાષામાં ફિલોસોફીની સમજ.

(અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કે મરાઠીમાં ઉત્તર પત્રિકા)

વિષયો : જૈન ઇતિહાસ, નવકાર, તીર્થંકર, રાજલોક, રત્નત્રયી, શ્રાવકાચાર, શ્રમણાચાર, જ્ઞાન, અનેકાંત, નયવાદ, ૬ દ્રવ્ય, ૯ તત્ત્વ, કર્મવાદ, શાકાહાર, અહિંસા વગેરે.

**સર્ટિફિકેટ કોર્સ માટે મુંબઈમાં ચાર સેંટર :**

મરીન લાઈન્સ : શકુંતલા સ્કૂલ : દર ગુરૂવાર બપોરે ૩ થી ૭
એડમિશન સંપર્ક
ભરત વિરાણી : 9869037999, હિરલ વખારિયા : 9870009693
બોરીવલી (વેસ્ટ) : એમ. કે. હાઈસ્કૂલ : દર રવિવાર સવારે ૯ થી ૧
એડમિશન સંપર્ક
જયશ્રી દોશી : 9323761513, કવિતા શાહ : 9819478851
સાંતાક્રુઝ (ઈસ્ટ) : કલિના યુનિવર્સિટી કૉમ્પલેક્સ
દર શનિવાર : બપોરે ૧૨.૩૦ થી ૪.૩૦
એડમિશન સંપર્ક
શેતલ શાહ : 9819830094, મુકુંદ મણિયાર : 9820233138
ઘાટકોપર (ઈસ્ટ) : રામજી આશર સ્કૂલ, દર રવિવાર સવારે ૯ થી ૧
એડમિશન સંપર્ક
ભરત પારેખ : 9619648777, પ્રિતી દોશી : 9833137356

૧૯૬૬થી ચાલતા આ કોર્સમાં અત્યાર સુધી આશરે ૩૫૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે.

# ચાતુર્માસનું આપણા જીવનમાં મહત્ત્વ

❑ ડૉ. અભય દોશી

ભારતના પ્રજાજીવનમાં વર્ષાઋતુનું મહત્ત્વ અદકેરું છે. ભારત જેવા મોસમી પ્રદેશમાં વર્ષાઋતુ એ જીવનનો આધાર હોય છે. ખેડૂતોને માટે તો વરસાદ એ એક અત્યંત આવશ્યક અને જીવનના મેરુસમાન ઘટના હોય છે. માટે જ ખેડૂત માટે કહેવાય છે; દુનિયામાં ભલે ૧૨માંથી ૪ જાય તો ૮ રહે, પણ ખેડૂત માટે ૧૨માંથી ૪ (વર્ષાઋતુના ચાર મહિના) નિષ્ફળ જાય તો આખું વર્ષ નિષ્ફળ થઈ જાય છે. આવી વર્ષાઋતુને આવકારવા કવિઓએ પણ અનેક સુંદર કાવ્યો રચ્યા છે. બાળકોના જોડકણાઓમાં પણ વર્ષાઋતુનો મહિમા ગાવામાં આવ્યો છે. 'આવરે વરસાદ, ઢેબરિયો પરસાદ'.

ભારતીય સંસ્કૃતિમાં વરસાદને વધાવવા અષાઢી બીજ અને એકાદશીનો તહેવાર ઉજવાય છે, તો વર્ષાઋતુની સુખરૂપ પૂર્ણાહુતિ બાદ તેના આનંદની અભિવ્યક્તિ માટે નવરાત્રિ, દશેરા અને દિવાળી જેવા નવી ફસલના, ધાન્યને આવકારવાના તહેવારો ઉજવાય છે. આમ, વરસાદ એ ભારતીય સંસ્કૃતિની રગેરગમાં વસેલો આનંદોત્સવ છે.

સાધુસંતો વર્ષના આઠ માસ દરમિયાન એક સ્થળેથી બીજે સ્થળે વિહાર કરતા રહેતા હોય છે. પરંતુ, ચાતુર્માસના ચાર મહિના દરમિયાન એક સ્થળે રહે છે. આ સમયે વરસાદમાં જીવજંતુઓની હિંસા ન થાય માટે સાવધાનીપૂર્વક એક સ્થળે રહી લોકોને ધર્મબોધ આપતા હોય છે, તેમ જ પોતાની તપશ્ચર્યાની તથા સ્વાધ્યાયની વૃદ્ધિ કરતા હોય છે. આજે બીજા ભારતીય દર્શનોમાં ચાતુર્માસની પ્રથા ઓછીવત્તી પળાય છે, પરંતુ જૈનોમાં આ ચાતુર્માસની પ્રથા આજે પણ યથાવત્ પાળવામાં આવી રહી છે.

જૈનદર્શનમાં વર્ષાઋતુનો સાધના-આરાધનાની દૃષ્ટિએ મહિમા રહ્યો છે જ, એ જ રીતે દેશ અને વિશ્વમાં સુકાળ પ્રવર્તે એવી સદ્ભાવના રહેતી હોય છે. બૃહત્શાંતિ સ્તોત્રમાં પદ આવે છે, 'दुःख दुर्भिक्ष दौर्मनस्य शांतिर्भवतु' એ જ રીતે આ સ્તોત્રમાં કહેવાયું છે; 'अक्षिण कोश कोष्टागारा भवंतु स्वाहा।' સ્વાભાવિક રીતે જ દુકાળના નિવારણ માટે સુકાળ–સપ્રમાણ વરસાદ એ અનિવાર્ય જ છે. એ જ રીતે અખંડ કોશ-કોઠાર માટે પણ સુકાળ આવશ્યક છે.

વર્ષાઋતુની મનોહારિતાના કેટલાક સુંદર ચિત્રણો જૈન સાહિત્યમાં ઉપલબ્ધ થાય છે. સંસ્કૃત-પ્રાકૃત જૈન સાહિત્યની સાથે જ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પણ વર્ષાઋતુના મનોરમ આલેખનો ઉપલબ્ધ થાય છે. કવિ મોહનવિજયજી 'માનતુંગ માનવતી રાસ'માં વર્ષાના બિંદુઓને સ્ફટિક સાથે સરખાવે છે.

પ્રસિદ્ધ અધ્યાત્મયોગી દેવચંદ્રજી મહારાજે પોતાના એક સ્તવનમાં પ્રભુની સેવાના આશયને વર્ષાઋતુના રૂપકના માધ્યમથી સુંદર રીતે વર્ણવ્યો છે. તેઓ કહે છે,

'શ્રી નમિજિનવર સેવ, ઘનાઘન ઉગમ્યો રે. ઘના.<br>
દીઠા મિથ્યારોરવ, ભવિકચિતથી ગમ્યો રે. ભવિ.<br>
શૂચિ આચરણા રીતિ, તે અભ્ર વધે વડારે. તે.<br>
આતમ પરિણતિ શુદ્ધ, તે વીજ ઝબુકડાં રે તે.

(દેવચંદ્રજી ચોવીસી, ૨૧મુ સ્તવન)

આ જ સ્તવનમાં શુભ આશયરૂપી વર્ષાઋતુને પ્રતાપે પ્રભુદર્શનથી સમ્યગ્દૃષ્ટિ મોર હર્ષ પામે અને મુનિગણરૂપી ચાતકસમૂહ પ્રભુની અનુભવમયવાણી સાંભળી પારણું કરે છે, એવું ચિત્ત-આલ્હાદક વર્ણન છે. કવિ કહે છે કે, નમિનાથ ભગવાનની સેવા કરવાના સંકલ્પરૂપ વર્ષાઋતુ ભવ્યજીવોના હૃદયમાં પ્રગટી છે. તેના પ્રતાપે મિથ્યાત્વરૂપી રૌરવ–ભયાનક ઉનાળો લોકોના ચિત્તમાંથી દૂર થયો છે અને શુદ્ધ આચરણના વાદળ વધ્યા છે, અને આત્મપરિણતિરૂપી શુદ્ધ વીજળી ચમકી રહી છે.

તો, હંસરત્નજી નામના પ્રસિદ્ધ ઉદયરત્નજીના વડીલ બંધુ કવિ પણ મુનિસુવ્રતસ્વામી સ્તવનમાં વાદળના શ્યામરંગ અને મુનિસુવ્રતસ્વામીની શ્યામરંગની સમાનતાનો લાભ લઈ જિનવાણીને વર્ષાઋતુ સાથે સરખાવી સુંદર રૂપક અલંકારની રચના કરે છે;

ઐન અષાઢો ઉમટ્યોજી, ત્રિભુવનને હિતકાર,<br>
જિનવર ઉલટ્યો એ જલધાર.

શ્યામ શરીરે ઓપે નખ ઉજાસ રે,<br>
જલઘટામાં જાણે વીજ પ્રકાશ રે.

મુનિસુવ્રતસ્વામીરૂપી અષાઢ માસ (વર્ષાઋતુ) ત્રિભુવનને હિતકારક આકાશમાં ઉલ્લસ્યો છે. જિનેશ્વરદેવ વાણીરૂપી જળધારાને વર્ષાવી રહ્યા છે. તેમના શ્યામશરીરમાં નખનો ઉજાસ જાણે જળઘટામાં વીજળીની જેમ ઝબકી રહ્યો છે.

આમ, જૈન સાહિત્યમાં વિવિધ કવિઓમાં વર્ષાઋતુના મનોરમ વર્ણનો જોવા મળે છે. હવે આપણે વર્ષાઋતુમાં પલટાતી દિનચર્યાની ચર્ચા કરીશું.

અષાઢ સુદ ચૌદસ એટલે લગભગ જુલાઈના મધ્યભાગથી ચાતુર્માસનો પ્રારંભ થતો હોય છે. ત્યારે વાસ્તવમાં મુંબઈમાં ૧૦ જૂનથી કે ગુજરાતમાં ૨૦ જૂનથી વર્ષાઋતુનો પ્રારંભ થતો હોય છે. આમ, આપણી વાસ્તવિક વર્ષાઋતુ અને વિધિવત્ ચાતુર્માસ પ્રારંભ

વચ્ચે લગભગ એક મહિનાનું અંતર રહે છે. આવા અંતરનું કારણ શું? એક જમાનામાં વાસ્તવિક વર્ષાઋતુનો પ્રારંભ અને અષાઢ સુદ ચૌદસ એક જ રહેતા. પરંતુ આકાશના અયનમાં અંતર આવતા નિરયન પચાંગનો સૌર પંચાગ સાથેનો સંબંધ છૂટી ગયો. આજે લગભગ સૌર અને નિરયન પંચાંગ વચ્ચે ૨૩ દિવસનું અંતર થયું છે. આથી વાસ્તવિક ઋતુ અને નિરયન પંચાંગ આધારિત ઋતુઓમાં ૨૩ દિવસનું અંતર છે, અને લગભગ દર ૭૨ વર્ષે એક દિવસનું અંતર વધતું જશે. આ અંતરના નિવારણ માટે પંચાંગકર્તાઓ પોત–પોતાની રીતે પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ એ એક સ્વતંત્ર ચર્ચાનો વિષય છે. એનો ઉકેલ લાવી શકાય તો ખૂબ ઉત્તમ પરિણામ મળે.

જૈનધર્મમાં ચાતુર્માસ એટલે કે વર્ષાઋતુ સબંધી ખાન-પાન, આહાર-વિહાર સંબંધી અનેક સૂચનાઓ આપવામાં આવી છે. આ સૂચનાઓમાં આયુર્વેદ, આહારવિજ્ઞાન અને અધ્યાત્મનો સુમેળ સાધવામાં આવ્યો છે. વર્ષાઋતુનો પ્રારંભ થતાં જ જીવોત્પત્તિની સંભાવના વધી જતી હોય છે, માટે આ ઋતુ દરમિયાન દળાયેલા લોટ, સુખડી વગેરેનો કાળ માત્ર ૧૫ દિવસ જેટલો અલ્પ થઈ જાય છે. એ જ રીતે આ ઋતુમાં પાંદડાવાળા શાકભાજી, સુકા મેવા (સુકા મેવામાં એ જ દિવસની ફોડેલી બદામ એ જ દિવસે વાપરી શકાય છે) આદિમાં જીવોત્પત્તિની શંકા વિશેષ રહેતી હોય છે, માટે આ ઋતુમાં વિશેષ વર્જ્ય ગણાવામાં આવે છે. (ઉત્તમ આરાધક વર્ગ તો ફાગણ ચોમાસાથી જ વર્જ્ય ગણે છે. પરંતુ જેઓ ઉનાળામાં વર્જ્ય નથી કરી શક્યા, તેઓ પણ આ ચાતુર્માસના ભેજવાળા સમયમાં વર્જ્ય ગણે છે.) આ આરાધનાનો સંબંધ ધર્મ સાથે તો છે જ. આ ઋતુમાં જીવોત્પત્તિ વિશેષ થતી હોય છે, આથી આ દિનચર્યાનો સંબંધ ધર્મની જેમજ વિજ્ઞાન સાથે રહ્યો છે. નવા ઉગેલા પાંદડાઓ વગેરેમાં અનેકવાર શરીરની સ્વસ્થતાને બગાડી દે એવા જીવજંતુઓનો પ્રવેશ થતો હોય છે. આથી દેહ અને આત્માની સ્વસ્થતા માટે આ કાળમાં સર્વ ભાજી, કોથમીર આદિ પાનને વર્જ્ય ગણવામાં આવ્યા છે.

વર્ષાઋતુમાં ઠંડક અને ભેજનું પ્રમાણ વિશેષ રહેતું હોવાથી આ ઋતુમાં ઊકાળેલા પાણીનો કાળ પણ ત્રણ પ્રહર (લગભગ ૯ કલાક) જેટલો ટૂંકો ગણવામાં આવે છે. ભેજને લીધે પાણીના પુદ્ગલોમાં ઝડપથી પરિવર્તન આવતું હોવાથી કાળમાં આ પરિવર્તન કરવામાં આવે છે. વળી, આ કાળમાં નવું પાણી ઝડપથી ન પચે તેવું હોવાથી આયુર્વેદની દૃષ્ટિએ કે આધુનિક હેલ્થ સાયન્સની દૃષ્ટિએ પણ ઊકાળેલું પાણી ઉત્તમ છે.

આ કાળમાં સાધુઓ તો મુખ્યરૂપે એક જ સ્થળે સ્થિર રહે, પરંતુ પૂર્વે શ્રાવકો પણ વર્ષાઋતુમાં પોતાના નગરની મર્યાદાની બહાર જતા નહોતા. પોતાના વેપાર-વાણિજ્યને ચાતુર્માસમાં મર્યાદિત કરી મુનિભગવંતો પાસે દેશનાનું શ્રવણ કરતા. શ્રીકૃષ્ણ મહારાજા અને કુમારપાળ મહારાજાએ કરેલી એકસ્થળીય ચાતુર્માસ આરાધના શાસ્ત્રમાં સુપ્રસિદ્ધ છે. વર્તમાનકાળમાં પણ અનેક શ્રાવકો ચાતુર્માસ દરમિયાન એક સ્થળે સ્થિરતા કરે છે. કેટલાક શ્રાવકો પાલીતાણા આદિ સ્થળે વ્યવહારથી નિવૃત્તિ પામી સદ્ગુરુની નિશ્રામાં ચાતુર્માસની આરાધના કરતા હોય છે.

ચાતુર્માસમાં એક સ્થળેથી બીજા સ્થળે જવું કષ્ટદાયક હોય છે. વળી, માર્ગમાં શેવાળ, ફૂગ, દેડકા, અળસિયા આદિ વર્ષાઋતુમાં ઉત્પન્ન થનારી જીવસૃષ્ટિ સવિશેષ હોવાથી તેમની જયણા માટે સર્વ ભારતીય શાસ્ત્રકારોએ ચાતુર્માસના વિવાહ, દીક્ષા આદિ કાર્યો વર્જ્ય ગણ્યા છે. એજ રીતે વર્ષાઋતુમાં બજારના મિષ્ટાન્ન, ફરસાણ આદિ તેમજ હૉટેલ આદિનું ભોજન પણ જયણાની દૃષ્ટિએ વર્જ્ય ગણવામાં આવ્યા છે. આ ઋતુ પ્રારંભ પૂર્વે જ દેરાસર, ઉપાશ્રય, સોસાયટી આદિમાં સફેદ પટ્ટાઓ કરાવવા જોઈએ, જેથી શેવાળ આદિની વિરાધનાથી બચી શકાય.

પૂર્વેના મહામુનિઓ ચાતુર્માસમાં પર્તવની ગુફાઓ આદિ સ્થળોમાં મૌનપૂર્વક દીર્ઘ ઉપવાસ આદિ તપનું આચરણ કરતા. આજે પણ મુનિઓ ગુરુની આજ્ઞાપૂર્વક ઉપાશ્રય આદિ સ્થળોમાં રહી માસક્ષમણ,

**શાંતિમૂર્તિ આચાર્યશ્રી દુર્લભસાગરસુરીશ્વરજી એવોર્ડ**

## શ્રી નંદલાલ દેવલુકને અર્પણ

પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી મહારાજ પ્રેરિત શાંતમૂર્તિ આચાર્યશ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી એવોર્ડ ભાવનગરના જાણીતા સંશોધક અને સંપાદક શ્રી નંદલાલ દેવલુકને અમદાવાદના શ્રી સારાલાલ સંઘવીના હસ્તે અર્પણ કરાયો.

અમદાવાદમાં વૈશાખ સુદિ ૧, શનિવાર તા. ૭-૫-૨૦૧૬ના રોજ યોજાયેલા એક શાનદાર કાર્યક્રમમાં આ પ્રસંગે ડૉ. યોગેન્દ્ર પારેખે પ્રવચન કર્યું હતું. પોતાના સન્માનનો પ્રત્યુત્તર આપતાં શ્રી નંદલાલ દેવલુકે કહ્યું કે આ મારું નહિ પરંતુ જૈન શાસનનું સન્માન છે.

પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજીએ શ્રી નંદલાલભાઈના કાર્યને ઈતિહાસ માટે અનિવાર્ય કાર્ય ગણાવ્યું હતું. જે સંઘ અથવા જે સમાજ ઉત્તમ ભવિષ્યની ઝંખના કરે છે તેને પોતાના ભૂતકાળનું, પોતાના ઈતિહાસનું જ્ઞાન હોવું જરૂરી છે. તેમણે પોતાના ગુરુદેવ પૂ. દુર્લભસાગરસૂરીશ્વરજી મહારાજને ભાવપૂર્વક સંભાર્યા હતા.

કાર્યક્રમનું સંચાલન શ્રી તેજસભાઈ શાહે કર્યું હતું. કાર્યક્રમના અંતે શ્રી જૈનિકભાઈ અને તેમના પરિવાર તરફથી સૌની ભક્તિ કરવામાં આવી હતી. આજના દિવસે અમદાવાદ ઉપરાંત ભાયંદર, ઘાટકોપર, ભાવનગર વગેરે સ્થળોથી ગુરુભક્તો ઉમટ્યા હતા.

અઠ્ઠાઈ, પંદર ઉપવાસ, વર્ધમાનતપની ઓળીઓ આદિ અનેક ઉત્કૃષ્ટ તપનું સમાચરણ ચાતુર્માસ દરમિયાન કરે છે. શ્રાવકો પણ આ ઋતુમાં યથાશક્તિ તપધર્મની આરાધના કરે છે. વર્ષાઋતુને લીધે જઠરાગ્નિ મંદ પડ્યો હોય, ત્યારે આયુર્વેદની દૃષ્ટિએ પણ ભોજનમાં વિરામ અને અંતર રાખવું આવશ્યક છે. વર્ષાઋતુમાં ઋતુચક્ર અનુસાર વાયુની ઉત્પત્તિ વિશેષ થતી હોય છે, માટે પણ હળવું ભોજન લેવું યોગ્ય છે.

આ વર્ષાઋતુમાં બહારનું આવાગમન બંધ થાય છે, એટલે આપણને આત્મસન્મુખ થવાનો સમય મળે છે. આ વર્ષાઋતુ બર્હિભાવ છોડી આપણને જિનવાણીના માધ્યમથી અંતર્મુખ થવાનો સંદેશ આપે છે. આપણે પણ આ સંદેશને ગ્રહણ કરી આત્મસ્વભાવમાં સ્થિરતા સાધવાના અમૂલ્ય અવસરને સફળ કરીએ.

વર્ષાઋતુમાં આવશ્યક જયણાની સાથે જ જળસંગ્રહની આપણી પ્રાચીન પદ્ધતિનો વિચાર કરવો આવશ્યક છે. આજે પણ ખંભાત, રાધનપુર આદિ સ્થળોમાં ટાંકાઓ મળે છે. આ ટાંકાઓમાં વર્ષાજળનો સંચય કરવામાં આવે છે. આ વર્ષાજળ દ્વારા જ વર્ષભરમાં પ્રક્ષાલ, દેરાસરશુદ્ધિ આદિ કાર્યો થતા, લોકો ઘરમાં પણ આ જ પાણી વાપરતા. આજે જ્યારે પાણીનો પ્રશ્ન એ એક Global સમસ્યા બની ચૂકી છે, ત્યારે વર્ષાઋતુના સમયમાં આપણી આ પ્રાચીન Roof Water Harvestingની પ્રથાને પુનઃ જીવિત કરવાની આવશ્યકતા છે.

ચાતુર્માસની ઋતુમાં જીવોત્પત્તિનું પ્રાધાન્ય હોવાથી તેમની રક્ષા માટે 'જયણાધર્મ' – દયાધર્મનું પ્રાધાન્ય છે. શાસ્ત્રમાં કહેવાયું છે; – 'जयणाओ धम्मं।' આ જયણા ધર્મના પાલન દ્વારા આપણા જીવમૈત્રીના પરિણામો વિકસિત થાય છે. સર્વ જીવો પ્રત્યેનો મૈત્રીભાવ વધુ દૃઢ બને છે.

આ જયણા ધર્મ જિનેશ્વરની આજ્ઞાસ્વરૂપ હોવાથી આ ચાતુર્માસમાં आणाओ धम्मं। નું પાલન થાય છે. જિનેશ્વરની આજ્ઞાની આરાધના જિનભક્તિસ્વરૂપ છે. તે ઉપરાંત ચાતુર્માસમાં જિનવાણી શ્રવણ, જિનપૂજા, પર્યુષણની ઉપાસના આદિ નિમિત્તોથી જિનભક્તિ દૃઢ બને છે, આમ જિનાજ્ઞાપાલન અને જિનભક્તિરૂપ બીજા ધર્મની આરાધના થાય છે.

આહારમાં સંયમ ધારણ કરવો, સામાયિક-પૌષધ આદિ વ્રતોની આરાધના, સમતાભાવમાં મનને સ્થિર કરવાથી આત્માના આનંદનો અનુભવ થાય છે અને ધીમે ધીમે જગતના બાહ્ય પદાર્થો પરત્વે વિરક્તિનો અનુભવ થાય છે, એટલે 'જડવિરક્તિ' અને 'આત્મસ્વભાવની સ્થિરતા'ની સાધના પણ ચાતુર્માસમાં સંકળાયેલી છે. 'सहावो धम्मो' આત્માનો સ્વભાવ એ જ ધર્મ છે.

આપણે પણ ચાતુર્માસનું આ નિમિત્ત પામી વર્ષાઋતુમાં વિકસ્વર થતા વનસ્પતિગણની જેમ જયણા (જીવમૈત્રી), આજ્ઞા (જિનભક્તિ) અને પુદ્ગલત્યાગ–સ્વસ્વભાવ સ્થિરતા (જડવિરક્તિ) રૂપ ધર્મની આરાધનામાં આગળ વધીએ એ જ શુભેચ્છા. ✷ ✷ ✷

અધ્યક્ષ ગુજરાતી વિભાગ, મુંબઈ વિદ્યાપીઠ, રાનડે ભવન, કાલીના–વિદ્યાનગરી, મુંબઈ-૪૦૦ ૦૯૮.
મોબાઈલ : ૯૮૯૨૬૭૮૨૭૮

## અવસર

### સુમધુર કંઠો માટે જિનભક્તિ સંગીત સ્પર્ધાઓ

વિશ્વભરમાં વીતરાગવાણી અનુગુંજિત કરવાના સદ્ગુરુ-આદેશથી પાંચેક દાયકાથી વર્ધમાન ભારતી-જિનભારતી, બેંગલોરની જિનભક્તિ સંગીત-સાહિત્ય પ્રકાશનની વિવિધ પ્રવૃત્તિઓ ચાલી. **શતાધિક** સંગીત રેકર્ડ કૃતિઓ (શ્રી આત્મસિદ્ધિ-ભક્તામર સ્તોત્રથી માંડીને મહાવીર-દર્શન (કથા) મંગલમય મહાવીર સુધીના) સ્ટુડિયો-રેકર્ડ થઈ. વિશ્વને ખૂણે ખૂણે પહોંચી. શાસ્ત્રીય અને દેશી રાગો, રવીન્દ્ર સંગીત અને સુગમ સંગીત આધારિત આ રેકર્ડ-કેસેટો-પેન ડ્રાઈવ ફિલ્મી ધૂનો વિના સર્જાઈ.

જૈન સંસ્કૃતિનો આ સંગીત-સાહિત્ય વારસો આવતી પેઢીને સાત્ત્વિક આધ્યાત્મિક સંગીતના રંગે રંગીને આપી જવો છે. આ અર્થે જિનભક્તિ સંગીતના નૂતન અવાજોને **શોધવા** અને તેમને 'જિનભારતી'ના **નવા રેકર્ડિંગોમાં જોડવા** નીચેની પ્રતિયોગિતાઓ-હરીફાઇઓ યોજાઈ છે. આમાં નીચેના **ત્રણ પ્રકારના શીર્ષકોની** વર્ધમાન ભારતીની રેકર્ડો–સી.ડી.માંથી તેમાંની ગેરફિલ્મી ધૂનો પરના, તે જ સ્વરરચનાના બબ્બે ગીતો ગાઈને, તેને પોતાની સી.ડી., અથવા પેન ડ્રાઈવમાં ભરીને મોકલવાના છે–**પર્યુષણ પૂર્વે ઓગસ્ટ ૨૦૧૬ના અંત સુધીમાં.** કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકે છે. આ માટે પ્રથમ નીચેનામાંથી એક, બે કે ત્રણેય વિભાગની બબ્બે સી. ડી. વળતર મૂલ્યે ખરીદવાની રહેશે. આ સ્પર્ધાઓ માટેનું એ જ પ્રવેશ-શૂલ્ક છે. પુરસ્કારો વિશાળ સી. ડી. સેટ. કોઈપણ એક કે ત્રણેય હરીફાઈઓમાં ભાગ લેવાના વિભાગો આ છે-

વિભાગ (૧) સી. ડી. શીર્ષકો–મહાવીર દર્શન, મંગલમય મહાવીર, જિનેશ્વર આરતી, જૈન રાસગરબા.

વિભાગ (૨) સી. ડી. શીર્ષકો–રાજપદ, પરમગુરુ પદ, ભક્તિકર્તવ્ય ઈ. શ્રીમદ્ રાજચંદ્રજીની કૃતિઓ.

વિભાગ (૩) સી. ડી. મહાયોગી આનંદઘન કે પદ, આનંદઘન સ્તવન ચોવીસ, અનુભવવાણી ઈ. આનંદઘનજીની કૃતિઓ.

આ સી. ડી. ખરીદવા, ઘેર બેઠાં મેળવવા અને વધુ વિગતો જાણવા બેંગલોરમાં સંપર્ક સૂત્ર : પ્રા. પ્રતાપકુમાર ટોલિયા (09611231580), સુમિત્રા ટોલિયા, (09845006542)

# ઉપનિષદમાં શરીર વિચાર

☐ ડૉ. નરેશ વેદ

ઉપનિષદો માનવ વિજ્ઞાનના ગ્રંથો છે, એમાં સૃષ્ટિ, સંસાર, જીવ, શરીર વગેરેની ઉત્પત્તિ કેવી રીતે થાય છે અને કેવી રીતે એનો નાશ થાય છે તેની વૈજ્ઞાનિક ઢબે સમજૂતી આપવામાં આવેલી છે, એમ આપણે વારંવાર જણાવ્યું છે.

આ લેખમાં આપણે મનુષ્ય શરીર કેવી રીતે ઉત્પન્ન થાય છે, એનું સ્વરૂપ અને કાર્ય કેવું છે, એનાં પ્રકારો કેવાં છે, એમાં શું રહે છે, એની કેવી અવસ્થાઓ થાય છે, તેમાં શું શું આવેલું છે, એનો મોહ કેમ થાય છે, એ ક્યારે છૂટે છે, એનો ક્ષય કેમ થાય છે—આ બધી બાબતોની એમાં વિગતવાર માહિતી આપવામાં આવેલી છે. આવી માહિતી આપતાં ઉપનિષદોમાં મુખ્ય ઉપનિષદો છેઃ કઠ ઉપનિષદ, તૈતિરીય ઉપનિષદ, છાંદોગ્ય ઉપનિષદ, શ્વેતાશ્વતર ઉપનિષદ, ગર્ભોપનિષદ અને શારીરિક ઉપનિષદ.

મનુષ્ય શરીર પાંચ ભૂત, પાંચ પ્રાણ, પાંચ કોષ અને એક ઈન્દ્રતત્ત્વ (આત્મા)ના સંયોગથી બનેલું છે. શરીર, પૃથ્વી, તેજ, વાયુ અને આકાશ જેવા પાંચ મહાભૂતોથી બનેલું હોવાને કારણે તેને પંચાત્મક કહેવામાં આવ્યું છે. તેમાં પૃથ્વી ઘન અને કઠિન (Solid) તત્ત્વ છે, શરીરમાં જે પ્રવાહી (Liquid) અને તરલ (Plazma) તત્ત્વ છે તે જળ છે, જે ઉષ્ણ (Heat) અને ઉષ્મા (Warmness) તત્ત્વ છે તે તેજ છે, તેમાં જે સંચરણ અને સંવહન (Conduction)નું કાર્ય કરે છે તે વાયુ તત્ત્વ છે. જે છિદ્રો છે તેને આકાશ (Space) તત્ત્વ કહેવામાં આવ્યાં છે. મનુષ્ય પોતાના શરીર દ્વારા પાંચ પ્રકારની ક્રિયાઓ કરે છે તે છેઃ (૧) શ્વસન ક્રિયા (Respiration), (૨) રુધિરાભિસરણ (Blood Circulation), (૩) ચયાપચય ક્રિયા (Metabolism), (૪) ઉત્સર્ગ ક્રિયા (Excretion), અને (૫) ચિંતન-મનન-વિમર્શણ ક્રિયા (Pondering). આ પાંચેય ક્રિયાઓમાં શ્વસનક્રિયા વાયુ વડે થાય છે. ચયાપચય ક્રિયા અગ્નિ વડે થાય છે. રુધિરાભિસરણ ક્રિયા જળ વડે થાય છે. ઉત્સર્ગ ક્રિયા પૃથ્વી તત્ત્વ દ્વારા થાય છે અને ચિંતન-મનન-વિમર્શણ અને નિદિધ્યાસનની ક્રિયામાં આકાશતત્ત્વ કાર્ય કરે છે.

આ શરીરમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો છે અને પાંચ કર્મેન્દ્રિયો છે. આ પાંચ જ્ઞાનેન્દ્રિયો એટલે આંખ, કાન, નાક, જીભ અને ત્વચા. આંખનું કામ જોવાનું છે, કાનનું કામ સાંભળવાનું છે, નાકનું કામ શ્વસનનું અને સુગંધ/દુર્ગંધ પારખવાનું છે, જીભનું કામ સ્વાદ લેવાનું છે અને ત્વચા (ચામડી)નું કામ સ્પર્શ વડે પદાર્થ ઠંડો કે ગરમ છે તે ઓળખવાનું છે. આ જ્ઞાનેન્દ્રિયોનું કાર્ય આપણી આસપાસ રહેલ સૃષ્ટિ અને પર્યાવરણને પરખવાનું હોવાથી એને એના દૈવત તરીકે ઉપનિષદો ઓળખાવે છે અને એને દેવતા કહે છે. વળી એનો સંબંધ ઋષિઓ સાથે જોડે છે. જેમકે, બે આંખો વિશ્વામિત્ર અને જમદગ્નિ, બે કાન ગૌતમ અને ભારદ્વાજ, બે નસકોરાં વસિષ્ઠ અને કશ્યપ, વાક્ અત્રિઋષિ. આ શરીર એ એક યજ્ઞ જ છે. એને ઉપનિષદો અધ્યાત્મ યજ્ઞ અથવા સોમયજ્ઞ કહીને ઓળખાવે છે.

શ્રોત્ર વગેરે પાંચ ઈન્દ્રિયો છે, એ શેના વડે પોતાનું કામ કરે છે, એના ઉત્તર રૂપે ઉપનિષદો જણાવે છે કે જે પાંચ મહાભૂતો છે, તેમના જે ગુણો છે, તેમાંથી તે પોતાની શક્તિ મેળવે છે. જેમ કે, આકાશમાં શ્રોત્ર, વાયુમાં ત્વચા, તેજમાં ચક્ષુ, જલમાં જિહ્વા, અને પૃથ્વીમાં ઘ્રાણ છે. તેથી આ ઈન્દ્રિયોના વિષયો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ છે, જેને તન્માત્રાઓ કહીએ છીએ, તે પંચ મહાભૂતોમાંથી ઉત્પન્ન થાય છે.

વાણી, હાથ, પગ, પાયુ (ગુદા) અને ઉપસ્થ (લિંગ)ને પાંચ કર્મેન્દ્રિયો કહે છે. આ ઈન્દ્રિયોના વિષય ક્રમશઃ વચન બોલવું, ગ્રહણ કરવું, ગમન કરવું, વિસર્જન કરવું અને આનંદ કરવો છે. આ કર્મેન્દ્રિયો પણ પાંચ મહાભૂતોના ગુણોમાંથી શક્તિમાન બને છે. કર્મેન્દ્રિયોની આધિભૌતિક શક્તિઓ ઉપર કહી તે મુજબ છે. પણ વાક્, પ્રાણ, ચક્ષુ અને મન એ ચાર તેની આધ્યાત્મિક શક્તિઓ છે અને એને પ્રેરનાર અગ્નિ, વાયુ, આદિત્ય અને ચંદ્ર તેની આધિદૈવિક શક્તિઓ છે. શરીરરૂપી સોમયજ્ઞમાં વાયુ, વાણી, જીભ, આંખ, કાન, મન, હાથ અને ત્વચા એ આઠ ગ્રહો છે અને અપાન વાયુ, નામ, રૂપ, રસ, શબ્દ, સ્પર્શ, સંકલ્પ અને કર્મ એ આઠ અતિગ્રહો છે.

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર અંતઃ (અંદરના) કરણ (સાધનો) છે. તેમના વિષયક્રમથી તે સંકલ્પ, વિકલ્પ, નિશ્ચય, તેમ અભિમાન અને અવધારણાનાં કાર્યો કરે છે. એટલે કે મનનું કામ મનન કરવાનું, બુદ્ધિનું કામ વિમર્શણ કરવાનું, ચિત્તનું કામ ચિંતન કરવાનું અને અહંનું કામ નિદિધ્યાસન કરવાનું છે. શરીરમાં મનનું સ્થાન ગળાના અંતભાગમાં છે. તેમ બુદ્ધિનું સ્થાન મુખમાં, અહંકારનું સ્થાન હૃદયમાં અને ચિત્તનું સ્થાન નાભિમાં રહેલું છે.

અસ્થિ (હાડકાં), ચર્મ (ચામડી), નાડી, રોમ (રુંવાટી) અને માંસ પૃથ્વીના અંશ છે. મૂત્ર, શુક્ર, રક્ત, સ્વેદ અને કફ જલના અંશ છે. ક્ષુધા (ભૂખ), તૃષા (તરસ), આળસ, મોહ અને મૈથુન અગ્નિના અંશ છે. દોડવું, ચાલવું, ઊડવું, ફેલાવવું અને પલકોનું પડવું વગેરે

વાયુના અંશ છે. કામ, ક્રોધ, ભય વગેરે આકાશના અંશ છે.

માનવ શરીર (૧) રસ (૨) રક્ત (૩) માંસ (૪) મેદ (૫) મજ્જા (૬) અસ્થિ અને શુક્ર એમ સાત ધાતુઓનું બનેલું છે. તેમાં અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એમ પાંચ કોષો રહેલા છે. તે કઠણ, મૃદુ, ચોષ્ય અને પેય–એમ ચાર પ્રકારના આહારથી પુષ્ટ થાય છે. તે મળ, મૂત્ર અને પ્રસ્વેદ–એવા ત્રણ મળોથી દોષયુક્ત છે. जायते (જન્મવું), अस्ति (અસ્તિત્વ ધરાવવું), वर्धते (વધવું), विपरिण मते (બીમાર થવું), अपक्षीयते (ક્ષીણ થવું), नश्यति (નાશ પામવો)–એવા છ ભાવ-વિકારો આ શરીરના છે. મધુર, ગળ્યો, ખાટો, તીખો, કડવો અન તૂરો–આ છ જાતના રસોનું આસ્વાદન કરતું હોવાથી આ શરીરને છ આશ્રયવાળું કહેવાય છે. આ શરીરની રચના એવી છે કે તેમાં એકની અંદર એક એમ શક્તિના સંપુટ રહેલા છે. તેથી ઉપનિષદના સ્રષ્ટાઓ શરીરને 'વસુધાનકોશ' કહીને પણ ઓળખાવે છે.

આ શરીર અશનાયા છે. એટલે કે તે અન્નને માટે વ્યાકુળ રહે છે. અન્નના આહાર વડે જ આ શરીર ટકી રહે છે. એટલે કે પ્રાણનો અન્નની સાથે સંબંધ છે. વળી, આ શરીરનું અસ્તિત્વ સત્ તત્ત્વ ઉપર નિર્ભર છે. તેથી આ શરીરને સદ્-આયાતન, સત્-પ્રતિષ્ઠા અને સત્-મૂલક પણ કહેવામાં આવ્યું છે.

મનુષ્ય જે અન્નાહાર કરે છે તેમાંથી તેને રસના પદાર્થોની પ્રાપ્તિ થાય છે. આ પદાર્થોથી જ રસ બને છે. રસથી લોહી, લોહીથી માંસ, માંસથી મેદ, મેદથી સ્નાયુ, સ્નાયુથી અસ્થિ, અસ્થિથી મજ્જા, અને મજ્જાથી શુક્ર (વીર્ય) ઉત્પન્ન થાય છે. આ સાત ધાતુઓ જ મનુષ્યશરીરની નિર્માતા છે. પુરુષ શુક્ર અને સ્ત્રી રજના સંયોગથી ગર્ભ બને છે. આ બધી ધાતુઓ હૃદયમાં રહે છે અને ત્યાં જ અંતરાગ્નિ ઉત્પન્ન થાય છે. અગ્નિના સ્થાનમાં પિત્ત રહે છે. પિત્તના સ્થાનમાં વાયુ રહે છે અને વાયુથી જ હૃદય બને છે.

ઋતુકાળે કરેલા સંવનન અને સંબંધથી શુક્ર અને રજ (શોણિત)ના યોગથી એક રાત્રિમાં કલન (ઝાઈગોટ) થાય છે. તે સાત રાત્રિમાં પરપોટો બની જાય છે અને એક પખવાડિયામાં તે પિંડ બને છે. એક માસના અંતે તે દૃઢ બને છે. બીજા માસના અંતે જીવનું મસ્તિષ્ક (માથું) બને છે. ત્રીજા માસે પગ બને છે. ચોથા માસે ઘૂંટણ, પેટ અને કમર બને છે. પાંચમા માસે વાંસો અને કરોડરજ્જુ બને છે. છઠ્ઠા માસે મોઢું, નાક, કાન, નેત્રો વગેરે બને છે. સાતમા માસે જીવયુક્ત થાય છે. આઠમા માસે સર્વ લક્ષણયુક્ત પરિપૂર્ણ શરીર બને છે. નવમા માસે જન્મ લે છે.

કલન સમયે શુક્રની અધિકતાથી પુત્ર અને રજની અધિકતાથી પુત્રી ઉત્પન્ન થાય છે. જો શુક્ર-રજ સમયાત્રામાં હોય તો નપુંસક બાળક જન્મે છે. સ્ત્રીપુરુષનો વ્યાકુળ મનઃસ્થિતિનો સંયોગ સંતાન આંધળું, લૂલું-લંગડું-કૂબડું વગેરે બનવાનું કારણ બને છે. વાયુના સામર્થ્યથી જ્યારે શુક્ર બે ભાગોમાં વહેંચાઈ જાય છે ત્યારે જોડિયાં બાળકો ઉત્પન્ન થાય છે.

જીવ અતિ કષ્ટપૂર્વક જન્મે છે. પણ જન્મતાંની સાથે જ વૈષ્ણવી વાયુ માયાનો સ્પર્શ થતાં જ તે પૂર્વ જન્મો અને મૃત્યુઓને ભૂલી જાય છે. એટલું જ નહિ તેના દ્વારા થયેલાં શુભ અને અશુભ કર્મોની તેની સ્મૃતિનો પણ લોપ થઈ જાય છે.

આ દેહ અથવા પિંડને શરીર કહેવાય છે કારણ કે જ્ઞાનાગ્નિ, દર્શનાગ્નિ અને જઠરાગ્નિરૂપી ત્રણ અગ્નિઓનો તેમાં નિવાસ છે. જ્ઞાનાગ્નિ શુભ અને અશુભ કર્મોને દર્શાવે છે. દર્શનાગ્નિ રૂપ દર્શાવનાર છે. જ્યારે ખાધેલા અને પીધેલા પદાર્થોને પચાવનાર જઠરાગ્નિ છે. અગ્નિ માટે દેહમાં ત્રણ સ્થાન છે–મુખમાં આહ્વનીય અગ્નિ, ઉદરમાં ગાર્હપત્યાગ્નિ અને હૃદયમાં દક્ષિણાગ્નિનો વાસ છે. આ શરીરરૂપ પુર (નગર)માં પ્રાણરૂપ અગ્નિઓ જ જાગે છે. અપાન વાયુ ગાર્હપત્ય અગ્નિ છે, વ્યાન વાયુ અન્વાહાર્યપચન અગ્નિ છે અને પ્રાણ આહ્વનીય અગ્નિ છે. અંદર ખેંચાતા ઉચ્છ્વાસ અને બહાર કાઢતા નિઃશ્વાસરૂપ બે આહુતિઓને જે સમાનપણે શરીરમાં લઈ જાય છે, તે સમાન વાયુ છે. મન યજ્ઞ કરનારો યજમાન છે. યજ્ઞનું ધારેલું ફળ તે ઉદાન વાયુ છે. આમ, વાયુ, પ્રાણ, વ્યાન, ઉદાન, અપાન અને સમાન એમ પાંચ રૂપે શરીરના પાંચ ભાગોમાં વહેંચાઈને પાંચ પ્રકારના કાર્યો કરે છે. (૧) નાડા (૨) કૂર્મ (૩) કૂકર (૪) દેવદત્ત અને (૫) ધનંજય–એ પાંચ ઉપ પ્રાણો છે. છીંક, ઉધરસ, આળસ, બગાસાં અને હેડકી જેવી જીવની


**ઘર બેઠાં વ્યાખ્યાનોનું શ્રવણ કરો**

- ૮૧મી વ્યાખ્યાનમાળાના બધાં જ વ્યાખ્યાનો આપ સંસ્થાની વેબ સાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર સાંભળી શકશો.
  સંપર્ક : શ્રી હિતેશ માયાણી-મો. નં. : 09820347990
- આ વ્યાખ્યાન આપ youtube ઉપર પણ જોઈ સાંભળી શકશો.
  સંપર્ક : દેવેન્દ્રભાઈ શાહ- 09223584041
  --Shree Mumbai Jain Yuvak Sangh - -81st Paryushan Vyakhyanmala-2015
- આ બધાં વ્યાખ્યાનોની CD પણ આપ અમારી ઑફિસેથી વિના મૂલ્યે મેળવી શકશો.

**CD સૌજન્યદાતા : કાંતિલાલ રમણલાલ પરીખ પરિવાર**
**સંપર્ક : હેમંત કાપડિયા-09029275322 / 022-23820296**
વ્યાખ્યાનોનો લાભ લેવા જિજ્ઞાસુ આત્માને વિનંતિ.
**–મેનેજર**

ક્રિયાઓ એમના દ્વારા થાય છે.

આ દેહ આગળ કહ્યું તેમ યજ્ઞસ્વરૂપ છે. તેમાં આત્મા યજમાનરૂપ છે, મન બ્રહ્મારૂપ છે અને લોભ વગેરે પશુરૂપ છે. ધૈર્ય તથા સંતોષરૂપી દીક્ષાઓ, બુદ્ધિ અને ઈન્દ્રિયો યજ્ઞનાં પાત્રો છે. કર્મેન્દ્રિયો હવીષિરૂપ છે. શિર, કપાળ, કેશ અને મુખ અન્તર્વેદી છે. મસ્તક ચતુષ્કપાલરૂપ અને મોંમાં રહેલા દાંતને ષોડષ કપાલ માનવામાં આવ્યા છે. માનવ શરીરમાં એંશી સંધિઓ, એકસો સાત મર્મસ્થાન, એકસો નવ સ્નાયુ અને સાતસો શિરાઓ છે. પાંચસો મજ્જાઓ, ત્રણસો આઠ હાડકાંઓ અને સાડા ચાર કરોડ રોમ છે. આઠ પલ હૃદય અને બાર પલ જીભ છે. એક પ્રસ્થ પિત્ત છે, કફ એક આઢક છે, શુક્ર એક કુડવ છે અને મેદ બે પ્રસ્થ છે. આ સિવાય આહારના પરિમાણ પ્રમાણે મળમૂત્રનું પરિમાણ હોય છે. આ પરિમાણ સહુમાં એકસરખું નથી હોતું. આ શરીરમાં અગિયાર છિદ્રો (દ્વાર) છે. એ છે : બે આંખ, બે કાન, બે નસકોરાં, એક મુખ, ગુહ્યેન્દ્રિય, ગુદા, નાભિ અને બ્રહ્મરંધ્ર.

મનુષ્યને ત્રણ શરીરો છે : (૧) અન્ન અને પ્રાણ વડે પોષાતું સ્થૂળ શરીર, (૨) જળ અને અપાનવાયુ વડે પોષાતું સૂક્ષ્મ શરીર અને (૩) વાણી અને વ્યાન વાયુ વડે પોષાતું કારણ શરીર. આજની ભાષામાં કહીએ તો સ્થૂળ શરીરની ક્ષમતા બુદ્ધિઆંક I.Q. (ઈન્ટલેક્ટ ક્વોશન) દ્વારા, સૂક્ષ્મ શરીરની ક્ષમતા ભાવાંક – E.Q. (ઈમોશનલ કવોશન) અને કારણ શરીરની ક્ષમતા અધ્યાત્મ આંક S.Q. (સ્પિરીચ્યુલ ક્વોશન)થી માપી શકાય. મનુષ્યની પ્રકૃતિ (સ્વભાવ) ત્રણ જાતની છે : સાત્ત્વિક, રાજસી અને તામસી. સૌથી શ્રેષ્ઠ સાત્ત્વિક પ્રકૃતિ છે, રાજસી પ્રકૃતિ મધ્યમ પ્રકારની છે, તથા તામસી પ્રકૃતિ અધમ પ્રકારની છે. સત્યનું જ્ઞાન સાત્ત્વિક છે, ધર્મનું જ્ઞાન રાજસી છે અને તિમિરાંધ અધર્મમૂઢતા તામસી છે.

શરીર એ જીવને રહેવાનું સ્થાન છે. જીવનનું ઉત્પત્તિ સ્થાન પ્રાણ છે અને પ્રાણનું ઉત્પત્તિ સ્થાન આત્મા છે. જેમ માણસની સાથે તેનો પડછાયો રહે છે, તેમ આત્માની સાથે પ્રાણ રહે છે. તે મનની સાથે શરીરમાં આવે છે. શરીરમાં પ્રાણના સંચાર માટે અસંખ્ય નાડીઓ છે. હૃદયમાં સો મૂળભૂત નાડીઓ છે, તેમાંની દરેક નાડીને સો સો શાખાનાડીઓ છે, અને દરેક શાખાનાડીને બોંતેર બોંતેર હજાર પ્રતિશાખાનાડીઓ છે. આ પ્રમાણે આ શરીરમાં કુલ બોંતેર કરોડ નાડીઓ છે. આ બધી નાડીઓમાં વ્યાનવાયુ પ્રાણશક્તિનો સંચાર કરે છે. મુખ્ય નાડીને નંદન નાડી અને શાખાનાડીઓને હિતા કહીને તેઓ ઓળખાવે છે. બોંતેર કરોડ નાડીઓમાંથી કોઈ એક નાડીના માર્ગ દ્વારા ઉદાન પ્રાણ આ શરીરમાંથી બહાર ચાલ્યો જાય છે. જો મનુષ્યના કર્મો શુભ હોય તો તે સૂર્યલોકમાં જાય છે, જો તેણે પાપકર્મો કર્યાં હોય તો તે અધોલોક તરફ જાય છે અને જો શુભ તથા અશુભ કર્મો સમાનરૂપે કર્યાં હોય તો તે મનુષ્યલોકમાં રહે છે. પાંચેય પ્રકારનો પ્રાણ મનુષ્યનું જેવું ચિત્ત હોય છે તે અનુસાર તે ગતિ અથવા જીવન પ્રાપ્ત કરે છે અને પ્રાણ જાય ત્યારે શરીરમાં રહેલ તેજ અથવા અગ્નિને લઈ જાય છે અને સાથે જ જીવાત્માનું જે પ્રકારે ચિત્ત હોય છે, તેવા જ પ્રકારની યોનિને પ્રાપ્ત કરે છે.

આ જીવ તે જ આત્મા. આ આત્મા ચાર પાદ (અવસ્થા)વાળો છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય એમ તેની ચાર પ્રકારની અવસ્થાઓ છે. તેને આ ઋષિઓએ (૧) વૈશ્વાનર (૨) તૈજસ (૩) પ્રાજ્ઞ અને (૪) અદ્વૈત કહીને ઓળખાવી છે. તેમાં ચેતનાની ક્રમશઃ ચાર જાતની અવસ્થા હોય છે : (૧) બહિર્મુખી (૨) અંતર્મુખી (૩) ચેતોમુખી અને (૪) શિવમુખી. આ ચતુર્વ્યૂહાત્મક એકતાનો પ્રતિપાદક શબ્દ છે ૐ. જાગ્રત અવસ્થામાં પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને ચાર અંતઃકરણ રહેલાં હોય છે. સ્વપ્નમાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહં જેવાં ચાર અંતઃકરણો રહેલાં હોય છે. સુષુપ્તિમાં કેવળ એક ચિત્ત રહે છે. જ્યારે તુરીય અવસ્થામાં ફક્ત આત્મા જ રહે છે. જો આ ચારેય અવસ્થાઓની શક્તિને વશ કરવામાં ન આવે તો એ શક્તિઓ ચિત્તવૃત્તિને જુદી જુદી દિશાઓમાં ખેંચતી રહે છે. મનની (ચેતનાની) આ ચારેય અવસ્થાઓને યોગવિદ્યા દ્વારા વશ કરી શકાય છે. યોગવિદ્યા આ અવસ્થાઓને તો વશ કરી લે છે, ઉપરાંત, આપણાં મન, વાણી, પ્રાણ અને શુક્ર જેવાં ચંચળ તત્ત્વોને પણ વશ કરી લે છે. તે આપણી અંદર એવી એક શક્તિનું નિર્માણ કરે છે જેનાથી મનુષ્ય પોતાના જીવનકાળમાં સશરીર અમૃતના અક્ષર પ્રવાહનું ગ્રહણ કરી શકે.

જોઈ શકાશે કે આપણા પૂર્વજો આ ઋષિમુનિઓએ આપણા શરીરશાસ્ત્રનું કેટલી ઝીણવટથી નિરૂપણ કર્યું છે. એ ઘણું સૂક્ષ્મ છે, તેમ દ્યોતક પણ છે. આજના પશ્ચિમી શરીરવિજ્ઞાન, મનોવિજ્ઞાન, પૃથક્કરણ વિજ્ઞાનની સમાંતરે ચાલે એવું, અને કેટલેક ઠેકાણે તો એથીયે આગળ નિકળી જતું જણાય છે. આપણે આપણા શાસ્ત્રગ્રંથો તરફનો આપણો પૂર્વગ્રહ છોડી, એના ભણી ક્યારે વળીશું?

✷✷✷

૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર.
ફોન નં. : 02692-233750 Mob. : 09727 333000

'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.
'પ્રબુદ્ધ જીવન'ના ખાસ અંક માટેના સૌજન્યનું અનુદાન રૂપિયા ચાલીસ હજાર છે.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

# એક અવિસ્મરણીય પ્રસંગ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે સૌપ્રથમવાર ૨૦૧૦ની ૭, ૮, ૯ ઑક્ટોબરે ત્રિદિવસીય 'મહાવીર કથા'નું આયોજન કર્યું. સળંગ ત્રણ દિવસ સુધી કોઈ તીર્થંકર કે વિભૂતિના જીવનને વિશાળ લોકસમુદાયના હૃદયને સ્પર્શે એવી રીતે કથાસ્વરૂપે પ્રસ્તુતિ કરવાની સંઘના દૃષ્ટિવંત મંત્રી સ્વ. શ્રી ધનવંતભાઈ શાહની પરિકલ્પના હતી. એમની એ પરિકલ્પનાને સાકાર કરવા માટે એમને સાથ મળ્યો પ્રખર વક્તા, જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક, સાહિત્યકાર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈનો, ગંગોત્રીમાંથી નીકળીને જેમ ગંગાનો વિશાળ પટ સર્જાય, તેમ 'મહાવીર કથા'થી શરૂ થયેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની આ વિશિષ્ટ કથાઓની પ્રસ્તુતિ એ પછી પ્રતિવર્ષ શ્રી મહાવીર જન્મ કલ્યાણકના દિવસ નિમિત્તે ત્રિદિવસીય કથા રૂપે થતી રહી.

ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા પ્રસ્તુત થતી પ્રવાહી, રસળતી અને રોમાંચક કથાને એટલો બધો આવકાર મળ્યો કે પ્રત્યેક કથાને અંતે આગામી કથાનો વિષય શ્રોતાઓની લાગણીને અનુલક્ષીને નક્કી થઈ જતો. આમ એક વર્ષ પૂર્વેથી શ્રોતાજનોના મનમાં કથાશ્રવણની આતુરતા રહ્યા કરતી.

'શ્રી મહાવીરકથા' પછી 'શ્રી ગૌતમકથા', 'શ્રી ઋષભકથા', 'શ્રી નેમ-રાજુલ કથા', 'શ્રી પાર્શ્વપદ્માવતી કથા' અને ગયે વર્ષે 'કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય કથા'નું આયોજન થયું. આ પરંપરામાં ડૉ. કુમારપાળ દેસાઈની જ્ઞાનગહન, ચિંતનયુક્ત છટાદાર વાણીમાં આ વર્ષે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ભગવાન મહાવીર જન્મકલ્યાણક નિમિત્તે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની 'શ્રીમદ્ રાજચંદ્ર કથા'નું આયોજન ભારતીય વિદ્યાભવનમાં ગત ૨૨મી થી ૨૪મી એપ્રિલ સુધી કરવામાં આવ્યું હતું. કથાના સૌજન્યદાતા શ્રી રાજ સૌભાગ સત્સંગ મંડળ (સાયલા) હતું. સી. યુ. શાહની સ્મૃતિમાં આ કથા યોજાઈ હતી. આ કથામાં શ્રી રાજ સૌભાગ સત્સંગ મંડળના પૂ. વિક્રમભાઈ શાહ અને સાથીઓએ ગીત-સંગીત પીરસ્યું હતું.

આ પ્રસંગે 'સંઘ'ના ઉપપ્રમુખ નીતિન સોનાવાલાએ જણાવ્યું હતું કે ડૉ. કુમારપાળ દેસાઈએ શિક્ષણ, સાહિત્ય, ધર્મદર્શન, માનવસેવાનાં ક્ષેત્રોમાં મહત્ત્વનું કાર્ય કર્યું છે. ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરતા ગુજરાતી વિશ્વકોશના કર્ણધાર ડૉ. કુમારપાળ દેસાઈએ જૈન ધર્મ વિશે ૮૦ સહિત કુલ ૧૨૫ પુસ્તકો લખ્યા છે. તેમણે અંગ્રેજી ભાષામાં ૧૩ પુસ્તકો લખ્યાં છે એમ સોનાવાલાએ ઉમેર્યું હતું. આ કાર્યક્રમમાં દીપપ્રાગટ્ય સંઘના પ્રમુખ ચંદ્રકાંત ડી. શાહ, પૂ. ભાઈશ્રી નલિનભાઈ કોઠારી, મીનળબહેન શાહ, નીરુબહેન શાહ, નીતિનભાઈ સોનાવાલા અને સ્મિતાબહેન ધનવંત શાહના હસ્તે થયું હતું. કથાના પ્રારંભમાં થોડા સમય પહેલાં જ અવસાન પામેલા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કર્મનિષ્ઠ મંત્રી અને સર્જક ડૉ. ધનવંતભાઈ શાહના માનમાં બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં 'પ્રબુદ્ધ જીવન'ના ડૉ. ધનવંત શાહ વિશેના ખાસ અંકનું લોકાર્પણ ડૉ. કુમારપાળ દેસાઈએ કર્યું હતું. આ કાર્યક્રમની સાથોસાથ સુરેશ ગાલા લિખિત 'ભગવદ્ગીતા અને જૈનધર્મ', પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ દ્વારા સંકલિત 'પંથે પંથે પાથેય' તેમજ ગીતાબહેન જૈન દ્વારા લિખિત અને રમઝાન હસાણીયા સંપાદિત પ્રેરણાત્મક લેખોના સંગ્રહ-'રવમાં નિરવતા'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. સેજલબહેન શાહે જણાવ્યું કે ડૉ. કુમારપાળભાઈ દેસાઈની કથા આવતા વર્ષે ફરી યોજાય ત્યાં સુધી સ્વાધ્યાય, ચિંતન અને મનનનું ભાથું આપી જશે. આપણે શ્રીમદ્ રાજચંદ્રને જાણવા અને માણવાના છે. તમને તે કેમ અનુકૂળ નથી આવતા તેનો વિચાર કરો અને પછી તેમને અંદર સ્વીકારતા જાવ. વિક્રમભાઈ શાહ અને મીનળબહેન શાહે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. સેજલબહેન શાહે કરી હતી.

ડૉ. કુમારપાળ દેસાઈએ શ્રીમદ્ રાજચંદ્ર કથા રજૂ કરતાં જણાવ્યું હતું કે શ્રીમદ્ રાજચંદ્રનું જીવન સાગર જેવું હતું. તેમાંથી થોડાં બિન્દુ તમને પહોંચાડવાનો પ્રયત્ન કરીશ. માંડ એમના જીવન વિશેની વાત જ આવરી લેવાશે દર્શન વિશે પછી ક્યારેક. અંતરમાં આરત, હૃદયમાં ભક્તિ અને આંખમાં શ્રદ્ધા હોય, ત્યારે આ કથા પામી શકાય. આપણી અને વિરલ મહાનુભાવોની ફૂટપટ્ટી અલગ હોય છે. આપણી ફૂટપટ્ટીથી તેમને પામી ન શકાય. માત્ર ૩૩ વર્ષમાં તેમણે મોટું કામ કર્યું છે. યજ્ઞોમાં હિંસા, સ્ત્રીઓની દુર્દશા અને શાસ્ત્રોની ઈજારાશાહી હતી, ત્યારે ભગવાન મહાવીરે જન્મ લીધો. મંત્રતંત્રનો મહિમા હતો અને સંતો જાણે જાદુગરની જેમ વર્તતા હતા ત્યારે શ્રીમદ્ રાજચંદ્રએ જન્મ લીધો હતો. જગતને જગાડવાની જરૂર હોય ત્યારે આવા તીર્થંકરો અને સંત પુરુષો આવે છે. રાજચંદ્ર નિષ્કામ કરુણા કરનારા હતા, એટલું જ નહીં પણ આશ્ચર્ય સમાન હતા. રાજચંદ્રના અલૌકિક સ્વરૂપને જુઓ ત્યારે તમને જાણે મંદિરમાં ગયા હોય એવો ભાવ થાય. રાજચંદ્રએ લોકોને મૂળ માર્ગ ઉપર સ્થાપિત કર્યા હતા.

રાજચંદ્રના માતા દેવમાએ ઘરે આવેલા વૃદ્ધ આડતિયાની સેવા કરી હતી. તે આડતિયાએ આશીર્વાદ આપ્યા કે તમારે ત્યાં પ્રભુ ૭૧ કુળ ઉજાળે એવો પુત્ર આપે. રાજચંદ્રના દાદા આર્થિક તકલીફમાં આવ્યા ત્યારે દેવમાએ પોતાના દાગીના કાઢીને આપ્યા હતા.

વિક્રમ સંવત ૧૯૨૪માં કાર્તિકપૂનમના દિવસે રાજચંદ્રનો જન્મ થયો હતો. ગુરુ નાનક અને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પણ કાર્તિક પૂનમે જન્મ્યા હતા. ભગવાન મહાવીરના જન્મ સમયે સુખ-શાંતિ વર્ધમાન એટલે વૃદ્ધિ પમ્યા હતા. રાજચંદ્રના જન્મ સમયે મોરબી અને કચ્છના રાજા વચ્ચેનો ઝઘડો શમી ગયો હતો.

રાજચંદ્રનું મૂળ નામ લક્ષ્મીનંદન હતું. લક્ષ્મીનંદનના દાદા કૃષ્ણનું ગીત ગાતા અને દેવમા ભકતામર સ્તોત્ર બોલતા. આ પ્રકારનું ધાર્મિક ઔદાર્ય તેમના પરિવારમાં હતું. રાજચંદ્રએ એકવાર પોતાના ગામના સંત શ્રી રામબાઈમાને કુષ્ઠરોગના રોગીઓની સેવા કરતાં જોઈને પૂછ્યું,'મા ! તમને રક્તપિતના દર્દીની સેવા કરવામાં સૂગ નથી ચઢતી?' રામબાઈમાએ સમજાવ્યું કે તું બહારનું જુએ છે. આ જગતમિથ્યા છે એટલે દેહ પણ મિથ્યા છે. વાસના હોય ત્યાં દેહની સુંદરતાની વાત આવે. વિકાર શરીરમાં હોય છે. દેહ ઉપર તો અહંકાર અને મમતા વગેરે આવે છે. આપણા જેવા આત્માનંદી સાધકો માટે દેહદર્શન વ્યર્થ છે. શ્રીમદ્ રાજચંદ્ર બાળપણમાં વૈષ્ણવની કંઠી પહેરતા, પણ એ પછી તેઓ જૈન ધર્મ તરફ વળ્યા. ગામના એક ભલા માણસ અમીચંદભાઈ સર્પદંશથી ગુજરી ગયા ત્યારે બાળ રાજચંદ્રએ તેમના દાદા પંચાણભાઈ પાસે જીદ કરી કે 'ગુજરી જવું એટલે શું' તે સમજાવો. દાદાએ તેમને મૃત્યુ વિશે સમજાવ્યું હતું. સાતથી આઠ વર્ષની વયે જ વૈરાગ્યનો પ્રાદુર્ભાવ થયો અને નક્કી કર્યું કે મોક્ષમાર્ગની પ્રવૃત્તિ કરવી. સાતમા વર્ષે અક્ષરજ્ઞાન મેળવ્યા પછી આઠમા વર્ષે કવિતા રચવાની શરૂઆત કરી. ૧૧મા વર્ષની ઉંમરે ચોપાનીયામાં લેખો આવતા અને ઈનામો મેળવતાં. તેમણે તે સમયે સ્ત્રી કેળવણીની હિમાયત કરતા લેખો લખ્યા હતા. ૧૬મા વર્ષે તેમણે 'મોક્ષમાળા' ગ્રંથનું સર્જન કર્યું. તેમાં ભવભ્રમણનો કેવી રીતે અંત આણવો અને સર્વ સંગ પરિત્યાગની વાત તેમાં કરવામાં આવી છે.

કોઈ પ્રશ્ન પૂછે કે માર્ગદર્શન માગે, ત્યારે શ્રીમદ્ રાજચંદ્ર ઉત્તર આપતા કે 'આત્માને રૂડું લાગે એવું કરજો.' આપણા આચાર અને વ્યવહારમાં પ્રશ્નો કે વિકલ્પો આવે ત્યારે આ એક માત્ર વાતથી જે રીતે વૃક્ષ પરથી પર્ણો ખરી પડે એમ સમસ્યા ખરી પડે. એ સમયે પૃથ્વી છે કે નહીં? તે સૂર્યની આસપાસ ફરે છે કે કેમ? એ બાબત ઉપર શાબ્દિક યુદ્ધો થયા છે. તે અંગે તેઓ કહેતા કે આ અફળ વિવાદને બદલે આત્મા અને જીવન વિશે વિચારો. આત્મ-ઉન્નતિ કેવી રીતે કરવી તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આપણે શ્વેતામ્બર અને દિગમ્બરને બદલે જૈનત્વનો વિચાર કરવો જોઈએ.

તેમની સ્મરણશક્તિ અતિ તીવ્ર અને અદ્ભુત હતી. તેમણે વિક્રમ સંવત ૧૯૪૦માં ૧૬ વર્ષની ઉંમરે મોરબીના વસંતબાગમાં ૧૨ અવધાનના પ્રયોગ કર્યા. તેમની કવિ, શાસ્ત્રજ્ઞ અને જ્ઞાની તરીકે ખ્યાતિ હતી. ત્યારપછી એમની અદ્ભુત સ્મરણશક્તિની ચર્ચા પણ થવા માંડી હતી. જામનગરમાં અવધાનના પ્રયોગો પછી તેમને 'હિન્દના હીરા'નું બિરૂદ આપ્યું હતું. વઢવાણના અવધાનના પ્રયોગ પછી અંગ્રેજ અધિકારી કર્નલ એચ. એલ. નટે પુષ્કળ પ્રશંસા કરી અને તેમની આ અદ્ભુત સ્મરણશક્તિની ચર્ચા સામયિકોમાં થવા માંડી હતી. મુંબઈમાં ફરામજી કાવસજી ઈન્સ્ટિટ્યુટના હૉલમાં ૧૯ વર્ષની ઉંમરે કરેલા શતાવધાનના પ્રયોગથી હાઈકોર્ટના ન્યાયાધીશ ચાર્લ્સ સાર્જન્ટ અને ડૉ. પીટર્સન પણ તેમનાથી પ્રભાવિત થયા હતા. એક વિદ્વાનના જણાવ્યા અનુસાર શ્રીમદ્ રાજચંદ્ર કલાકમાં ૧૨૦૦ શ્લોક યાદ કરી લેવાની ક્ષમતા ધરાવતા હતા. તેઓ વાનગી માત્ર જોઈને તેમાં મીઠું ઓછું કે વધારે તે કહી શકતા હતા. તેઓ હંમેશાં અંતર્મુખતા પર અને અંતકરણની શુદ્ધિ પર ભાર મૂકતા હતા. મુખ્ય ન્યાયમૂર્તિ ચાર્લ્સ સાર્જન્ટે શ્રીમદ્ રાજચંદ્રને કહ્યું, તમારી અદ્ભુત બૌદ્ધિક પ્રતિભા અને સ્મરણશક્તિની ખરી કદર તો બ્રિટનમાં થઈ શકે. તમે ત્યાં ચાલો. કૃપાળુદેવે વિચાર્યું કે બ્રિટન જવું એ મારા જીવનનું પ્રયોજન નથી.

આપણે જીવનના પ્રયોજન વિશે વિચારવું જોઈએ. આપણે મન દોડાવે એમ ઇંદ્રિયોના ભૌતિક સુખો પાછળ દોડ્યા કરીએ છીએ. મનથી ચાલે એ ભિક્ષુ છે. તેનું કારણ મન તેને હંમેશાં ભિક્ષુક રાખશે. મનને જીતે તે મુમુક્ષુ છે. એકવાર સ્ત્રીઓ કાવીઠા ગામમાં ભારો માથે મૂકીને જતી હતી, ત્યારે તેમણે શ્રીમદ્ રાજચંદ્રને જોઈને ટીપ્પણ કરી કે આ બધા વાણિયા જંગલમાં શું જોવા જતા હશે? તે અંગે શ્રીમદે જે ઉત્તર આપ્યો તે અદ્ભુત છે. તેમણે કહ્યું કે અમે અમારી શોધ કરવા જઈએ છીએ. એમની દૃષ્ટિ કેટલી બધી ભીતર પ્રતિ હતી.

વિક્રમ સંવત ૧૯૪૭થી જ્યોતિષ અને અવધાનના પ્રયોગ બંધ કર્યા. જગતને આકર્ષનારાં બાહ્ય પ્રદર્શનોને તેમણે સાપ કાંચળી ઉતારી મૂકે એમ ઉતારી દીધા હતા. કઈ રીતે પરમાર્થ લાભ થાય? એ જ બાબતને લક્ષ્ય બનાવ્યું હતું. આ જગતની બધી વસ્તુ ભયાવહ છે અને માત્ર અભય વૈરાગ્ય વડે પ્રાપ્ત થઈ શકે. જીવનમાં ભૌતિકતા અજંપો આપે છે. છપ્પનિયા દુષ્કાળ વખતે શ્રીમદ્ના પિતા રવજીભાઈ અને માતા દેવમાએ ખેડૂતોને મદદ કરી હતી. કરુણા અને સેવાના ફળરૂપે તેઓના પરિવારમાં શ્રીમદ્ જન્મ્યા એવું કહી શકાય. શ્રીમદ્ ઘોડાગાડીમાં બેસે તો ઘોડાને ચાબુક મારવાની ના પાડતા. ઘોડાગાડીવાળાને કહેતા કે 'જલ્દી ચાલ એમ પણ તારે ન કહેવું.' જીવમાત્ર પ્રત્યેની તેમની ચિંતા આપણે જગતમાં મૂકી હોય તો હાલ

પ્રત્યેક ૨૦ મિનિટે પશુ કે પક્ષીની એક જાતિ નષ્ટ થાય છે એવી સ્થિતિ સર્જાઈ ન હોત.

જૈન ધર્મમાં માતાનો મહિમા વિશિષ્ટ છે. શ્રીમદે માતાને પુછ્યું કે 'તમે મોક્ષમાં આવશો?' માતા કહે, 'મોક્ષ એ શું છે?' શ્રીમદ્ માતાને કહે છે 'મારે વનમાં જવા પરવાનગી જોઈએ છીએ.' માતા કહે છે કે 'તું મારા કુળનો દીવો છે અમે તને સાધુ થવાની રજા કેવી રીતે આપીએ.' માતા ચોધાર આંસુએ રડે છે. શ્રીમદ્ કહે છે–'જીવતો જોગી હશે તો તને મોઢું જોવા મળશે. તારે આંગણે આવી ખબર પૂછશે. હવે દુઃખ ન લગાડશો. ભાઈ મનસુખ માનું ધ્યાન રાખશે. માતા તમે જે કહેશો એમ કરીશ.'

શ્રીમદ્‌માં વૈરાગ્યનો રંગ લાગ્યો હતો, પણ પરિવારજનોનું મન રાખવા ૨૧મા વર્ષે પોપટભાઈ ઝવેરીના દીકરી ઝવલબહેન સાથે વિક્રમ સંવત ૧૯૪૬ના પોષ સુદ ૧૨ના દિવસે લગ્ન કર્યા. સંસારસુખ પ્રત્યે ઉદાસીનતા છતાં તે ભોગવવું પડતું હતું. 'હૃદયની આજ્ઞા એક અને ચરણનાં ચાલવાં જુદાં' એવો સંઘર્ષ મનમાં ચાલતો હતો. તેમનો આ સંઘર્ષ સમજી શકે એવું આજુબાજુ કોઈ નહોતું. એમના પુત્રી ઝવલબહેને લખ્યું છે કે તેઓ સંસારમાં હતા, પણ તેમની મા કહેતા કે 'એ સંસારમાં રહેતા સાધુ જેવા છે.' ચિંતન તે આત્મશક્તિ અને મોક્ષનું ચાલતું હોય અને વ્યવહાર દ્રવ્યનો કરવો પડે. આ સંઘર્ષ સાધકના જીવનમાં આવે. ૬૮ વર્ષના સોભાગભાઈ ૨૩ વર્ષના શ્રીમદ્‌ને બીજ મંત્ર આપવા આવ્યા. વિક્રમ સંવત ૧૯૪૬ના ભાદરવાથી સોભાગભાઈ સાથેનો તેમને સંબંધ સાત વર્ષ રહ્યો. સોભાગભાઈ અંજારની દુકાન સંબંધી વ્યવહારિક પ્રશ્નો વિષે માર્ગદર્શન માગતા, ત્યારે તેઓ ઉત્સાહમાં કહેતા કે અકળાવાના બદલે સમભાવથી સહન કરો.

મહાત્મા ગાંધીજી મુંબઈમાં આવ્યા પછી તેમનો પરિચય શ્રીમદ્ રાજચંદ્ર સાથે થયો હતો. તેમણે ડરબનથી પત્રો લખીને શ્રીમદ્ રાજચંદ્રને આધ્યાત્મિક બાબતો અંગે પ્રશ્નો પૂછ્યા હતા. ગાંધીજી લખે છે કે શ્રીમદ્ રાજચંદ્ર પ્રજ્ઞા અને અનુભવજ્ઞાનથી ઉત્તર આપતા હતા. જેનું ત્રીજું નેત્ર ખૂલ્યું હોય, તે પ્રજ્ઞાથી ઉત્તર આપી શકે. તેમણે ગાંધીજીને વાંચવા માટે સૌથી પહેલું પુસ્તક 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' આપ્યું હતું. શ્રીમદ્ રાજચંદ્રએ જૈન ધર્મ નહીં, પણ તેમના હિન્દુ ધર્મનું પુસ્તક આપ્યું તે બતાવે છે કે તેમના વિચાર અને દર્શન આકાશ જેટલા વિશાળ હતા. ગાંધીજીએ કહ્યું કે મારા માટે ગીતાનું પુસ્તક આત્માનું ઔષધ બની રહ્યું. તેમણે 'પંચીકરણ', 'યોગવશિષ્ઠ' અને આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજનું 'ષડદર્શન સમુચ્ચય' જેવાં ગ્રંથો આપ્યા હતા.

ગાંધીજીએ લખ્યું છે કે મેં 'મોક્ષમાળા' અને 'વચનામૃત' આખા વાંચ્યા હતા. અત્યાર સુધી હિન્દુ ધર્મથી દૂર જતો હતો, પણ તે ગૂઢ, સૂક્ષ્મ અને આત્માનું નિરીક્ષણ છે. તેમાં દયા છે, તેવું બીજા ધર્મોમાં નથી તે શ્રીમદ્ રાજચંદ્રને કારણે સમજાયું. ગાંધીજીની હિન્દુ ધર્મ અંગેની શંકાઓ દૂર થઈ. બંને વચ્ચે ૨૦૦ પત્રો લખાયા હતા એમ સ્વયં ગાંધીજીએ નોંધ્યું છે. આ સમયે ગાંધીજીએ એમ પણ લખ્યું કે શ્રીમદ્ રાજચંદ્ર પોતાના સમયના શ્રેષ્ઠ ભારતીય હતા. ભારતમાં અનેક સાધુસંતો અને વિદ્વાનો હતા, આમ છતાં ગાંધીજીએ તેમને મહાન આત્મજ્ઞાની ગણાવ્યા હતા. તેમણે કહ્યું છે કે તેમનું જીવવું એ જ મોટી સેવા છે. તેમણે આપેલા ગ્રંથો વાંચવાથી મને સર્વોત્કૃષ્ટ શાંતિ પ્રાપ્ત થઈ છે. મહત્મા ગાંધીજી એકવાર વઢવાણ આવ્યા ત્યારે તેમણે કહ્યું હતું કે શ્રીમદ્‌ને જગતના તાપનું દરદ અસહ્ય હતું. માત્ર શરીરનું દરદ હોત, તો તેઓ જીવી શક્યા હોત. મહાત્મા ગાંધીજી કહે છે કે તેમની પાસે ચાર વસ્તુ શીખી શકીએ. પહેલી શાશ્વત વસ્તુમાં તન્મયતા રાખવી. નશ્વર વસ્તુનો અનાદર કરવો. બીજું, આખા સંસાર સાથે એકસરખી વૃત્તિથી વ્યવહાર કરવાની સરળતા. ત્રીજું સત્ય અને ચોથું અહિંસામય જીવન.

શ્રીમદ્ રાજચંદ્રએ રચેલું ૧૪૨ દોહરા ધરાવતું 'આત્મસિદ્ધિશાસ્ત્ર' એ તર્કની ખોજ નહોતી, પણ એમને થયેલો આત્માનો અનુભવ છે. તેમાં માત્ર શાસ્ત્રનું જ્ઞાન જ નથી. તેમાં આત્માની અનુભૂતિ અને આંતરિક અનુભવજ્ઞાનનો નિચોડ છે. વિક્રમ સંવત ૧૯૫૨માં શરદપૂનમના બીજા દિવસે મહામુમુક્ષુ અંબાલાલભાઈને કહ્યું, 'તમે ફાનસ લાવો.' પ્રબળ આત્મસ્ફુરણાની મદદથી તેમણે માત્ર દોઢથી બે કલાકમાં અવનિ પરનું અમૃત સમું અને જીવનને સંજીવની આપનારું આત્મસિદ્ધિશાસ્ત્ર રચ્યું. ૧૪૨ દોહરાની અમૃતવેલ સમાન આત્માસિદ્ધિશાસ્ત્રમાં આત્મપ્રતીતિ, આત્માનુભવ અને આત્માનંદની વાત છે. આ


**'પ્રબુદ્ધ જીવન' હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ**

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ www.mumbai–jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે.

જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. **વિના મૂલ્યે** અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી.ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેક્ચ્યુઅલ
હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક : સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

સંકલ્પથી નહીં, પણ સહજતાથી લખાઈ છે. તેની પરિભાષા જૈનદર્શનની છે, પણ તે આખા જગત માટે છે. આત્મસિદ્ધિ એ જ આપણી આવતીકાલને ઉજાળનાર અને મોક્ષમાર્ગની દીવાદાંડી છે. તે આત્મશક્તિ બતાવનાર ગ્રંથ છે. આત્મસિદ્ધિનો સંદેશ છે–ચાલો, પરઘર છોડી નિજઘરમાં વસીએ. તૃષ્ણા ત્યાગી તૃપ્તિમાં જીવીએ. બર્હિમુખતા છોડી અંતર્મુખતામાં જીવીએ. સુખના આભાસ છોડી પ્રસન્નતા પામીએ. આસક્તિ છોડી અનાસક્તિ તરફ જઈએ. એકાંતદૃષ્ટિને બદલે અનેકાંતને ન્યાય આપીએ.

શ્રીમદ્ રાજચંદ્રની ઈડરનાં પહાડોમાં સત્સંગનો અહાલેક જગાવે છે. ત્યાં તેમની સાથે સાત મુનિ હતા. ત્યાં તેમને પૂર્વજન્મનું સ્મરણ થયું હતું. શ્રીમદ્ રાજચંદ્ર મોટી પુઢવી શિલા ઉપર બેઠા અને બોલ્યા કે શાસ્ત્રોના જણાવ્યા અનુસાર ભગવાને જે પુઢવી શિલા ઉપર બેસીને અઠમનું તપ કર્યું હતું, તે આ જ શિલા છે. આ સાંભળીને સાતેય મુનિઓ ભાવવિભોર થઈ ગયા હતા.

શ્રીમદ્ રાજચંદ્રના શરીરમાં વ્યાધિ વધતો જતો હતો. તે દિવસોમાં અમદાવાદ, રાજકોટ, વવાણીયા, મોરબી અને વલસાડમાં રહ્યા હતા. અંતિમ દિવસોમાં તેઓ શરીરના વ્યાધિની નહીં, પરંતુ આત્માની પ્રકૃતિની વાતો કરતાં. તેમણે સારવાર કરતાં તબીબોને કહી દીધું કે હું આર્ય છું એટલે અનાર્ય ઔષધ નહીં લઉં. વિક્રમ સંવત ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમના દિવસે રાજકોટમાં સવારે ૮.૪૫ પોતાના નાનાભાઈ મનસુખને કહ્યું, 'દુઃખ ન પામતો. માતાને ઠીક રાખજે. હું આત્માના સ્વરૂપમાં લીન થાઉં છું.'

કેટલાય યુગમાં ન થાય એવું કામ તેઓ માત્ર ૩૩ વર્ષના આયુષ્યમાં કરતા ગયા. તેઓ જાણે અનંતભવનું કામ એક ભવમાં કરતાં ગયાં. પોતે પરમ કલ્યાણ સાધ્યું અને જગતને આત્મકલ્યાણનો માર્ગ દેખાડતા ગયા. શ્રીમદ્ રાજચંદ્ર જેવા પથદર્શકો શાશ્વત બની જાય છે. સમય પણ તેમનાં પદ્ચિન્હોને ભૂંસી શકતો નથી. તેમનું જીવન, તત્ત્વજ્ઞાન અને ભવ્યતા મુમુક્ષુઓને પ્રેરણા આપતાં રહે છે.

એમણે બતાવેલો મૂળમાર્ગ આજે મુમુક્ષુઓનો રાજમાર્ગ બન્યો છે. આવો એ મૂળ ધર્મની ઉપાસનાની અખંડ જ્યોત આપણા હૃદયમાં પ્રગટાવીએ. એવી અભિલાષા સાથે કથાનું સમાપન કરતાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે હજી આપણે એમના ભવ્યજીવનની કેટલીક રેખાઓ જ જોઈ છે. એની પાછળની ભાવના અને ઊંડું તત્ત્વજ્ઞાન ક્યારેક જોઈશું. એ પછી આગામી કથાના વિષય અંગે શ્રી નીતિન સોનાવાલાએ સભાજનોને પૃચ્છા કરતાં આગામી મહાવીર જન્મકલ્યાણકના સમયે ડૉ. કુમારપાળ દેસાઈ કર્મયોગી, જ્ઞાનયોગી અને ધ્યાનયોગી એવા ૧૩૦ ગ્રંથોના રચયિતા યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરિશ્વરજી વિશે ત્રિદિવસીય કથા કરશે, જેનું સૌજન્યશ્રી રાજસોભાગ સત્સંગ મંડળ (સાયલા)એ શ્રી સી. યુ. શાહની સ્મૃતિમાં કરવાની અત્યારથી તૈયારી દાખવતાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો. આ વખતની ત્રિદિવસીય શ્રીમદ્ રાજચંદ્ર કથામાં શ્રોતાઓએ એક અલૌકિક વિભૂતિના પ્રેરક ચરિત્રનો અવર્ણનીય પ્રેરણાદાયી અને આત્મજાગૃતિ અર્પનારો અનુભવ કર્યો. ✷ ✷

## શ્રી કાંતિભાઈ શાહ એક પૂર્ણ જીવન, અપૂર્વ સન્માન સાથે જીવેલું જીવન આપણી સામે મૂકીને ગયા છે

પૂજ્ય શ્રી રવિશંકર મહારાજનો મંત્ર 'કામ કરી છૂટીયે' જેના મનમાં ઊંડો કોતરાઈ ગયો હતો એવા શ્રી કાંતિભાઈ શાહે ૯મી એપ્રિલે સાંજે દેહ છોડ્યો.

તેમના નિકટના સાથી ડેનિયલભાઈ ભાવભીની શ્રદ્ધાંજલિ આપતા કહે છે 'અમારા સાથીની વિદાય વસમી તો લાગે છે પણ તે સાથે ખુશીથી લાગણી પણ ઉભરાય કે તેઓ એક પૂર્ણ જીવન, અપૂર્ણ સન્માન સાથે જીવેલું જીવન આપણી સામે મૂકીને ગયા છે.'

સન ૧૯૨૮માં જન્મેલા શ્રી કાંતિભાઈને સેવાભાવ વારસામાં મળ્યો હતો. એક મિત્ર પાસે 'ભૂમિપુત્ર' જોયું, સર્વોદય સાહિત્ય ખરીદીને વાંચવા માંડ્યું ત્યારે સમજાયું કે 'સેવાધર્મ મનુષ્યની વિશેષતા છે.'

કુટુંબની આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં મન સર્વોદયની પ્રવૃત્તિ તરફ ખેંચાતું હતું. પૂજ્ય વિનોબાજી સાથે પહેલી મુલાકાત થઈ અને તેઓમાં તેમના રંગે રંગાઈ ગયા.

૧૯૫૪થી ૧૯૭૭ દરમ્યાન મુંબઈ-ઘાટકોપરમાં રહીને મુખ્યત્વે સર્વોદય પત્ર, સાહિત્ય પ્રસાર અને સામયિકોનાં ગ્રાહક બનાવવાનું કામ કર્યું.

અત્યંત સાદગી અને નમ્રતાના પ્રતીકસમ કાંતિભાઈના પરિચયમાં આવનાર સૌને તેમના ગુણોનો સ્પર્શ થયા વિના રહેતો નહીં. તેઓ જીવનના છેલ્લા શ્વાસ સુધી નિષ્ઠાપૂર્વક જીવતા રહ્યા.

કાવિઠાની ગૌશાળામાં ગૌમાતાની સેવા કરતાં કરતાં ૮૮ વર્ષની વયે તેમણે દેહ છોડ્યો. ગૌવંશવધ બંધી માટે આમરણ મથતા શ્રી કાંતિભાઈ માટે આથી વધુ સારું મૃત્યુ હોઈ જ ના શકે. પડદા પાછળ રહી કામ કરનાર કાર્યકરો અનન્ય ઠંડી શક્તિથી કામ કર્યે જાય છે. માન-પાનની આશા વગર એક ઊંચી અધ્યાત્મિકતાથી તેમનું જીવન ભરેલું હોય છે. આશા છે તેમના જીવનમાંથી આપણને કંઈક શીખવા મળે.

(સૌજન્ય : ભૂમિપુત્રમાંથી સાભાર)

# વાક્ તીર્થ : આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી

**☐ રમેશ બાપાલાલ શાહ – સંપાદક : 'પાઠશાળા'**

*'વિશ્વને સહસ્ર કિરણોથી અજવાળતો સૂર્ય છે, તે વાત નક્કી છે; છતાં તેનો ઉજાસ કેમ જણાતો નથી? એવું તે કેવું ગાઢ આવરણ તેની આડે વર્તે છે!–આ પ્રશ્ન છે. આ મથામણ જ તેનું આવરણ છે. આ વિચાર વિરમે તો જ પેલું દેખાય!*

*આપણો દેહ તે પહેલું આવરણ છે. તેની દુર્ભેદ્ય દીવાલને અડીને જ ઈન્દ્રિયોનો કિલ્લો છે. તે પછી, આમ પાતળી કહેવાય એવી છતાં વજ્ર જેવી કઠિન એક આડશ છે; તેનું નામ છે* ***મન****. એના યે બે પડ છે: એક જ્ઞાત મન અને બીજું અજ્ઞાત મન.*

*મનના આગળ–પાછળના પડને વીંધવા–ભેદવા, અરે! એમાં નાનું બાકોરું પાડવાનું કામ થયું કે અજવાળાનું ધસમસતું પૂર ચિદાકાશમાં રેલાઈ ઉઠશે. પછી તેના પ્રકાશે આછું અંધારું યે નહીં રહે.*

*આ દીવાલને ભેદવા, ઓળંગવા માટે જ મનુષ્યભવ મળ્યો છે. દુર્ગમ લાગતા આ કામમાં સફળતા મેળવનારાઓનો સથવારો પણ મળી રહે તેમ છે. જેઓએ બાકોરું પાડ્યું, પછી બારી કરી અને છેવટે બારણું બનાવ્યું એવાઓની વાત પરથી એમ તો લાગે છે કે ત્યાં જવાય તો છે જ!'*

કેટલી ગહન વાત! કેવી સરળ કલ્પના! અને કેવો સરસ ઉકેલ! 'પાઠશાળા' પત્રિકા નિમિત્તે આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજશ્રીએ મિત્ર-સખા બનીને, શિક્ષક બનીને, ગુરુ બનીને વાચકોની મનોભોમકાનું ખેડાણ કર્યું છે, સંવર્ધન કર્યું છે તે હવે તો, ના ભૂતો ના ભવિષ્યતિ! છતાં 'અભંગદ્વાર પાઠશાળા' માટેનું તેમનું સ્વપ્ન આ રીતે મહદ્અંશે સિદ્ધ થયું.

xxx

જૈન સાધુ એટલે સંયમિત જીવન. આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજનું પણ એ જ સંયમિત જીવન; સાધુ જીવનમાં અવકાશ એવો મળ્યો, ગુરુ એવા મળ્યા કે ધર્મના ગહન શાસ્ત્રોના અભ્યાસની સાથે–સાથે તેઓ સાહિત્ય, કળા, સંગીત, પ્રકૃતિ જેવા ગહન વિષયોના અભ્યાસમાં રસ-તરબોળ થયા, પ્રવીણ થયા. બાળપણનું નામ 'પ્રવીણ' પણ ઉજાળ્યું! સંશોધક વૃત્તિ એવી જે જે વિષયો આત્મસાત્ કર્યા તેમાં પારંગત–પ્રાજ્ઞ થઈને બધું ભરપૂર માણ્યું.

માણીને ગમતાંનો ગુલાલ કર્યો. છૂટ્ટે હાથે લ્હાણ કરી. નાનકડી *'પાઠશાળા'*ના ફક્ત આઠ પાનાંના એક પછી એક પ્રગટ થતાં અંકોમાં અનેકવિધ વિષયો એવા રસભર આપ્યા કે વાચકો અપાર ઈંતેજારીથી 'પાઠશાળા'ના નવાં નવાં અંકોની રાહ જુએ. પાટલીપુત્રના રાજાએ શ્રી વજ્રસ્વામીની દેશના સાંભળી જે શબ્દો ઉચ્ચાર્યા તે *'પાઠશાળા'*નાં અનેકાનેક વાચકોના પ્રતિભાવો સરિખા છે: 'આજે દેશના સાંભળીને મારા કાન પવિત્ર બન્યા. તેમના દર્શન કરવાથી મારા નેત્ર અને ગાત્ર (શરીર) કૃતાર્થ બન્યાં એટલે કે, શ્રોત્ર, ગાત્ર, નેત્ર ધન્ય બન્યાં!' ખરે જ! સાહેબજીનું પ્રસન્ન અને મુક્ત હાસ્ય દિલમાં અમિટ છબી સમાન સમાયું છે!

xxx

મસ્તવિહારી સ્વભાવ! સંયમ સિવાયના કશા બંધન પરવડે નહીં. સંયમ જીવનમાં પ્રવેશ કર્યો તે પણ ઑલિમ્પિકના મૅડલ મેળ્યા બરાબર હતું! બાર વર્ષની કિશોર વય. માતાએ તો સંયમ અંગિકાર કર્યો હતો. અણખી (જંબુસર પાસે) જેવા નાનાં ગામમાં ભણવાની શું સગવડ હોય? ઘરમાં પણ મા જેવી માવજત કોણ કરે? એક દિવસ બા-મહારાજને વંદન કરવા ગયા ત્યારે...આક્રોશભર્યા અવાજે બા-મહારાજે કહ્યું: હવે મારી પાસે આ કપડામાં આવતો નહીં! સાધ્વી તો હતાં, મા પણ હતાં. આ પળોનું આચાર્યશ્રીએ કેવું શબ્દચિત્ર ઉપસાવ્યું છે, જુઓ:

*'...મારા શૈશવના તોફાની દિવસો યાદ આવે છે! દિશાહીન દશામાં હતો. 'સાવ અબૂધ' આ શબ્દનો વાસ્તવિક અર્થ હતો...*

*શ્રી સિદ્ધર્ષિના દ્રમકની ઓળખ પછી થઈ, પણ તે કાંઈક સારા કહેવાય એવા દિવસોમાં કધોણી ટૂંકી ચડ્ડી અને ટૂંકી બાંયના ખમીસના લેબાસમાં એકવાર પૂજ્ય બા મહારાજ સાધ્વીજી શ્રી પદ્મલતાશ્રીજીની કઠોર કૃપાદૃષ્ટિમાં હું આવ્યો. સાવ રખડુના ધૂળથી ખરડાયેલા પગના અંગૂઠાથી લઈ સુકાયેલા પરસેવાના ઓઘરાળા મુખ પર થઈને વીંખાયેલા વાળ સુધી એ દૃષ્ટિ ફરી વળી. તેમના કરુણાથી છલોછલ હૃદયમાંથી shock treatment જેવો કરુણાનો ધોધ પડ્યો. તેના પડઘા કાનને ભરી દે એવા હતા. અવાજમાં ગરમ પાણીની ભીની-ભીની તીણાશ હતી, તીખાશ ન હતી! અંદરની મીઠાશને જોવાની નજરનું દાન થઈ રહ્યું હતું. અને હું વિંધાયો!*

*એ શબ્દો યાદ આવ્યા: 'હવે મારી પાસે આ કપડામાં આવતો નહીં!' ઉંમર વર્ષ ૧૨, સાતમાની પરીક્ષા આપેલી. એ સાલ વિ. સં. ૨૦૧૬ની હતી. અમદાવાદ શહેરને દઝાડતો વૈશાખનો બળબળતો મહિનો હતો. એ તડકો કેરીની ખટાશને મીઠાશમાં ફેરવવામાં સહાયક હતો! જો કે બહુ ગમતો ન હતો પણ તે માનવું તો પડશે જ!*

*સાધ્વીનો પરિવેશ હતો અને તેમાં વાત્સલ્યભર્યું, માતાનું હૃદય હતું. એના શબ્દો અંદરના ઊંડાણમાં ઊતરી ગયા, કહો કે કોતરાઈ ગયા! અને એય મને જાણ ન થાય તે રીતે! એ ચોઘડિયું અને એ પળ*

*સોનેરી હશે કે સાર્થક થવા નિર્માયેલા શબ્દો મને મળ્યા. વિધાતાએ પણ, મને જાણ ન થાય તેમ બધું ગોઠવી દીધું.!'*

આ શબ્દો, આ પ્રસંગ, આ વિચાર! શબ્દો સમર્થ સાહિત્યકાર જેવાં, પ્રસંગ જીવનમાં એકાદ વાર જ બને તેવો અને ઝડપી લેવા જેવો, વિચાર..'વિધાતાએ પણ, મને જાણ ન થાય તેમ બધું ગોઠવી દીધું!' ૧૩ વર્ષની વયે સુરત ખાતે પૂજ્ય ઉપાધ્યાય શ્રી મેરુવિજયજી મહારાજના વરદ્ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

xxx

સફર શરૂ થતાં જેમ ગંતવ્ય સ્થાનની ઝંખના હોય તેમ આપણે પણ હમણાં વચ્ચેના મુકામો વટાવી, પૂજય મહારાજશ્રીએ સંયમજીવનના ૪૫ વર્ષ પછી 'ચેતન અબ મોહે દરિશન દીજે' શીર્ષક આપી લખ્યું છે તે જોઈએ:

*'આજે સંયમજીવનના પીસ્તાલીસ વર્ષે, વીતેલાં વર્ષોનું વળતર જોવા મન તલસે છે, તેનાં લેખાં-જોખાં કરવા મન ઉત્સુક છે. સંયમ જીવન શા માટે ? સંયમ જીવનથી શું કરવું છે ?'*

મહારાજશ્રીની આ નિખાલસ વિચારધારા આગળ ચાલે છે...સાધુ સ્વયંને પ્રશ્ન કરે છે કે ફક્ત 'ઘર બદલો' છે આ ? :

*'પ્રભુ મહાવીરે મનુષ્યભવની સાર્થકતા વર્ણવતા કહ્યું છે કે, દેહથી આત્મા જુદો છે–આ વચન શ્રદ્ધાથી સ્વીકાર્યા પછી તે અનુભવાય તો આ જન્મ લેખે લાગે. આ અનુભવ આત્મસાત્ કરવાનો શ્રેષ્ઠ માર્ગ પ્રવજ્યા–દીક્ષા છે. જીવનમાં સાધુતા પ્રગટે ત્યારે જ દેહ ગૌણ બની શકે.'*

*'સમગ્ર જીવન કેવું વીત્યું છે તેની પ્રતીતિ અંતકાળે થશે. લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે તપ અને સ્વાધ્યાય જ માર્ગ છે એવું નથી. બીજે રસ્તે પણ સમાધિ હાંસલ થઈ શકે છે. ભક્તિની તીવ્રતા, શરણગમનની તાલાવેલી, અહંની શૂન્યતા–આ બધાથી પણ ધ્યેયસિદ્ધિ થાય છે.'*

સ્વયંના સાધુ જીવનમાં પાકટ વયે આવી પડેલાં 'ઉપસર્ગ' છ-સાત વર્ષ સુધી, જીવનની આખરી ક્ષણ સુધી અત્યંત સહજપણે સ્વીકાર્યા, કાયાકલેશ વિના સ્વીકાર્યા, તેની તેમણે આ શબ્દોમઢી ભવિષ્યવાણી કરી હશે શું ?

xxx

તળેટી અને શિખર વચ્ચેના યાત્રા પથના દુર્ગમ ચઢાણના એક એક પગથિયાં ઉર્ધ્વ દિશા તરફનું પ્રયાણ છે. પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજીના જીવનનું આ પાસું તેમનાં સાધુજીવનને ભર્યું-ભર્યું બનાવતું રહ્યું. દુર્ગમ લાગતી આ યાત્રામાં સફળતા મેળવનારાઓનો સથવારો તેઓને મળ્યો છે. તેઓશ્રી લખે છે : *'પૂજ્ય આચાર્ય શ્રી અમૃતસૂરિ મહારાજ સાહિત્યના જીવ હતા. જેમ નવા ઘડામાં પાણી આપોઆપ, ઘડાની બહારની સપાટી ઉપર જામે તેમ તેઓશ્રી પાસેના વાતાવરણમાં, સાહિત્યના આલંકારિક શ્લોકો, શુભાષિતો, કથાનકો તથા ઉધ્ધૃત અંશો સતત ફોરતા અને મહેંકતાં રહેતાં. આ બધા વિષયોનો પાયો ચણાતો ગયો, સીસું પુરાતું ગયું અને મરામત થતી રહી. સંસ્કૃત સાહિત્યની સાથે-સાથે ગુજરાતી સાહિત્યના ઉત્તમ અંશો પણ ભળ્યાં. અરે ! તેઓશ્રીએ તો, ગામડાના શિયાળાની ઊઘડતી રાતે કે વહેલી સવારના પૂર્વાકાશ અને ઉત્તરાકાશમાં સતત ચમકતાં તારાનાં ઝૂમખાંનો, ગ્રહોનો રસાળ પરિચય કરાવ્યો છે. અંદરનો આંતરમાનસપિંડ આમ અનાયાસે બંધાતો હશે એમ આજે લાગે છે.'*

અને કૃપાવંત પૂજ્ય આચાર્ય ધર્મધુરંધરસૂરિ મહારાજની અનહદ કૃપાથી ઘડાયેલા અને રસાયેલા પૂજ્ય પ્રદ્યુમ્નસુરિજી લખે છે : *'...તેમની અંતરંગ મનોવૃત્તિના ઇશારા મળતા ત્યારે ચિત્ત અહોભાવથી છલકાઈ જતું. યોગ્ય સમયે એક ડાયરી મેં એમને આ શબ્દો લખી અર્પણ કરી.*

***આવ્યો કો' હાથ તવ સ્નિગ્ધ પથરો બેડોલ ને કદરૂપો.***
***શિલ્પી ! તેં રૂપ ઘાટ નૂર અરપી ચૈતન્યવંત કર્યો.***

*આઠેક દિવસ પછી...મનમાં અપાર કુતૂહલ હતું...ડાયરીમાં શું લખાયું હશે ? ડાયરી હાથમાં લીધી ત્યારે દેહ રોમાંચિત બન્યો. અર્પણ પંક્તિમાં સ્નિગ્ધની જગ્યાએ મુગ્ધ અને બેડોળની જગ્યાએ કર્કરો લખ્યું હતું ! આ શું ? મેં તેઓશ્રીમાં કર્તૃત્વ સ્થાપ્યું. તેમણે એ કર્તૃત્વનો છેદ ઉડાડ્યો ! નિમિત્ત કરતાં ઉપાદાનને આગળ કર્યું.'*

શિષ્યને ઘડવાની કેવી અનોખી રીત ! માઈકલ એન્જેલોએ ડેવિડનું, પિએટાનું શિલ્પ ઘડતાં એ પાત્રોના સુકોમળ દેહને ટાંકણું અડે જ નહીં તેમ ઘડ્યું હશે ! આવું કોઈએ કહ્યું નથી. પરંતુ શિલ્પ જોતાં તો એમ જ લાગે ! એવી જ રીત પૂજ્ય પ્રદ્યુમ્નસુરિજીએ પાઠશાળાના વાચકોને ઘડવા અપનાવી હતી.

xxx

આપણે સહજ ભાવથી બોલીએ છીએ, બોલતા રહીએ છીએ: जैनम् जयति शासनम्–આ શ્લાઘા નથી, ઠાલા આપવખાણ નથી. સંપૂર્ણ વૈજ્ઞાનિક એવા આપણા ધર્મના મર્મને સમજવા સદ્‌ગુરુનું શરણ જ જોઈએ. નવકારમંત્રની માળા ફેરવનારાઓને અખાની ટકોર યાદ કરાવવાની જરૂર નથી. અહીં તો પ્રદ્યુમ્નસુરિ મહારાજશ્રીએ તો ક્રિયાને પરિણામોના સ્વરૂપમાં ફેરવી આપી છે.*'પ્રભુના શાસનનો શ્રાવક શ્રદ્ધાવંત હોય, સાત ક્ષેત્રમાં વપન કરનારો અને સાધુમહાત્માઓની સેવાભક્તિ દ્વારા પુણ્યકરણી કરનારો હોય; આવો શ્રાવક સવારમાં જાગે ત્યારે તેની નિદ્રાનો ત્યાગ નવકારમંત્રના સ્મરણથી થાય. શ્રાવકકુળમાં જન્મે ત્યારે, જાય ત્યારે, સૂએ ત્યારે, જાગે ત્યારે પ્રથમ શ્રી નવકારમંત્રનું સ્મરણ કરે. એટલે કે માનવજીવનની યાત્રાનો પ્રારંભ અને જીવનમાંથી પ્રયાણ કરતાં*

*પણ નવકારનું સ્મરણ.'*

સામાન્ય અક્ષરજ્ઞાન હોય તેને પણ હૃદય સોંસરવું ઉતરી જાય, હૃદયસ્થ થઈ જાય એવી ભાષામાં, શબ્દ રમતની ટેકણલાકડી વિના ધર્મના મર્મને સમજાવ્યો છે. સિદ્ધશિલા પર પહોંચી જવાના સપના ક્યારે પણ દેખાડ્યા નથી. વાત્યું કરી છે હૈયાનો હોંકારો સાંભળવાની! વાત્યું કરી છે ઉત્તમની ઉપેક્ષા નહીં કરવાની, અધમનો અનુરાગ નહીં કરવાની. વાત્યુ કરી છે સમજ અને સ્વભાવના અંતરને ઓગાળવાની.

*બાળક પણ સમજી શકે કે, 'સ્વચ્છ સરનામાંનો વિકલ્પ નથી. કેમકે ગરબડીયા અક્ષરના સરનામાવાળી ટપાલ ક્યાંય પહોંચતી નથી! માણસનું સરનામું તે તેનું ચરિત્ર.માણસ તેનાથી જ ઓળખાય. ચારિત્રની કોઈ અવેજી નથી. આ નિયમ છે.'*

એકથી લઈને એકયાસી અંકોની 'યાત્રા' પૂજ્યશ્રી માટે તેમ જ વાચકો માટે અનન્ય રહી. માઈકલ ઍન્જોલો ફરીથી યાદ કરીને કહેવા મન થાય કે આટઆટલા અંકોમાં રજૂ થયેલી સામગ્રીમાં ક્યાંય એક શબ્દ જેટલું પણ નકારાત્મક ભાવનું ટાંકણું કોઈ વાચકને અડ્યું નથી! જે કાંઈ મળ્યું છે તેમાં તેમના 'હૈયાંનો હોંકારો' ભળ્યો છે!

પૂજ્ય પ્રદ્યુમ્નસુરિજીના લખાણમાં વૈવિધ્ય પણ અપાર ભર્યું છે. અનેક વિષયો હાથ ધરીને તૃપ્ત થઈ જવાય તેવું ઉત્તમ કક્ષાનું વિચારધન પીરસ્યું છે. પહેલું પાનું, પ્રાર્થનાઓ, ઊંડી શાન્ત વૈરાગ્યદશાથી પ્રચુર એવા સાધુ-સાધ્વીજીઓના વિશિષ્ઠ પરિચયો, ઉત્તમ અને ઉદાર શ્રાવક-શ્રાવિકાઓના જીવન દર્શન, અશ્રુમાળા, વિહારના વર્ણનો, ઉત્તમ કાવ્યોના પરિચય અને આસ્વાદ, ધર્મને ઉજાગર કરતાં મનન-લેખ, કથા-પરિમલ રૂપે આબાલવૃદ્ધ સૌને રસાળ રાખે તેવા કથાનકો, હિતની વાતો, સંઘ અને સંસ્થાઓના વહીવટના માર્ગદર્શન, જિજ્ઞાસુઓને માર્ગદર્શન, વળી આ બધામાં શિરમોર ગણી શકાય તેવી ઉપાધ્યાય યશોવિજયજી મહારાજના જીવનની વાતો! ઉપાધ્યાયશ્રી પર તેઓ ઓળઘોળ હતાં! ઉપાધ્યાયશ્રીએ આપેલો કૉલ 'જો કોઈ મતનિરપેક્ષ થોડે પણ ક્ષયોપશમે વર્તે (તેનો) મહાશાસ્ત્રો અભ્યાસ કરવા ચાહે તેહને મેં તર્ક સિદ્ધાંતશાસ્ત્રો દાન દ્યાં. તિણસું મારે એકાન્ત સ્નેહ છે તે પ્રીછજો.' ખરેખર, પ્રદ્યુમ્નસુરિજી આ સ્નેહના ભાજન થયાં છે!...એમ જરૂર લાગ્યા કરે કે આપણા કેવા અહોભાગ્ય! આટલા બધા વિષયો એક જ વ્યક્તિ પાસેથી આપણને, ખાસ આપણા માટે મળ્યા છે!

xxx

વાક્ બારસ, સંવત ૨૦૦૩ના શુભદિને વાગેશ્વરીની આશિષ લઈ જન્મેલા, અનેક સારસ્વતોથી રસાયેલા પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસુરિજી જીવનને ઉત્કૃષ્ટપણે માણીને, વિશાળ ચાહક વર્ગ પર અપાર કરુણા કરીને ચારિત્ર્ય ઘડતરની અભંગદ્વાર પાઠશાળા દ્વારા જીવન ઉત્કૃષ્ટપણે જીવવાના પાઠ ભણાવી અચાનક જ શાન્ત થઈ ગયા, અવાક્ થઈ ગયા! જાણે કે આખું આયખું ઉત્તમ રીતે અને સાધનામય જીવવાની કળા શીખીને નિવૃત્ત થયાં, સ્વયં ઊંડી સાધનામાં મગ્ન બની ગયાં. શબ્દ થકી પ્રગટ થયેલા, હવે નિઃશબ્દ થયાં. તેઓશ્રીના આ છેલ્લાં વર્ષોના અણસાર સમા, દસેક વર્ષ પહેલાં તેમણે લખેલા આ શબ્દોએ તેમને કેટલી બધી શાતા-સમતા આપી હશે? *'એકવાર સમજાઈ જાય કે દેહથી આત્મા જુદો છે પછી દેહ જર્જરિત થાય, રોગોથી ઘેરાઈ જાય, પારાવાર પીડા થાય, પુદ્ગળના સ્વભાવ મુજબ કરમાઈ કાળો પડે તો પણ આત્મા તેનાથી જુદો છે એ અનુભવાશે, પીડાશે નહીં, રિબાશે નહીં.'*

આયુષ્યના છેલ્લા દિવસે (સંવત ૨૦૭૨, વૈશાખ સુદિ પાંચમ), કાળધર્મના સમયે પણ ગુરુદેવની મુખકાંતિ મ્લાન થઈ ન હતી, ન જ થાયને!

xxx

ગુરુપૂર્ણિમા (વિ. સં. ૨૦૫૩)ના યોગ્ય દિવસે 'પાઠશાળા' પત્રિકાનું પ્રાગટ્ય થયું. એક પછી એક સુંદર અંકો થતા રહ્યા. વૈવિધ્યસભર ફોરમ પ્રસરાવતાં ચિંતન-પુષ્પોની માળાનું સૂત્ર (દોરો) બનવાનું સૌભાગ્ય આ લખનારને પ્રાપ્ત થયું. પૂજ્યશ્રીની સતત વહેતી વાણીને ઝીલવા મહર્ષિ વેદવ્યાસના લહિયા બનવા જેવું અહોભાગ્ય મળ્યું.

✷ ✷ ✷

## અનુમોદના

શ્રી જૈન યુવક સંઘ અનેક હાથોથી રળિયાત થયું છે. અનેક હાથોના સહકારથી આ સંસ્થાના કાર્યોને વેગ મળતો રહ્યો છે. આ સહુના ઋણનો સ્વીકાર કરીએ છીએ. સંસ્થા એટલે સામૂહિક હાથો અને સમુહનું કાર્ય. આવા સેવા નિષ્ઠાવાન લોકોથી જ સંસ્થા સમૃદ્ધ થતી હોય છે.

- શ્રી દિલીપભાઈ શાહ ફિલાડેલફિયામાં રહે છે અને અમેરિકા ખાતે 'પ્રબુદ્ધ જીવન'ને બધા સુધી પહોંચાડવાનું અને લવાજમ એકઠું કરવાની સેવા આપે છે.
- શ્રી બકુલભાઈ ગાંધીએ ૧૯૨૯ થી ૨૦૧૫ સુધીના 'પ્રબુદ્ધ જીવન'ના બધાના અંકોનું ડીજીટલમાં રૂપાંતર કરી સીડી બનાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે.
- શ્રી હિતેશભાઈ મયાની શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વેબ-સાઈટની જાળવણી છેલ્લા અનેક સમયથી કરે છે.

આ સૌનો ઋણસ્વીકાર.

# આપણે ગાંધીજીને લાયક છીએ ?

❑ નાની પાલખીવાલા

અડસઠ વર્ષ પહેલાં ત્રીસમી જાન્યુઆરીના શુક્રવારે અહિંસાનો સૌથી મોટો ફિરસ્તો ખૂનીની ગોળીનો શિકાર બન્યો. આટલા તેજસ્વી અને પ્રકાશમય બીજા કોઈ આત્માએ ભાગ્યે જ સંસ્કૃતિને પવિત્ર કરી હશે. મહાત્માના કામ તેમ જ વિશ્વના ઈતિહાસમાં એમના સ્થાનને આલ્બર્ટ આઈન્સ્ટાઈને ટૂંકમાં આ રીતે મૂક્યાં હતાં:

**વિશ્વભરમાં ગાંધી વિશે જે અહોભાવ છે એનું મુખ્ય કારણ એ કે લોકો, ઘણુંખરું સભાન રહ્યા વગર, એમ માનતા કે નૈતિક સડાના આ યુગમાં એ એકમાત્ર એવો દૂરંદેશી રાજકારણી હતો જેણે રાજકીય બાબતોમાં માનવીય સંબંધોનો ઊંચો ખ્યાલ આપ્યો, જેને આપણે બધી જ શક્તિથી અનુસરવું જોઈએ. આપણે એ મુશ્કેલ પાઠ શીખવાનો છે કે વિશ્વવ્યવહારમાં આપણો રસ્તો નગ્ન સત્તાની ધાકધમકી પર નહિ, પણ ન્યાય અને કાયદા પર ઊભો હશે તો જ માનવજાતનું ભાવિ સહન કરી શકાય એવું હશે.** આવનારી પેઢીઓ ભાગ્યે જ માની શકશે કે આવો માનવી ખરેખર હાડમાંસ સાથે પૃથ્વીપટે વિચરતો હતો.

ગાંધીજીનાં અગણિત બલિદાનો અને એમની અથાગ મહેનતનાં ફળ ભોગવતી નવી પેઢી એમના વ્યક્તિત્વનો જાદુ નહિ જાણે. લોકોનો આ એક એવો નેતા હતો જેને કોઈ બાહ્ય સત્તાનો ટેકો નહોતો; એક એવો રાજકારણી હતો જેની સફળતા કોઈ છળ કે કપટ પર નહિ, પણ માત્ર એના આત્માની નૈતિક મહાનતા પર નભેલી. એક વિજેતા યોદ્ધો હતો જેણે પૃથ્વી પરના સૌથી જોરાવર રાષ્ટ્રને બળ વાપર્યા વગર પાછું હઠાવ્યું. એ મહાન શાણપણ અને અદ્‌ભુત નમ્રતાવાળો આત્મા હતો જેનાં શસ્ત્રો હતાં માત્ર દૃઢ મનોબળ અને અચળ નિશ્ચય. એ એક નબળા શરીરનો એવો માનવી હતો જેણે લશ્કરી તાકાતની ક્રૂરતાનો માત્ર માનવીના ગૌરવથી સામનો કર્યો. વિલ દુરાંએ કહેલું એ પ્રમાણે સદીઓ પછી પણ લોકો મહાત્માને યાદ કરશે, જ્યારે એમના વખતના અન્ય નેતાઓનું નામોનિશાન પણ નહિ રહ્યું હોય. ઈતિહાસમાં નોંધાયેલાં નામોમાંથી આટલી સૌમ્યતા, નિઃસ્પૃહતા, સાદગી અને દુશ્મન પ્રત્યે ક્ષમાની ભાવના ભાગ્યે જ કોઈમાં હશે.

મહાત્મા માટે સત્ય જ ઈશ્વર હતું અને અહિંસા એ જ ધર્મ. ૧૯૨૨માં એમની સામે ચાલેલા મુકદ્દમામાં એમણે કહેલું: 'મારા ધર્મનું પહેલું પગથિયું અહિંસા છે. છેલ્લું પગથિયું પણ એ જ છે.' અહિંસામાં વીરતા મરવામાં છે, મારવામાં નહિ. એમની અનુકંપા અને માનવતા બ્રહ્માંડ જેટલી અસીમ હતી. એમણે કહેલું, 'ભારતના બધા જ ધર્મ અને જાતિઓના માણસોને એકત્ર કરો અને કોમવાદી તથા સ્થાનિક ભાવનાઓ એમના મગજમાંથી કાઢી એમનામાં એકતાની ભાવના પૂરો.' એમણે એમ પણ કહેલું, 'મારું હિન્દુત્વ સાંપ્રદાયિક નથી. ઈસ્લામ, ખ્રિસ્તી, બૌદ્ધ અને પારસી ધર્મોમાં મને જે સર્વોત્તમ તત્ત્વો દેખાય છે એ બધાં એમાં આવી જાય છે. સત્ય મારો ધર્મ છે અને એને સાધવાનો એકમાત્ર માર્ગ અહિંસાનો છે.'

સામાજિક અન્યાયના દૂષણો સામે ઈતિહાસમાં આ પહેલાં લોકોને આટલી વ્યાપક રીતે કોઈએ ઊભા કર્યા નહોતા. સમગ્ર માનવજાતિના આત્માને ઢંઢોળવાનું કામ એમણે પોતાને માથે લીધું. એક સંત જેના નેતા હતા એવી ક્રાંતિની અદ્‌ભુત ઘટના વિશ્વે જોઈ. 'પોતાની ચમકતી પાંખો શૂન્યાવકાશમાં વ્યર્થ ફફડાવતો' આ કોઈ દેવદૂત નહોતો. એમણે પોતાની જાતને એક વાસ્તવિક આદર્શવાદી સાબિત કરી અને ભલાઈ પણ અસરકારક હોઇ શકે એ દેખાડ્યું. દક્ષિણ આફ્રિકામાં ગિરમીટિયા (ગુલામ મજૂરો)ની પ્રથા નાબૂદ

## વિદાય

❑ રવીન્દ્રનાથ ટાગોર

*'જ્યાં શ્વાસની સરહદો પૂરી થાય છે...'*
*મને રજા મળી ગઈ છે.*
*મિત્રો, મને વિદાય આપો.*
*હું તમને સૌને વંદન કરીને વિદાય લઉં છું*
*મારા દરવાજાની ચાવી પાછી સોંપું છું*
*અને મારા ઘર પરના તમામ હક છોડી દઉં છું.*
*તમારી પાસે માત્ર અંતિમ પ્રેમભર્યા શબ્દો માગું છું.*
*આપણે ઘણો સમય એકબીજાના સાન્નિધ્યમાં રહ્યા*
*અને હું આપી શકું તેનાથી વધારે પામ્યો છું.*
*હવે પરોઢ થયું છે.*
*અને મારા અંધારા ખૂણાને અજવાળતો દીવો બુઝાઈ ગયો છે.*
*તેડું આવ્યું છે.*
*અને હું મારી મુસાફરી માટે તૈયાર છું...*

અનુ. : **શૈલેષ પારેખ**

(સૌજન્ય: નવચેતન-મે, ૨૦૧૬, અમદાવાદ)

કરવા એમણે સફળ પ્રયત્નો કર્યા. આપણા સમાજના કલંક જેવાં અસ્પૃશ્યતા અને બીજાં સામાજિક દૂષણો સામે બીજા કોઈ કરતાં તેઓ વધુ શૂરતાથી લડ્યા. ૧૯૨૫માં એમણે કહ્યું, 'અસ્પૃશ્યતા આપણી સૌથી મોટી શરમ છે. આ અપમાન વધારે ઊંડું જઈ રહ્યું છે.' એમને મન બ્રાહ્મણ અને હરિજનને સમાન ગણવા એ જ ગીતાનો આદેશ હતો.

સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદી શાસન સામે એમની ઐતિહાસિક લડતને પરિણામે ભારતને આઝાદી મળી એટલું નહિ પણ બીજા ઘણા દેશોની મુક્તિ માટેની જરૂરી આબોહવાનું સર્જન થયું.

ગાંધીજીની માન્યતાઓ સમજવાની મહેનત જેમણે કરી નહિ તેઓ એમને અર્થશાસ્ત્રના વિષયમાં આદર્શવાદી ગણાવતા. ગાંધીજીને મન ચરખો એક પ્રતીક હતો અને ભૂખ્યા લોકો સાથે એકતા સાધવાનું સાધન હતો. આ એમની પહેલી અને અંતિમ ચિંતા હતી. 'કરોડો મૂંગા લોકોનાં હૃદયમાં જે ઈશ્વર દેખાય' એ સિવાય કોઈ અન્ય ઈશ્વરને ઓળખવાની એમણે ના પાડેલી. યંત્રો કે વિજ્ઞાનના વપરાશ સામે એમને વાંધો નહોતો, જો એ લોકોની આર્થિક અને સામાજિક જરૂરિયાતો પૂરી કરી શકતાં હોય. 'મારા દેશને જે વસ્તુઓ જોઈએ છે એ ત્રણ કરોડ લોકોને બદલે માત્ર ત્રીસ હજાર લોકોથી ઉત્પન્ન થતી હોય તો તે સામે મને વાંધો નથી. પણ પેલા ત્રણ કરોડ લોકો બેરોજગાર ન થવા જોઈએ. મુખ્ય વાત એ છે કે લોકોનો વ્યર્થ સમય વપરાવો જોઈએ અને આમ કુદરતી પ્રક્રિયાઓથી દેશની ગરીબી દૂર કરવી જોઈએ. ચરખાનો પાયો જ એ વાત પર છે કે ભારતમાં કરોડો અર્ધ-રોજગારીવાળા લોકો છે અને હું એ વાત સ્વીકારું છું. જો આમ ન હોત તો ચરખા માટે કોઈ સ્થાન ન રહેત. ભારતની ગરીબી અને બેરોજગારી દૂર થતી હોય તો હું અત્યંત જટિલ યંત્રોના વપરાશની પણ હિમાયત કરું.'

રાજ્યના બિનજરૂરી અંકુશો નાબૂદ કરવા કે ઘટાડવા માટે તેમણે અથાગ પ્રયત્નો કર્યા. એમણે કહ્યું:

રાજ્યની સત્તામાં કોઈ પણ વધારાથી હું ડરું છું કારણ કે શોષણને ઓછું કરીને એ લોકોનું ભલું કરે છે એમ ઉપર ઉપરથી દેખાય છે પણ તમામ પ્રગતિના મૂળમાં રહેલા વ્યક્તિત્વનો નાશ કરીને એ માનવજાતને ખૂબ નુકસાન કરે છે.

ગાંધીજીને મતે ખાનગી મિલકત જાહેર વિશ્વાસના પાયા પર રાખવાની હતી. મિલકત ધરાવનારાઓએ એનો ઉપયોગ અન્ય લોકોના ભલા માટે કરવાનો હતો. મિલના એજન્ટ અને મિલના મજૂરો વચ્ચેનો સંબંધ પિતા અને સંતાન જેવો અથવા તો ભાઈઓ વચ્ચે હોય એવો હોવો જોઈએ. તમારી તમામ મિલ્કત એક પવિત્ર ટ્રસ્ટ તરીકે તમારે રાખવી જોઈએ અને જેઓ તમારા માટે કામ કરે છે અને જેમની મહેનત અને મજૂરી પર તમારું સ્થાન અને તમારી સમૃદ્ધિ ઊભી છે એમને માટે આ મિલકત તમારે વાપરવી જોઈએ. હું ઈચ્છું છું કે તમારા મજૂરોને તમે મિલકતમાં ભાગીદાર બનાવો. બીજા લાખો લોકો પ્રામાણિક આજીવિકાનો જે અધિકાર ધરાવે છે –એટલો અધિકાર જ માત્ર તમારો છે. તમારી બાકીની મિલકત સમાજની છે અને સમાજના કલ્યાણ માટે વપરાવી જોઈએ. એમની ખાસિયત મુબજની માનસિક સજાગતા દેખાડીને એમણે પોતાની જાતને સમાજવાદી નહિ પણ સામાજિક ન્યાયમાં માનનાર તરીકે ઓળખાવી.

એક સારા નાગરિકનું જીવન કર્મનું અથવા તો દેશની સેવામાં સક્રિય એવું જીવન હોય એમ ગાંધીજીએ કહ્યું. 'મારાં લખાણો મારા શરીર સાથે બાળજો. મેં જે કર્યું છે એ જ રહેવાનું છે, મેં જે કહ્યું કે લખ્યું છે એ નહિ.' ધ્યેયને વરેલા કામનું મહાત્મા કરતાં વધુ સારું ઉદાહરણ આ સદીમાં નથી. એમનું જીવન અસીમ ધીરજ, અપાર પ્રેમ, સંપૂર્ણ પ્રામાણિકતા અને અદમ્ય હિંમતનું જીવન હતું.

આપણી પદ્ધતિઓ અને વિચારધારાઓ ક્યારેક કામનાં અને ક્યારેક નકામાં હોય છે. પરંતુ શાણપણ અને માનવીયતાના આ મહાન અને પ્રેમાળ દીપકના શબ્દો શાશ્વત છે. એમણે આપણને એક રાષ્ટ્ર તરીકે સ્વમાન અને ગૌરવની અમૂલ્ય ભેટ આપી.

ગાંધીજીના શરીરને ભરખી જનાર ધિક્કાર અને ઝનૂન એમના મહાન આત્માને સ્પર્શ્યાં નહિ. આપણે હવે એમણે આપેલા શાશ્વત પાઠ તરફ વળીએ જેથી આપણે ગાંધીજીને એમની જિંદગીમાં લાયક નહોતા તોય એમના મૃત્યુ પછી થોડા અંશે એમને લાયક થઈએ.

***થોડાં ફૂલ ચઢાવવાં, માથું નમાવવું, પ્રદક્ષિણા કરવી, પાછા વળવું, નવા આવનાર માટે જગ્યા કરવી, બે મિનિટ મૌન પાળવું, સલામી આપવી અને કેટલીક મિનિટો રામધૂન, રાજઘાટ પર વધુ એક યંત્રવત્ પ્રક્રિયાની પૂર્ણાહુતિ...પૂરા ૬૮ ગાંધી નિર્વાણ દિન આમ ગયા અને કેટલાય જશે. ભારતદેશ પણ દર વર્ષે ગાંધીના સપનાના સ્વરાજથી આમ જ દૂર જતો જાય છે. 'મારું જીવન એ જ મારો સંદેશ' છે કહીને ચાલ્યા ગયેલા આ માણસની પુષ્કળ વાતો કરી શકાય, પણ એમના વિચારો વર્તનમાં લાવવા અઘરા છે! એટલે જ વાડીલાલ ડગલીએ જેમને 'ભારતના મહાન નાગરિક' અને 'ગાંધીજીની આંતરડી ઠરે' એવા 'આધુનિક વ્યક્તિ' ગણાવ્યા છે, એવા સન્માનનીય ધારાશાસ્ત્રી નાની પાલખીવાલાની માફક આપણે આપણી જાતને પ્રશ્ન પૂછવા જેવો છે 'આપણે ગાંધીજીને લાયક છીએ?'***

✱ ✱ ✱

(અમે ભારતના લોકોમાંથી)

નવજીવન ટ્રસ્ટ પ્રકાશિત 'નવજીવન અક્ષરદેહ' સામયિકના જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૬ના અંકમાંથી સાભાર.

● શ્રી સૂર્યકાંતભાઈ પરીખનો આ લેખ 'પ્રબુદ્ધ જીવન' માટે મોકલવા વિશેષ આભાર.

● શ્રી નાની પાલખીવાલા ભારતના સર્વોચ્ચ એડવોકેટ હતા.

# આકાશે ઉડ્ડયન કરાવનારી પાંખ ક્યાં ?

❑ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે જેમને નીતનવાં સ્વપ્નો આવતાં હોય છે અને એ સ્વપ્નોને સાકાર કરવા માટે નવા નવા આયામો સર્જતી રહે છે. દુનિયાની રફ્તારમાં ઘેટાંની માફક ચીલાચાલુ માર્ગે ચાલનારા તો જોઈએ તેટલા મળી રહે, પરંતુ કોઈક વિરલ વ્યક્તિ એવી હોય કે જે એ ચીલાચાલુ માર્ગે ચાલવાને બદલે કોઈ નવો માર્ગ રચી આપતી હોય છે.

એક દાયકા સુધી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રતિષ્ઠિત સામયિક 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ સંભાળનાર શ્રી ધનવંતભાઈ શાહ આ પ્રકારની પ્રતિભા ધરાવતા હતા. એમણે સામયિકની દેહપલટ અને રૂપપલટ કરી. એમણે એમાં ધર્મની વર્તમાન પરિપ્રેક્ષ્યમાં ચર્ચાઓ જગાવી, સામાજિક ઉત્કર્ષ અને જનકલ્યાણની ભાવનાનું સિંચન કર્યું. અન્ય ધર્મોની વિચારધારાઓનો તુલનાત્મક અભ્યાસ આદરસહિત પ્રગટ કર્યો. ઉત્તમ લેખમાળાઓ આપી. યુવાનો પાસે અંકોનું સંપાદનકાર્ય કરાવ્યું અને છેલ્લે છેલ્લે તો મહાત્મા ગાંધીજી વિશેનો 'પ્રબુદ્ધજીવન'નો 'મહાત્મા ગાંધીના સહયાત્રીઓ' વિશેષાંક આપીને એમણે સામયિકને એક નવો આયામ આપ્યો. તેઓ તંત્રી થયા, ત્યારે સામયિક અંગે ચર્ચા કરતાં મેં કહ્યું હતું કે તમે એને Readable બનાવો. અને એમણે વૈવિધ્યપૂર્ણ લેખો દ્વારા વ્યાપક જનસમૂહને માટેનું એક પ્રબુદ્ધ સામયિક બનાવી દીધું.

સામાન્ય રીતે સામયિકો એક જ ઢાંચામાં ચાલતા હોય છે, જ્યારે ધનવંતભાઈ દરેક અંકનો પોતાનો ઢાંચો નક્કી કરે અને પછી સામયિકને એમાં ઢાળે.

૧૯૪૦ની ૫મી જાન્યુઆરીએ ભાવનગરમાં જન્મેલા ધનવંતભાઈનું બાળપણ જન્મસ્થાનમાં વીત્યું અને એ પછી પ્રાથમિક અભ્યાસ માટે સોનગઢ (સૌરાષ્ટ્ર)માં આવેલા શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમમાં આવ્યા. આ આશ્રમનું અનોખું વાતાવરણ. આ આશ્રમમાં શિક્ષણ, સેવા અને ધર્મભાવનાનો ત્રિવેણીસંગમ જોયો. એ આશ્રમમાં વિદ્યાર્થીઓ માટે શાળા અને છાત્રાલય ચાલે. આમજનતા માટે દવાખાનું અને ઔષધાલય ચાલે અને દર્દથી પીડાતા કેટલાય લોકો અહીં રહે ને ઉપચાર કરાવે. અહીં ગરીબ દર્દીને ઉત્તમ અને મોંઘી દવા એક પણ પૈસો લીધા વિના અને જાતિ કે આર્થિક સ્થિતિના ભેદ વિના મળતી હતી.

અહીં લોકકલ્યાણના પુણ્યપ્રવાસી એવા શ્રી કલ્યાણચંદ્રજી મહારાજની શ્રી ધનવંતભાઈ પર ગાઢ અસર પડી. સાધુતાને કોઈ બંધિયાર વાતાવરણમાં જોવાને બદલે સેવા, સક્રિયતા અને માનવતા સાથે જોડાયેલી જોઈને ધનવંતભાઈના બાળપણના સંસ્કારો ઘડાયા. આ જ આશ્રમમાં 'કચ્છના મેઘાણી' સમા દુલેરાય કારાણી પણ વસતા હતા અને ત્યારે ધનવંતભાઈમાં સાહિત્ય અને સંસ્કારનું ઊંડું સિંચન થયું. જાણે એ ઋણનો સ્વીકાર કરતા હોય તેમ કલાપીનગર લાઠીમાં પૂ. મોરારીબાપુના હસ્તે એમનું સન્માન થયું ત્યારે એમણે પોતાને મળેલી ટ્રોફી આ આશ્રમને અર્પણ કરી દીધી અને પારિતોષિકોની રકમ યોજક સંસ્થાને પાછી વાળી દીધી.

૨૦૧૬ના ફેબ્રુઆરીમાં જ એકસોને બાવીસથી વધુ વિદ્વાનો અને કુલ બસો જેટલા સાહિત્યરસિકો ધરાવતા જ્ઞાનસત્રનું આયોજન કર્યું. કોઈ જ્ઞાનસત્રમાં એકસોથી વધુ વક્તાઓ પોતાનું પેપર રીડિંગ કરે એવી કલ્પના આપણે કરી શકીએ ખરા ? પણ એમણે એ સ્વપ્નને સાકાર કરી બતાવ્યું. આ ત્રેવીસમો જૈન સાહિત્ય સમારોહ ૨૦૧૬ની ૪થી ફેબ્રુઆરીએ યોજાયો એ પૂર્વે ધનવંતભાઈ ગંભીર બિમારીને કારણે આઈ.સી.યુ.માં હતા, છતાં લીધેલું ધ્યેય સિદ્ધ કરવા માટે નાદુરસ્ત તબિયતે પણ આવ્યા, સમારંભના સૂત્રધાર તરીકેની ભૂમિકા બરાબર બજાવી. એ પછી એટલા બિમાર પડ્યા કે ફરી આઈ.સી.યુ.માં દાખલ થવું પડ્યું. જાણે પોતાની સંસ્થામાં યોજાનારા જ્ઞાનસત્ર દ્વારા જ્ઞાનયજ્ઞથી ઋણ ચૂકવવાનો ભેખ લીધો ન હોય!

ચાર-ચાર દિવસ ચાલનારા આ જ્ઞાનસત્ર માટે ધનવંતભાઈ છ મહિના અગાઉથી એનું આયોજન કરે. ચીવટથી કાર્યવાહી કરે. કાગળ મોકલે ને પછી તરત કલાકમાં તો એ અંગે ફોન આવ્યો જ સમજો. એ દિવસે સાંજે એનો અમલ થાય, તેમ કરે. જ્ઞાનસત્રના વિષયો બે મહિના અગાઉ આપી દે અને દરેક વિષયમાં એક સંયોજકની નિમણૂંક કરે. એનું પરિણામ એ આવતું કે જ્ઞાનસત્રના સમયે એ વિષય પરના અભ્યાસપૂર્ણ ગ્રંથોના ઉદ્‌ઘાટનનો ઉત્સવ રચાઈ જતો. એવું ય બન્યું કે આ વખતે જૈન આગમ સાહિત્ય પર પરિસંવાદ હતો અને એમાં ભાગ લેનારા તમામ વક્તાઓ પાસેથી જાણીતા વિદ્વાન શ્રી ગુણવંત બરવાળિયાએ લેખો મેળવીને એ સમયે 'આગમ અવગાહન' નામનો એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ તૈયાર કર્યો અને એનું જ્ઞાનસત્રમાં વિમોચન થયું.

કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે જેને પોતાના બાગનાં વૃક્ષ પર ઊગેલાં ફળ ખાવામાં રસ હોતો નથી. પરંતુ બાગમાં ખીલતા ફૂલને જોઈને આનંદ પામવાનો વિશેષ ઉત્સાહ હોય છે. ધનવંતભાઈએ જેમ સામયિકોના સંપાદકો તૈયાર કર્યા, એ જ રીતે જુદા જુદા વક્તાઓને તાલીમ આપી. 'मानव पर विश्वास तुझे, ईश्वर पर है आस्था' એ કવિ સુમિત્રાનંદન પંતનું સૂત્ર ધનવંતભાઈનું જીવનસૂત્ર હતું. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રતિષ્ઠિત પર્યુષણ

વ્યાખ્યાનમાળામાં નવા નવા વક્તાઓને નિમંત્રણ આપે અને એક બાગબાનની માફક એમની શક્તિની માવજત કરે. વ્યાપક દર્શન અને વાસ્તવિક અનુભવને આધારે પર્યુષણમાં નવા-નવા વિષયો સાથે આયોજન કરતાં.

શ્રી ધનવંતભાઈ શાહે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પુસ્તક-પ્રકાશનની પ્રવૃત્તિને અસાધારણ વેગ આપ્યો. એમણે જોયું કે શોધાર્થીની વર્ષોની મહેનત પછી તૈયાર થતા શોધનિબંધ મોટે ભાગે અપ્રકાશિત રહે છે અને એમનો સઘળો વિદ્યાપરિશ્રમ એળે જાય છે, આથી એમણે આવા મહાનિબંધના પ્રકાશનનું ભગીરથ કાર્ય સફળતાથી સિદ્ધ કર્યું. વળી જૈનધર્મ વિષયક ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં અન્ય પુસ્તકો પણ પ્રગટ કર્યા.

નાટક પ્રત્યે એમને અગાધ પ્રેમ. ૧૯૮૫માં ફોર્બ્સ ગુજરાતી ભાષાએ યોજેલી નિબંધસ્પર્ધામાં એમણે પ્રથમ પારિતોષિક મેળવ્યું અને તે એમના નિબંધ 'ગુજરાતના સામાજીક જીવનમાં નાટકોનો ફાળો' માટે. ૧૯૭૫માં 'અંગારા' નાટકની રચના કરી. કવિ ન્હાનાલાલ અને કવિ કલાપી એ એમના અતિ પ્રિય સર્જકો. 'કવિ ન્હાનાલાલની કવિતામાં માનવજીવનદર્શન' એ વિષય પર ઋત્રિચરિત વિદ્યાપુરુષ રામપ્રસાદ બક્ષીના માર્ગદર્શન હેઠળ મહાનિંબધ લખ્યો, ત્યારબાદ કવિ ન્હાનાલાલ 'વસંતવૈતાલિક કવિ ન્હાનાલાલ' નાટકની રચના કરી. એમણે લખેલું 'રાજવી કવિ કલાપી' મુંબઈ અને ગુજરાતમાં ભજવાયું. એ પછી 'અપૂરવ ખેલા-અવધૂત આનંદઘનજી'ની રચના કરી. સર્જક જયભિખ્ખુ'ની નવલકથા 'પ્રેમભક્ત કવિ જયદેવ' પરથી 'કૃષ્ણભક્ત કવિ જયદેવ'ની નાટ્યરચના કરી અને એના પઠનનું મુંબઈમાં આયોજન પણ કરવામાં આવ્યું. એ જ રીતે, મુંબઈ, સોનગઢ અને ભાવનગરમાં એમણે જયભિખ્ખુના ગ્રંથોમાંથી ગદ્યઅંશો ગૂંથીને 'જયભિખ્ખુની શબ્દસૃષ્ટિ' નામનું વાચિકમ્ તૈયાર કર્યું હતું. એમણે મને કહ્યું કે હવે દરેક સર્જક વિશે એમની કૃતિઓમાંથી પસાર થઈને આવું 'વાચિકમ્' તૈયાર કરવું છે.

એમના પ્રેમાગ્રહને પરિણામે આ કૉલમલેખક દ્વારા 'પ્રબુદ્ધજીવન'માં સતત ૬૨ અઠવાડિયા સુધી 'જયભિખ્ખુ જીવનધારા'ની લેખમાળા પ્રગટ થઈ અને એના પરથી તૈયાર થયેલા નાટકની મુંબઈ અને સોનગઢમાં ભજવણી કરવામાં પણ ધનવંતભાઇએ મહત્ત્વનો ભાગ ભજવ્યો.

એવામાં આજથી સાત વર્ષ પૂર્વે એમના ચિત્તમાં એક પરિકલ્પના આવી. એમને થયું કે વર્તમાન સમયમાં તીર્થંકરો, વિભૂતિઓ અને આચાર્યોના જીવન વિશે જનસમૂહમાં અલ્પમાહિતી પ્રવર્તે છે. આથી એમણે સળંગ ત્રણ દિવસ એક તીર્થંકર કે વિભૂતિના જીવનની રસપ્રદ રજૂઆત ધરાવતી કથાનું આયોજન કર્યું. આને પરિણામે 'મહાવીર કથા', 'ગૌતમ કથા', 'ઋષભ કથા', 'પાર્શ્વ-પદ્માવતી કથા', 'નેમ-રાજુલ કથા' અને 'હેમચંદ્રાચાર્ય કથા' જેવી છ કથાઓની પ્રસ્તુતિ ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા કરવામાં આવી, જે ભારત ઉપરાંત લંડન, લોસ-એન્જલિસ, ધરમપુર અને કચ્છમાં રજૂ થઈ. એક આયોજક તરીકે ધનવંતભાઈ ક્યા પ્રકારનો બેકડ્રોપ રાખવો, કયા સંગીતકારોને બોલાવવા, કઈ રીતે નિમંત્રણ-પત્રો મોકલવાથી માંડીને સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને ખૂબ ઝીણવટથી આયોજન કરતા હતા. વળી કોઈ પણ કાર્યક્રમની આગળ બહુ ઓછાં 'ક્રિયાકાંડ' રાખતા. દીપપ્રાગટ્ય થાય. ત્રણેક મિનિટ વક્તાના પરિચયની ઝાંખી કરાવે અને અંતે સમાપનમાં આભાર સાથે જરૂરી સૂચનાઓ આપે. આપણે ત્યાં આયોજકો ઘણીવાર વક્તાથી વધુ બોલતા હોય છે. શાયરી કે કવિતાની રમઝટ બોલાવતા હોય છે. ધનવંતભાઈ શ્રોતાઓને સતત રસપ્રદ બને, તેવો ધ્યેયનિષ્ઠ કાર્યક્રમ રચતા. આમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચંદ્રકાન્ત શાહ, ઉપપ્રમુખ શ્રી નીતિન સોનાવાલા અને બધા હોદ્દેદારો નિસ્પૃહભાવે સાથ આપે. કોઈ સ્ટેજ પર બેસવાનું પસંદ કરે નહીં. બધા જ સામે બેસીને વક્તાને માણે.

ડૉ. ધનવંતભાઈ શાહ જબરા કુટુંબપ્રેમી હતા. એમના પત્ની સ્મિતાબેન, પુત્ર પૂરબ, પુત્રીઓ પ્રાચીન, રીતિ અને પુત્રવધૂ ખ્યાતિની સતત સંભાળ લેતા. છેલ્લે પૌત્રી વિયાના સાથે રમવામાં એમને ખૂબ મોજ આવતી હતી.

અવસાનના દિવસે સવારે એમનો ફોન આવ્યો. અમારો રિવાજ એવો કે જેની તબિયત બરાબર ન હોય, તે સામી વ્યક્તિની ખબર પૂછે! એમણે મારી તબિયતના સમાચાર પૂછ્યા! કહ્યું, તમારા ચાર કામ છે. એક શ્રીમદ્ રાજચંદ્ર કથાના કાર્ડની ડિઝાઈન, એને વિશે એક ટૂંકો લેખ, 'અહિંસા રત્ન એવોર્ડ'ની પ્રેસનોટ અને મારા અનુભવો વિશે 'મારો અસબાબ' નામની એમણે મારી પાસે લખાવવા ધારેલી લેખમાળા વિશે નાની નોંધ. પછી કહે એકાદ દિવસમાં મોકલજો. આપણે ચારેક દિવસની મુદત માગીએ એટલે કહે, 'તથાસ્તુ' અને પછી ઉમેરે કે 'જો, જો, મારે પઠાણી ઉઘરાણી કરવી ન પડે.' આવી ઊઘરાણી કરનારો ટહૂકો હવે ક્યાંથી સાંભળવા મળશે?

એમણે લખેલાં 'રાજવી કવિ કલાપી' નાટ્યગ્રંથ માટે મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીનો ઉત્તમ નાટ્યગ્રંથ પુરસ્કાર મળ્યો, મહાવીરપ્રસાદ સરાફ પુરસ્કાર, સંસ્કૃતિ અભિવાદન ફાઉન્ડેશન તરફથી શ્રેષ્ઠ નાટક માટે તથા કલાપીના નાટકને માટે ટ્રાન્સ મિડિયા એવોર્ડ અને એ પછી આચાર્ય ભગવંત દુર્લભસાગરસૂરીશ્વરજી એવોર્ડ મળ્યો. છેલ્લે ૨૦૧૬ની ૪થી જાન્યુઆરીએ કલાપીનગર લાઠીમાં એમને પૂજ્ય મોરારિબાપુના હસ્તે 'રાજવી કવિ કલાપી એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા.

આજે એમના સહુ સાથીઓ એવો અનુભવ કરે છે કે અમે બધા

પક્ષીઓ અહીં રહી ગયા ને સહુને ઊંચા આકાશમાં ઊડાડનારી પાંખ ચાલી ગઈ! નિસ્પૃહી, હસમુખા, કર્મનિષ્ઠ, નવી પ્રતિભાઓને સદૈવ પ્રોત્સાહિત કરનારા નાટ્યસર્જક ધનવંતભાઈ શાહ નોખા માનવી હતા. કશાય ઉદ્દેશ વિનાની મૈત્રી અને સહુને પ્રેરનારી આ પ્રતિભાના જીવનને જોઈએ તો કવિવર રવીન્દ્રનાથ ટાગોરના એ શબ્દો યાદ આવે છે-

જીવન મંથન વિષ નિજે કરિ પાન,
અમૃત યા ઊઠે છિલ કરિગેછ દાન.

'જીવનના મંથનમાંથી નીકળેલા વિષનું સ્વયં પાન કરીને મંથનમાંથી જે અમૃત નીકળ્યું, તેનું દાન કરી ગયા છો.'

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૦૭૯ ૨૬૬૦૨૬૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

x x x

## જૈન દર્શનના અનેકાંતવાદને જીવનારા સજ્જન

મુરબ્બી ધનવંતભાઈની વિદાયના સમાચાર મળતાં અંગત સ્વજનનો ગુમાવવાનો આઘાત અને દુઃખ અનુભવ્યા. તેમની સાથે એવી કોઈ ઘનિષ્ટતા નહોતી, છતાં પણ જ્યારે-જ્યારે મળવાનું કે વાતો કરવાનું થતું ત્યારે તેઓ અત્યંત નિકટના આત્મીય સ્વજન લાગ્યા હતા.

પ્રબુદ્ધ સાહિત્યકાર, વિદ્વાન સંશોધક, તંત્રી અને નાટ્યકારની સાથે-સાથે જ તેઓ એક પ્રેમાળ અને મહામના વડીલ હતા. પૂર્વગ્રહોથી પર અને સદ્‌ના અનુરાગી એવા ધનવંતભાઈ સાચી સલાહ અને માર્ગદર્શન મેળવવાનું ઠેકાણું હતા. જૈન દર્શનના અનેકાંતવાદને જાણે તેઓ જીવતા હતા. સર્વે દિશામાંથી આવતા ઉત્તમ તત્ત્વોને આવકારવા તેઓ સદૈવ તત્પર રહ્યા હતા.

કેટલીય વાર શનિવારે મુંબઈ સમાચારમાં મારો લેખ વાંચીને તેમનો ફોન આવતો. ગયા મહિને જ તેમની સાથે ફોન પર વાત થઈ હતી અને દર વખતની જેમ તેમણે મને પૂછ્યું હતું: 'બાના પત્રોનું સંપાદન-કાર્ય ક્યાં પહોંચ્યું? એ કરો, કરો નહીં તો ગુજરાતી સાહિત્યનું કરજ તમારે માથે રહેશે.' તેમણે 'પ્રબુદ્ધ જીવન'માં મારા બા બંધુબહેન મેઘાણીના પત્રો વિશેનો લેખ પ્રગટ કર્યો ત્યાર પછી આ ઉઘરાણી તેઓ સતત કરતા રહ્યા હતા અને હું દર વખતે કહેતી કે હવે એ કામ હાથ પર લેવું જ છે. મને બહુ જ ગમતી તેમની ઉઘરાણી કેમ કે એ મને હરીન્દ્ર દવે અને કૃષ્ણવીર દીક્ષિત જેવા સ્વજનોની યાદ અપાવતી. પરંતુ કમનસીબે આજ સુધી હું એ કરી શકી નથી.

તેમના જેવા ઉદ્દાત જીવન જીવી જનાર આત્માનું સ્થાન તો પરમશાંતિના ધામમાં જ હશે. શ્રદ્ધા છે. પરંતુ આપણા સહુ માટે, પ્રબુદ્ધજીવનના હજારો વાચકો માટે, અને ખાસ તો પરિવારજનો માટે તેમની ગેરહાજરી સહન કરવાનું સહેલું નહીં હોય. અલબત્ત જૈન દર્શનમાં પરમ શ્રદ્ધા અને એ વિદ્વદ્‌જનની સ્મૃતિ જ એ બળ પૂરું પાડશે. ધનવંતભાઈએ કરેલા અઢળક કાર્યો, લખાણો તો અ-ક્ષર છે અને તે આપણી સાથે છે જ.

**☐ તરુબહેન કજરિયા**

x x x

## હલ્લો ધનવંતભાઈ

અમારું કાર્ય અળવિતરુ ને પાછો હું ઉફરો ચાલનારો. છતાંય મારી સાથે એ મોભીએ સંબંધ બાંધ્યો ને વારે વારે પ્રસંગોપાત બિરદાવી પ્રોત્સાહન વધારે. મારા પ્હેલા નાટક 'માસ્તર ફૂલમણી' જોઈ ભેટ્યા ને કાનમાં ફૂંક મારીઃ ગુજરાતી રંગભૂમિને આવા નાટકની જરૂર છે! આમ ૧૯૯૭થી મારા પ્રવાસના સાક્ષી. મારા પ્રયોગોમાં સહભાગી. મારા દરેક નાટકના પ્રથમ પ્રયોગે હાજર જ હોય. વડલાની જેમ હૂંફ આપે. કલાકારોના ઉચ્ચારમાં ખોટ હોય તો ટોકી સાચો ઉચ્ચાર બોલી બતાવે ને ઉપરથી પીઠ થાબડે. ભેગા મળી અમે આનંદઘનના કાર્ય પરથી 'અપૂરવ ખેલા' રચ્યું. હું તાલીમ દરમ્યાન મોડી રાતે તેમને ફોન કરી દૃશ્યો બદલાવું. એ કારણો માગે! ચર્ચાઓ ચાલે, હા ભણે ને નવું દૃશ્ય લખી ઉત્સાહથી વ્હેલી પરોઢે ફોન રણકે. મને વ્હાલી, કાલી, બોલીમાં 'ગુરુજી'નું સંબોધન કરી પ્રેરે. હું અભણ પણ એમનો સ્નેહ બરોબર પારખું. જે દર્શનની મને સૂઝ ન હોય ત્યાં દરવાજાઓ ખોલી આપે. એમના અનુભવનો, માહિતીનો ભંડારો ખૂલ્લો મૂકી દે. અપ્રાપ્ય પુસ્તક દૂર દૂર દેશાવરથી મેળવી મારું અંધારૂં દૂર કરવા હંમેશ તત્પર. આજે નહીં ને કાલે મારો ફોન રણકશે ને ધ્વનિ સંભળાશે...ગુરુજી ક્યાં મૂંઝાણા છો?

**☐ મનોજ શાહ**

x x x

## એમની જ્ઞાનની વર્ષા અમારા પર સતત વરસતી રહે

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના દરેક સભ્ય પૃથ્વી પર વસતા સાક્ષાત્ ભગવાન જ છો, પરંતુ અમને સ્વર્ગની ઓળખાણ કરાવનાર અમારા ઈષ્ટદેવ, અમારા ગુરુ ડૉ. ધનવંતભાઈ શાહ અમને છોડીને અમારા વચ્ચેથી તા. ૨૮મી ફેબ્રુઆરીએ વિખૂટા પડી ગયા. બહુ જ દુઃખ થાય છે અમને. ૨૪મી માર્ચે લગભગ એકમાસ પછી અમને ખબર પડી. અમારા કર્મો કેટલા ખરાબ.

મા. ડૉ. ધનવંતભાઈનો આત્મા આ દેહને છોડીને સ્વર્ગમાં ચાલી ગયો. હે પ્રભુ અમારી સંસ્થાના ગરીબ બાળકો, ગરીબ પરિવારો તથા અંધ, અશક્ત, અપંગ, બીમાર ગૌમાતાઓની પ્રાર્થના સ્વીકારીને એમની આત્માને શાન્તિ આપજો. હે પ્રભુ એમની જ્ઞાનની વર્ષા અમારા પર સતત વરસતી રહે એવી પ્રાર્થના.

**☐ પી. બી. સોલંકી**
જયમા ખોડીયાર સેવા ટ્રસ્ટ

## 'પ્રબુદ્ધ જીવન'ના પ્રેમાળ અને નિષ્ઠાવાન સુકાનીને મારી ભાવભરી શ્રદ્ધાંજલિ

છેલ્લા ૫૦ વર્ષથી હું શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વ્યાખ્યાન-માળાનો લાભ લઉં છું. પૂ. રમણભાઈ તો મારા પિતાતુલ્ય હતા. એ જ્યારે પ્રમુખસ્થાને હતા ત્યારે તો આકર્ષણ હતું જ. હરેક વખતે જુદા જુદા વક્તાને સાંભળવા મળતા અને જ્યારે શ્રી ડૉ. ધનવંતભાઈ આવ્યા ત્યારે પણ એ જ આકર્ષણ રહ્યું. ગુરુનો રાહ જ અપનાવ્યો. સંસ્થાની પ્રવૃત્તિને વધુ વેગવાન બનાવી અને ઘરે ઘરે મા સરસ્વતીને પહોંચાડ્યા. વિચારોમાં ઉત્તમતા અને જીવનમાં સરળતા એ એમનો જીવનમંત્ર હતો.

એક સંસ્થાના સૂત્રધાર બનવું ખૂબ કપરું છે, પણ એમણે તો સહજતાથી આ સ્થાન શોભાવ્યું. નાના કે મોટા સૌની સાથે પ્રેમથી અને માનથી વ્યવહાર કરતાં. સહુ કાર્યકર્તાની એક કુટુંબીજન જેવી માવજત કરતાં. પ્રેમના દોરથી સહુને એક માળાના મણકા બનાવી દીધા હતાં. તેઓ હંમેશ સહુની કળાનો વિકાસ કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન આપતા.

સરળતા, સજ્જનતા, સૌમ્યતા, શીતળતા, સહજતા, સ્વસ્થતા, ઉચ્ચવક્તા, સિદ્ધાંતવાદી, નમ્રતા, નિપૂણતા, વિદ્વત્તા અને નિર્મળતા – આ બધાનો સરવાળો એટલે આપણા સહુના વહાલા શ્રી ડૉ. ધનવંતભાઈ. સ્મિતાબેનને વરેલા એટલે સ્મિત તો હોય જ ને!

છેલ્લા કેટલાક વર્ષોથી તેઓ મારા બિલ્ડિંગમાં રહેતા શ્રી બિપીનભાઈ જૈન જે તેઓના મિત્ર હતા, તેઓને ત્યાં દર મંગળવારે આવે જ. જ્યારે પણ જતા હોય ત્યારે મને નીચે ઘણીવાર મળે. એ રણકાર જ અદ્ભુત હતો. આંખોમાં અમી અને મુખ પર બાળક જેવું નિર્દોષ હાસ્ય રમતું હોય. એ હું ક્યારેય નહિ ભુલું.

આવા શ્રી ડૉ. ધનવંતભાઈનો આત્મા જ્યાં પણ હોય ત્યાં એમને પરમ શાંતિ પ્રભુ અર્પે, તીર્થંકરપદની નજદીક જતા જાય અને શાશ્વતને પામે એવી મારા અંતરની અભિલાષા.

આપણી સંસ્થા ખૂબ નસીબદાર છે કે આપણને નવા સારા સુકાની મળી જાય છે. સુશ્રી ડૉ. સેજલબેન અમને તમારામાં સંપૂર્ણ વિશ્વાસ છે કે આપણી નૈયા જરાક પણ હાલક ડોલક નહિ થાય. તમે પણ સરળતાથી આ પદ શોભાવશો. એવા અમારા અંતરના આશીર્વાદ.

**☐ ભારતી દિલીપ શાહ**

## ધનવંતભાઈ શાહ!!

તેમના નામ આગળ આશ્ચર્યચિહ્ન મૂકવાનું પ્રયોજન એટલું કે એક અદ્ભુત વ્યક્તિત્વ તેમના નામમાં તેમને જોવામાં, સાંભળવામાં, વાત કરવામાં, અનુભવવા મળતું હતું!

છેલ્લાં થોડાક વર્ષોથી જ તેમને જાણ્યાં. તેમના 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે, 'કલાપી' નાટકના લેખક તરીકે, અને બહુ મોડા જાણવા મળેલું કે મુંબઈમાં 'પર્યુષણ' દરમ્યાન યોજાતી વ્યાખ્યાનમાળાના તેઓ અનેક પ્રબુદ્ધ પ્રો. રમણભાઈ શાહ. શ્રી ચીમનભાઈ ચકુભાઈ, શ્રી પરમાનંદભાઈ કાપડિયા તથા અન્ય સુજ્ઞ સુશ્રાવક અને શ્રેષ્ઠીઓની હારમાળાના મણકા હતા.

ઘણું જીવો ધનવંતભાઈ, 'પ્રબુદ્ધ જીવન'ની દીપશિખા દ્વારા અમારા સહુના જીવનને ધનવાન બનાવતા રહે.

**☐ શ્રીમતિ છાયાબેન નાણાવટી**

એ ૬૩, શાલિગ્રામ, અમદાવાદ-૩૮૦૦૧૫.

## મોટાભાઈની અણધારી વિદાય

ધનવંતભાઈ સાથે મારો પહેલો પરિચય ૧૯૭૦ની સાલમાં હું મુંબઈ આવ્યો ત્યારથી થયો. હું પ્રથમ વાર તેમની પાસે જોબ માટે ગયેલો. મને શાંતિથી સાંભળ્યો મારી જરૂરિયાત અને વ્યવસ્થા માટે તાત્કાલિક બીજે જોબ પર લગાવી દીધો, અને પછી થોડા વરસમાં જ પોતાની કંપનીમાં બોલાવીને મને કામ સોંપી દીધું. બસ એ ૧૯૭૨ની સાલથી હું તેમની સાથે કામ કરતો હતો. વ્યવસાયિક સંબંધો પારિવારિક બન્યા અને ધનવંતભાઈ અમારા પરિવારમાં મોટાભાઈ તરીકે સ્થાપિત થયા. વર્ષોના વ્હાણા વાયા કેટકેટલા સુખ, દુખ, હસી, ખુશી, આનંદ અને વ્યવહારિક પ્રસંગો અમારા જીવનમાં આવ્યા અને ગયા. દરેક વખતે મોટાભાઈ તરીકેની જવાબદારી તેમણે બહુ મોટા મનથી નિભાવી, હંમેશાં પ્રેમ અને હુંફ આપી. મારો આખો પરિવાર આજે નોધારો બની ગયો હોય એવી લાગણી તેમના જવાથી થાય છે. છેલ્લા એક વર્ષથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘમાં મારી નિમણૂક કરીને સતત સંપર્કમાં રાખ્યો. બહુ મોટા મનના આ મુઠી ઊંચેરા માનવીને પરમાત્મા ચિર શાંતિ બક્ષે એવી પ્રાર્થના અને અભ્યર્થના સાથે વંદન.

બહુ યાદ આવશો મોટાભાઈ!!

**☐ હસમુખભાઈ શાહ**

## તેઓના જવાથી અંધકાર વ્યાપી ગયો

સ્નેહીશ્રી ધનવંતભાઈના દુઃખદ અવસાનના સમાચાર જાણી બહુ દુઃખ થયું છે. તેઓને રૂબરૂ મળવાનું થયું નથી પરંતુ તેઓના સાહિત્ય દ્વારા તેઓની કલાની નોંધ કરીએ છીએ.

'પ્રબુદ્ધ જીવન' માસિકના સંપાદક તરીકેની કામગીરી ઉત્તમ પ્રકારની રહી છે. તેઓના જવાથી અંધકાર વ્યાપી ગયો છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે અને આપ સૌને તેઓના કાર્યથી પ્રેરણા મળે તેવી પ્રભુ પ્રાર્થના.

**☐ યોગેશ જોષી**

પ્રમુખ ગ્રામ નિર્માણ કેળવણી મંડળ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા વિનય-યશ પરિસંવાદ સંપન્ન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ વિદ્યાપીઠનો ગુજરાતી વિભાગ અને જૈન એકેડેમી દ્વારા વિનય-યશ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. મધ્યકાલીન જૈન સાહિત્યમાં અગ્રગણ્ય વિદ્વાનો અને અનન્ય કવિપ્રતિભા ધરાવતા સર્જકો ઉપાધ્યાય વિનયવિજયજી અને યશોવિજયજીનું સ્થાન વિશિષ્ઠ અને મહત્ત્વનું છે. વિનયવિજયજી મહારાજ કાળધર્મ પામ્યા પછી યશોવિજયજી મહારાજે શ્રીપાળ રાસ પૂર્ણ કર્યો હતો. ફોર્ટમાં યોજાયેલા પરિસંવાદોમાં વિદ્વાન વક્તાઓએ આ બંને સર્જકોના સર્જનની પ્રસાદીનો આસ્વાદ અને રસલ્હાણ જિજ્ઞાસુઓને કરાવી હતી. આ કાર્યક્રમનો પ્રારંભ જાણીતા ઉદ્યોગપતિ અને ભદ્રંકરવિજયજી મહારાજના ઉપાસક સી. કે. મહેતાએ દીપપ્રાગટ્ય કરીને કર્યો હતો. આ કાર્યક્રમ શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાનવિજ્ઞાન સ્વાધ્યાય સત્રના ઉપક્રમે યોજાયો હતો.

પરિસંવાદના પ્રથમ દિવસે મુંબઈ જૈન યુવક સંઘના ઉપપ્રમુખ નીતિન સોનાવાલાએ જ્ઞાનપિપાસુ અને જિજ્ઞાસુઓને આવકારતાં જણાવ્યું હતું કે આપણે આ વર્ષે બાર ભાવનાનું ચિન્તવન કરવાનું છે અને શ્રીપાળ રાસની સંગીતમય પ્રસ્તુતિનો આનંદ લેવાનો છે.

મુંબઈ વિદ્યાપીઠના ગુજરાતી વિભાગના વડા ડૉ. અભય દોશીએ જણાવ્યું હતું કે વિનયવિજયજી મહારાજ અને યશોવિજયજી મહારાજ ૧૭મી સદીના જૈન સાહિત્યના દીપકો છે. યશોવિજયજી મહારાજ કાશી જઈને નવ્યન્યાય ભણ્યા હતા. તેમાં તે જમાનાની તર્કશાસ્ત્ર (લોજિક) પદ્ધતિનો સમાવેશ થયો હતો. તેમાં તેમણે જૈનદર્શનને ઢાળ્યું હતું. તેમણે અનેક સ્તવન અને સજ્ઝાયો રચી હતી. યશોવિજયજી મહારાજના અને વિનયવિજય મહારાજ દ્વારા રચિત શ્રીપાળ રાસનું વાંચન બે આયંબિલની ઓળી અને પર્યુષણમાં થાય છે. આ પરિસંવાદમાં આપણે બંનેના પરિમાણોને પામવાના છે.

આ પરિસંવાદમાં પંચશતાવધાની અજિતસાગરચંદ્ર મહારાજ બંને દિવસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની અમૃતવાણીનો લાભ જિજ્ઞાસુઓને બંને દિવસ મળ્યો હતો. અજિતસાગરચંદ્ર મહારાજે સુબોધ ટીકાના માધ્યમથી વિનયવિજયજી મહારાજે આપણા ઉપર કરેલા ઉપકારની વાત માંડી હતી. વિનયવિજયજી મહારાજ અને યશોવિજયજી મહારાજ એ કલ્યાણમિત્રોનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. શ્રીપાળ રાસમાં ૫૫૧ ગાથા યશોવિજયજી મહારાજની અને ૭૫૦ જેટલી ગાથા વિનયવિજયજી મહારાજની છે. શ્રીપાળ રાસમાં બંનેની વિદ્વત્તા જોવા મળે છે.

એલ.ડી. ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ડોલોજીના ડિરેક્ટર અને જૈન ધર્મના પ્રખર વિદ્વાન જિતેન્દ્ર શાહે બીજ વક્તવ્ય આપ્યું હતું. બીજા સત્રમાં તેમણે 'દ્રવ્ય ગુણ પર્યાયરાસ' વિશે વક્તવ્ય આપ્યું હતું. પ્રથમ સત્રમાં જિતેન્દ્ર શાહે જણાવ્યું હતું કે આ બંને સાધુ મહારાજો નવ્યન્યાય શાસ્ત્ર ભણ્યા. તે ખૂબ અઘરી એટલે કે જાણે વાળની છાલ કાઢવા જેવી વાત હતી. આ બંનેના ગુરુ પાસે એક ગ્રંથ હતો. પરંતુ તે પોતાની મહત્તા ઘટી જાય એવા ભયથી તે શિષ્યોને ભણાવતા નહીં. ગુરુ બે દિવસ બહારગામ ગયા ત્યારે ગુરુ માતાએ જ્ઞાન વહેંચવાથી વધે છે એમ માનીને બંને શિષ્યોને આપ્યો. તે બંનેએ બે દિવસમાં ૧૫૦૦ થી વધુ શ્લોક કંઠસ્થ કર્યા હતા. વિજયવિજયજી મહારાજે ૬૦૦ અને યશોવિજયજી મહારાજે ૯૦૦ મંત્રો કંઠસ્થ કર્યા હતા. આ પ્રસંગ પુરવાર કરે છે કે યશોવિજયજીની સ્મરણશક્તિ અતિતીવ્ર હતી. તેમના વિવિધ ગ્રંથો જ્ઞાનસાર અષ્ટક, આધ્યાત્મસાર અને આધ્યાત્મ ઉપનિષદની શરૂઆત 'ઐમ'થી થાય છે 'ઐમ' એ સરસ્વતીમાતાનો બીજ મંત્ર છે. બનારસમાં શાસ્ત્રચર્ચામાં વિદ્વાનોને પરાસ્ત કરતા તેથી તેમને ન્યાયાચાર્ય મહામહોપાધ્યાયનું બિરુદ આપવામાં આવ્યું હતું.

આ પરિસંવાદમાં મુંબઈ વિદ્યાપીઠના ગુજરાતી વિભાગના ભૂતપૂર્વ વડા અને સાહિત્યકાર ડૉ. ઉર્વશી પંડ્યાએ નેમી-રાજુલ, ભ્રમરગીતા વિશે, જૈન ધર્મના વિદ્વાન એ કચ્છ-રાપરની કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક ડૉ. રમઝાન હસાણીયાએ યોગ દૃષ્ટિ સજ્ઝાય વિશે, ડૉ. ઋષિકેષ રાવલે સમુદ્રવહાણ સંવાદ વિશે, ડૉ. અભય દોશીએ નવપદ પૂજા વિશે, ભાનુબહેન શાહે સમકિત સડસઠ બોલની સજ્ઝાય વિશે, રશ્મિબહેન લેહતે સવાસો ગાથાના સ્તવન વિશે અને સુરેશ ગાલાએ શાંતસુધારસ વિશે વક્તવ્ય આપ્યું હતું. 'પ્રબુદ્ધ જીવનના તંત્રી અને ગુજરાતી ભાષાના પ્રાધ્યાપક' ડૉ. સેજલ શાહે જંબુસ્વામી રાસ વિશે વક્તવ્ય આપ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી, 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી અને આ કાર્યક્રમ યોજવાની સંકલ્પના રજૂ કરનારા સ્વર્ગસ્થ ડૉ. ધનવંત શાહની તસવીરને પાર્વતીબહેન ખીરાણીએ પુષ્પહાર અર્પણ કર્યો હતો. ભોજન-ચાપાણીની વ્યવસ્થા ભદ્રાબહેન દિલીપભાઈ શાહ તરફથી કરવામાં આવી હતી. આભારવિધિ ડૉ. અભય દોશીએ કરી હતી..

✷✷✷

'પ્રબુદ્ધ જીવન' કૉર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો

પુસ્તકનું નામ : **સમણ સુત્તં જૈન ધર્મસાર**
(સરળ ગુજરાતી અનુવાદ)
અનુવાદક : **મુનિશ્રી ભુવનચંદ્રજી**
પ્રકાશક : પારુલ દાંડીકર
યજ્ઞ પ્રકાશન સમિતિ, હિંગળાજ માતાની વાડીમાં, હુજરત પાગા, વડોદરા-૩૯૦૦૦૧.
ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭.
મૂલ્ય-રૂ. ૧૨૦/-, પાના-૨૫૫, આવૃત્તિ-બીજી મે, ૨૦૧૫. પાંચમું પુનઃમુદ્રણ-જુલાઈ-૨૦૧૫.

'...ચાર ખંડોમાં ૭૫૬ ગાથાઓમાં થઈને જૈનધર્મ, તત્ત્વદર્શન તથા આચાર માર્ગનો સર્વાંગીણ સંક્ષિપ્ત પરિચય આવી જાય છે એમ કહી શકાય. સાંપ્રદાયિક આગ્રહોથી પર મૂળ રૂપમાં જૈન ધર્મ સિદ્ધાંતનો, આચાર પ્રણાલીનો અને જીવનના ક્રમિક વિકાસની પ્રક્રિયાનો સામાન્ય માણસને પરિચય કરાવવા માટે આ એક સર્વસંમત પ્રતિનિધિ ગ્રંથ છે.'

જૈન તત્ત્વદર્શન, જૈન ધર્મજીવન અને ભગવાન મહાવીરના ધર્મબોધનો પ્રમાણભૂત અને સારભૂત પરિચય આપતો આ ગ્રંથ અનેક રીતે વિશિષ્ટ છે. 'સમણસુત્તં' ગ્રંથ વિનોબાજીની પ્રેરણાથી અસ્તિત્વમાં આવ્યો. આ ગ્રંથનું સંકલન કરવા માટે જૈનાના બધા ફિરકાના મુનિઓ તથા વિદ્વાનો એકત્ર થયા અને તે વિનોબાજી જેવા 'અજૈન' સંતની પ્રેરણાથી, એ અનેકાંતવાદની સમન્વય શક્તિની પ્રતીતિ કરાવતી આ સદીની ઐતિહાસિક ઘટના હતી.

અનુવાદક કહે છે 'કોઈપણ સામાન્ય વાચક જૈન ધર્મનું પુસ્તક પહેલીવાર વાંચતો હોય તેને આનું વાંચન સુગમ લાગે, રસ જળવાઈ રહે અને પ્રેરણાદાયી નીવડે એ રીતે અનુવાદ કરવાનો મેં પ્રયત્ન કર્યો છે.' આ અનુવાદ વાંચતા પ્રતીતિ થાય છે કે પૂજ્યશ્રીએ પારિભાષિક શબ્દોનો ઉપયોગ ઓછો કર્યો છે. જરૂર લાગી ત્યાં સરળ અર્થ કૌંસમાં અથવા ગાથાર્થની નીચે અલગ આપી દીધા છે. જરૂરી લાગી ત્યાં સમજૂતી પણ આપી છે. ગ્રંથના અંતે પારિભાષિક શબ્દોના સરળ લોકભોગ્ય અર્થો આપ્યા છે.

પ્રભુ મહાવીરે પ્રબોધેલા ધર્મતત્ત્વનો શાસ્ત્રીય પરિચય મેળવવા ઈચ્છતા જનોને આ અનુવાદ સહાયક બનશે.

x x x

# સર્જન-સ્વાગત

## ☐ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **પ્રભુ મહાવીરની અંતિમ દેશના કલિકાલમાં કેમ પાર ઉતરશો.**
લેખન-સંપાદન: પૂ. મુનિરાજ શ્રી સંયમકીર્તિ વિજયજી મ.સા.
પ્રકાશક : શ્રી સમ્યક્જ્ઞાન પ્રચારક સમિતિ-અમદાવાદ.
મૂલ્ય-સદુપયોગ, પાના-૧૮+૨૮૬=૩૦૪, આવૃત્તિ પ્રથમ, વિ. સં. ૨૦૭૧.

પ્રાપ્તિસ્થાન : (૧) શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ, નૃપેનભાઈ આર. શાહ ૪, સરગમ ફ્લેટ, વી. આર. શાહ સ્કૂલની બાજુમાં, વિકાસ ગૃહ, રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

મોબાઈલ-૯૪૨૭૪૯૦૧૨૦.

(૨) સેવંતીલાલ જૈન, ડી-૫૨, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર, ૧લી પાંજરાપોળ ગલી, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન નં. : ૨૨૪૦૪૭૧૭.

શ્રી મહાવીર પરમાત્મા અનેક જીવોનો ઉદ્ધાર કરી મોક્ષે પધારી રહ્યા છે. ત્યારે પોતાના જીવનના કર્તવ્યના અંતિમ ચરણમાં લાગલગાટ સોળ પ્રહર-૪૮ કલાકની દેશના આપેછે એ **'અંતિમ દેશના'** તરીકે જૈન જગત અને જૈન વાઙમયમાં પ્રસિદ્ધિ પામે છે.

તેમાં પ્રભુ જગતમાં પ્રવર્તેલા ચાર પુરુષાર્થોનું રહસ્ય સમજાવે છે. પાંચમા આરાના ભાવિને સૂચવનારા આઠ સ્વપ્નોનો ફળાદેશ બતાવે છે. પુણ્ય-પાપના પંચાવન-પંચાવન અધ્યયનો પ્રકાશે છે અને સભા દ્વારા પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરો આપે છે. પરમ પિતાએ અંતિમ સમયે જીવાત્માઓના હિત માટે જે હિતશિક્ષાઓ ફરમાવી છે અને કળિકાળના તીર્થસ્થાનો ઓળખાવ્યા છે તેને આ પુસ્તકમાં આલેખવામાં આવ્યા છે.

પ્રસ્તુત પુસ્તકમાં પ્રભુ મહાવીરની ૧૬ પ્રહરની અંતિમ દેશનામાં વર્ણવાયેલા પદાર્થોનું સંકલન કરવામાં આવ્યું છે. તેમાં ચાર પુરુષાર્થ, આઠ સ્વપ્નોનો ફળાદેશ અને પાંચમા આરાનું ભાવિ બતાવવામાં આવ્યું છે.

પ્રભુ દ્વારા અંતિમ સમયે વહેતા કરેલા આ સમીકરણનું પાન કરીને સૌ આરાધક જીવો મોક્ષ પામે એજ શુભાશિષ.

x x x

પુસ્તકનું નામ : **અધ્યાત્મ કેમ પામશો ?**
લેખક-સંપાદન :
**પૂ. મુનિરાજ શ્રી સંયમકીર્તિવિજયજી મ.સા.**
પ્રકાશક : શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ અમદાવાદ.
મૂલ્ય : સદુપયોગ. પાના : ૧૦+૪૦૬=૪૧૬.
આવૃત્તિ : પ્રથમ વિ. સં. ૨૦૭૧.
પ્રાપ્તિસ્થાન : શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ- નૃપેનભાઈ શાહ, ૪, સરગમ ફ્લેટસ, વી. આર. શાહ સ્કૂલની બાજુમાં, વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૭. મો. : ૯૪૨૭૪૯૦૧૨.

મુંબઈ : સેવંતીલાલ વી. જૈન, ડી-૫૨, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર, પહેલી પાંજરાપોળ ગલી, મુંબઈ-૪. ફોન : ૨૨૪૦ ૪૭૧૭.

આ વિશ્વમાં અનાદિકાળથી બે માર્ગો પ્રવર્તે છે. એક સંસાર માર્ગ અને બીજો અધ્યાત્મ માર્ગ. સંસાર માર્ગની મુસાફીરનું ફળ અનંત દુઃખ છે. અને અધ્યાત્મ માર્ગની સફરનું ફળ અનંત સુખ છે. અનંત દુઃખની વ્યથાઓથી છૂટકારો મેળવવા માટે સંસાર માર્ગનો ત્યાગ કરીને અધ્યાત્મ માર્ગને અંગીકાર કરવો અત્યંત જરૂરી છે. તે માટે પૂજ્યપાદ મહોપાધ્યાયજીએ 'અધ્યાત્મસાર' ગ્રંથમાં ૩૩ ઉપાયો બતાવ્યા છે.

તેનું આ પુસ્તકમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. અધ્યાત્મના નિરૂપાધિક-નિર્દ્વન્દ્વ અને ચિરકાલીન સુખના અર્થી જીવોએ અહીં દર્શાવેલ ૩૩ ઉપાયોને જાણીને જીવનમાં એને સેવવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

સર્વે આરાધકો આ પુસ્તકના માધ્યમે અધ્યાત્મનું સ્વરૂપ અને તેને પામવાના ઉપાયો જાણીને તેના યથાર્થ પાલન દ્વારા આત્મશુદ્ધિ સાધે અને એમાં યત્કિંચિત નિમિત્ત બનવા બદલ આત્મશુદ્ધિ પ્રાપ્ત થાય એ જ એક શુભ અભિલાષા.

x x x

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩.
મો. : ૯૨૨૩૧૯૦૭૫૩.

# પ્રતિભાવ

'પ્રબુદ્ધ જીવન' એ પ્રબુદ્ધ લેખકો અને પ્રબુદ્ધ વાચકોનું માસિક છે. ચિંતાત્મક અને સંશોધનાત્મક લેખો પ્રગટ થાય છે તે, આ માસિકનો મોભો ગણાય છે. પ્રગટ થતા લેખોમાં ક્યારેક શાસ્ત્ર સાપેક્ષ અર્થ માટે પ્રગટ વિચારણા તે આ માસિકનો વિશેષ મોભો છે.

નવેમ્બર ૨૦૧૫ના અંકમાં પ્રબુદ્ધ લેખક ડૉ. અભય દોશી દ્વારા લખાયેલ 'અજિતશાંતિ અને બૃહત્ શાંતિના રહસ્યો' લેખમાં-'સાવત્થિ પુવ્વ'ના અર્થને ખોલવા સુંદર પ્રયત્ન કર્યો છે. જાન્યુઆરી-૨૦૧૬ના અંકમાં આચાર્ય શ્રી રત્નચંદ્રસૂરી મ. એ 'સાવત્થિ પુવ્વ પત્થિવં' અંગે આ અર્થનો ખુલાસો કરવા વિશેષ પ્રયત્ન કર્યો. સૂત્રકારના અર્થને ન સમજાય ત્યાં સુધી પોતપોતાના ક્ષયોપશમપૂર્વક સાધક યુક્તિઓ લગાવવી તે યોગ્ય છે. તે રીતે બંને ચિંતકોએ સાવત્થિ શબ્દથી અયોધ્યા અર્થ લાવવા પ્રયત્ન કર્યો છે, તે–અનુમોદનીય છે. ઘણાં સમયથી ચિંતકો આ અંગે ઉહાપો કરી રહ્યા છે.

'સાવત્થિ પુવ્વ પત્થિવ'નો સીધો અર્થ થાય છે, શ્રાવસ્તિની પૂર્વ નગરીના રાજા–(અજિતનાથ ભગવાન) આ પંક્તિમાંથી અયોધ્યા અર્થ તાળવવા ઘણાં સમયથી ગુંચવણ છે. પુવ્વ–પૂર્વ શબ્દથી કોઈ પૂર્વ દિશામાં રહેલી નગરી અયોધ્યા અથવા તો પૂર્વ કાળમાં તેને અયોધ્યા કહેવાતી એવા અર્થ પણ ઘણા એ કર્યા છે. પરંતુ તે તર્કસિદ્ધ નથી. પૂજ્યપાદ બહુશ્રુત ગીતાર્થ પંન્યાસ પ્રવર શ્રી અભયસાગરજી મ.એ આ પંક્તિનો યથાર્થ અર્થ મેળવવા અથાગ પ્રયત્નો કરેલા. વિહાર કરી જ્યાં જાય ત્યાં હ.લી. ભંડારોમાંથી અજિતશાંતિની ટીકા-ટબો વગેરેની જેટલી પણ પ્રતો હોય તે કાઢીને જોઈ લે. પૂજ્યશ્રી પંન્યાજી મ.સા.ના જણાવ્યા મુજબ લગભગ ૪૦૦ થી પણ વધુ હ.લી. પ્રતો એક શબ્દનો અર્થ મેળવવા ફંફોળી હતી પરંતુ સંતોષ થયો ન હતો. છેવટે...

'લણાવાડા'ના હ.લી. જ્ઞાનભંડારમાંથી અજિતશાંતિ વૃત્તિ-પ્રતમાંથી યથાર્થ અર્થ તેઓશ્રીને મળી આવ્યો જે આ પ્રમાણે છે, તે પ્રતમાં-આવશ્યક નિર્યુક્તિની ૩૮૨, ૩૮૩, ૩૮૪ મી ગાથા લખેલી હતી. જે ગાથાઓમાં ૨૪ તીર્થંકર પ્રભુની નગરીના નામ છે, ગાથા આ પ્રમાણે છે,

इक्खाग भूमिउज्झा सावत्थि विणिअ कोसल पुरंच।
कोसंबी वाणारसी चंदावइ तह्य काकंदी ।।३८२।। (આ.નિ.)

આ ત્રણ ગાથામાં ઈક્ષ્વાકુભૂમિ, અયોધ્યા, સાવત્થિ, વિનીતા એમ ૨૪ ભગવાનની નગરીઓના નામ ક્રમસર જણાવ્યા છે. ટીકાકાર પૂજ્યશ્રી લખે છે કે, આવશ્યક નિર્યુક્તિની આ ગાથામાં સાવત્થિની પૂર્વે જે નગરી (અયોધ્યા) છે. તે નગરીના પાર્થિવ=રાજા અજિતનાથ ભગવાન અર્થાત્ સાવત્થિ પૂવ્વ=અયોધ્યાના રાજા એમ અર્થ આ પ્રતના આધારે પૂજ્યશ્રીને મળ્યો.

આ ઉલ્લેખ મળતાં પૂજ્યશ્રીને અતિ આનંદ સાથે પોતાનો પરિશ્રમ સાર્થક લાગ્યો. સાથે સાથે સ્ત્રોતકર્તા અને ટીકાકાર પૂજ્યો પ્રત્યે અત્યંત અહોભાવ થયો. અનેક વાચનાઓમાં પૂજ્યશ્રી વારંવાર આ અર્થ સમજાવતા હતા.

'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને આ વાસ્તવિક અર્થની જાણકારી થાય તે આશયથી આ પત્ર લખેલ છે.

☐ નયચંદ્રસાગર સૂરિ

x x x

## દળદાર વિશેષાંક ખૂબ જ આકર્ષક

સૌ પ્રથમ તો સંતોષ સાથે જણાવું કે દિવંગત ડૉ. ધનવંતભાઈને સ્મરણાંજલિ અર્પતો દળદાર વિશેષાંક ખૂબજ આકર્ષક છે. મુખપૃષ્ઠ તેમજ અંતિમ કવર ઘણું મનભાવન છે. તમને ઘણાજ અભિનંદન. તમારી સંપાદન કળા ઘણી ખીલતી રહે એના માટે અનેક શુભેચ્છાઓ. ધનવંતભાઈના લેખન અને સંપાદનનું ફલક ઘણું વિસ્તૃત હતું અને એવું જ એમનું મિત્રવર્તુળ હતું. એમના સર્વ પ્રેરણાદાયક ગુણો એટલા બધા છે કે આ સ્મૃતિ અંકનું વજન હજી પણ ઠીક એવું ઓછું લાગે છે.

એમનું સૌમ્ય શાંત સ્મિત અવકાશમાં છૂપાઈ ગયું હોવા છતાં પણ એમણે સર્જેલો શબ્દ સાગર આપની કલમની સંપાદન કળાના હલેસા સાથે સદા ઘૂઘવતો રહેશે.

સૌ પ્રબુદ્ધ વાંચકોમાં આપણા લોકપ્રિય સામયિકનું સ્થાન અવિરત રહેશે એજ અભ્યર્થના સાથે,

☐ માણેક સંગોઈ

x x x

## ધનવંત શાહ સ્મૃતિ વિશેષાંકનો પ્રતિભાવ

April '16 issue of `Prabudhha Jivan' has been dedicated to late Shri Dhanvantbhai Shah and also this is the first issue of Mrs. Sejal Shah as an editor.

I had an opportunity to hear Mrs. Sejal Shah's lecture on couple of occasions. Also I saw her conducting Gyan-satra at Jain Sahitya Samaroh in a very talented way and this issue of `Prabudhha Jivan' has proved her inherent ability.

She has put in lot of thought and hard work in editing this issue. I am sure hundreds of write-ups, letters and messages must have been received. Her ability to select articles from this wide range is highly commendable. Articles from scholars, intellctuals, writers, friends and relatives of Shri Dhanvantbhai were selected meticulously. All this has resulted in an extra ordinary memorable issue. I am sure that all future issues of `Prabudhha Jivan' will come out as good and informative as this issue covering various aspects.

Shri Dhanvantbhai used to write editorials in a very balanced way conveying the message without hurting anyone and I hope Mrs. Sejal Shah will continue the same in the right spirit. Good luck.

☐ J. K. Porwal

THE SEEKER'S DIARY

## THE MIRROR WITHIN

Came across this beautiful poem that a lovely mother has written for her three children and this time the seeker in me is going to attempt reaching out to you through this.

*"Do not measure your worth by what you see there in that silly mirror.*

*That silly mirror can only reflect a portion of who you are.*

*That silly mirror will never be able to reflect the stars in your hair, the healing in your touch or the magic in your soul.*

*That silly mirror does not reflect the light I feel when I am around you .*

*That silly mirror does not showcase your intelligence or your humour.*

*That silly mirror does not reflect your gifts, your creative edge or your original thoughts.*

*It is just a mirror*

*A terrible invention if you ask me.*

*An invention that has steered millions of souls away from their real purpose here on earth.*

*It is just a human-made mirror that will never be capable of reflecting who you really are.*

*Remember who you really are, and don't be fooled by what you see in that silly mirror."*

It is lovely. This poem is like 'Back to the Basics' for me. How things and ways of perceiving should be.So here is a test:

How many of you will comment upon how fair or dark your child is?

How fat or slim?

How tall or short?

How he / she has gone totally on the mom's side of family or dad's (slightly condescendingly even if its out of fun)

How many times have you commented on his/ her hair?or a big nose, or thin lips? or thick arms? or flat chested or too busty?

Whatever your comments may be, praise or criticism, making fun or being serious -is that all you see when you look at someone... Really?Purely the physical only? A very miniscule part of all that he or she is.

Do we as often as we notice the physical , ever really care to notice the sensitivity, the curiosity, the wonder, the wander, the anger, the forgiveness, the learning, the understanding, the beyond of people around us- our children, our spouse, our parents, our friends, colleagues, employees, loved ones?

Growing up, I have come across hundreds of people who whenever they met; commented on weight and colour /or height and by chance you suddenly have glasses at a young age my god you are doomed by the judgments and disappointments of theirs. So even though things are changing and education is liberating a lot; but we all know that we also ironically more than any other age are obsessed with our vanity or the lack of it.

